દાખલ તારીખ : ૨૮–૧૧–૨૦૦૩
નોંધણી તારીખ : ૨૮–૧૧–૨૦૦૩
ફેંસલ તારીખ : ૨૮–૦૩–૨૦૧૯

---

સમય ગાળો : વર્ષ–૧૫ માસ–૦૪ દિન–૦૧

---

ગોંડલના મહેરબાન ચોથા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મું.ગોંડલ.

સેશન્સ કેસ નં.૮૮/૨૦૦૩
**આંક :–૪૫૭**

૧) શ્રી સરકાર થ્રુ એડી.પી.પી.પી.
એડીશનલ સેશન્સ કોર્ટ,
ગોંડલ. **.....ફરિયાદી.**

## વિરુધ્ધ

૧) લાલજીભાઈ ધનજીભાઈ સીધ્પરા, (એબેટ કરેલ છે)
ઉ.વ.૪૬, રહે. મું. જંગવડ, તા. જસદણ,
હાલ–સુરત.
૨) ભરત લાધાભાઈ છાયાણી પટેલ,
ઉ.વ.૩૩, રહે. મું. જસદણ.
૩) નરશીભાઈ ભાણાભાઈ મોણપરા,
ઉ.વ.૪૧, રહે. મું. વિરનગર, તા.જસદણ.
૪) રાજેસ ઉર્ફે રાજુ પરસોતમભાઈ દુધાત્રા,
ઉ.વ.૪૦, રહે. મું. કોલીથડ, તા.ગોંડલ.
૫) હરેશ મકનભાઈ ચોથાણી,
ઉ.વ.,૨૪, રહેવાસી– મું.ગોંડલ.
૬) ધર્મેન્દ્ર ઉર્ફે ધમો મનજીભાઈ વૈશ્ણવ,
ઉ.વ.૨૪, રહેવાસી– મું. ગોંડલ.
૭) કાનજી ઉર્ફે કાનો હીરજીભાઈ સોરઠીયા,
ઉ.વ.૨૫, રહેવાસી–મું.વાછરા, તા.ગોંડલ
૮) રામજી ઉર્ફે રામલો પ્રાગજીભાઈ મારકણા,
ઉ.વ.૩૩, રહે. મુ. ઈશ્વરીયા, તા.જસદણ.

૯) કાનજી ઉર્ફે કાનો પોપટભાઈ વેકરીયા,
ઉ.વ.૩૦, રહે. મું. વિરનગર, તા. જસદણ. (એબેટ કરેલ છે)
૧૦) જગદીશ રણછોડભાઈ ખુંટ,
ઉ.વ. ૨૫, રહે. મું. મોવીયા, તા. ગોંડલ.
૧૧) ભરત સવજીભાઈ વેકરીયા,
ઉ.વ.૩૧, રહે. મું. વિરનગર, તા. જસદણ.
૧૨) અજય ડાયાભાઈ રાદડીયા,
ઉ.વ.૨૬, રહે. મું. મોવીયા, તા. જસદણ.
૧૩) જગદીશ લીંબાભાઈ ખુંટ,
ઉ.વ.૨૮, રહે. મું. મોવીયા, તા. ગોંડલ.
૧૪) અમીત દિનેશભાઈ ચવાડીયા,
ઉ.વ.૨૫, રહેવાસી– મું. ગોંડલ.
૧૫) વિજય કેશવભાઈ કયાડા,
ઉ.વ.૨૨, રહે. મું. શીવરાજગઢ, તા.ગોંડલ. **.....આરોપીઓ.**

**ગુનો :–** ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૨, ૧૨૦–બી, ૧૦૯, ૩૬૫, ૩૨૪, ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ તથા બી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ.

ફરિયાદપક્ષ તરફે વિધ્વાન એ.જી.પી.શ્રી જી.કે. ડોબરીયા,
બચાવપક્ષો તરફે વિધ્વાન ધારાશાસ્ત્રીશ્રી એમ.બી. સરદાર ,
મુળફરિયાદી તરફે વિધ્વાન ધારાશાસ્ત્રીશ્રી એન.જે. ઝાલા,

## ચુ કા દો.

**(૧)** સદર કામે આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૧૨૦–બી, ૧૦૯, ૩૬૫, ૩૨૪, ૧૪૩,૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા બી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનુ તહોમત છે.

(૨) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી રાજેશ્રીબા વા./ઓ. જીતેન્દ્રસિંહ સરદારસિંહ જાડેજા, ઉ.વ.૩૦,ધંધો–ઘરકામ, રહે. અમદાવાદ, જીવરાજ પાર્ક, વેજલપુર,અલખનંદા ફ્લેટ બ્લોક નં. બી–૨૦ વાળીએ તા.૧૪–પ–૦૩ ના રોજ ગોંડલ સીટી પો.સ્ટે.ના એએસઆઈ કેમ્પએટ સરકારી દવાખાના ગોંડલ રુબરુ એવી ફરિયાદ આપેલ છે કે, તેઓ ઉપરોકત સ્થળે તેમના પતિ અને બાળકો સાથે રહે છે અને છેલ્લા પંદર દિવસથી સાંગણવા ગામેમારા નણદોઈ સાહેબ ધનશ્યામસિંહ ચુડાસમાના ઘરે લગ્ન પ્રસંગે આવેલ છું.

તા.૧૩–પ–૦૩ ના રોજ સાંજના સાતેક વાગ્યે સાંગણવા ગામેથી મારા ભાણુભાઈ વિજયસિંહ મને અહીં ગોંડલમાં આશાપુરા રોડ ઉપર રહેતા મારા ભાભી ના ભાઈ વિક્રમસિંહ પ્રવિણસિંહના ઘરે મુકી ગયેલ હતા, અને ત્યાં વાળુ પાણી કરીને મારા માસીબા એસ.આર.પી. લાઈનમાં રહેતા હોય જેથી તેને મળવા માટે એસ.આર.પી. લાઈનમાં જવાનુ હોવાથી મને વિક્રમસિંહ તેની પીળી કલરની વન વન એઈટ મોટરમાં બેસાડી અને એસ.આર.પી. લાઈનમાં મુકવા આવતા હતા ત્યારે આશરે સાડા દશ વાગે એસ.આર.પી. ના ઝાંપા પાસે પહોંચતા અમારી ગાડી પાછળ એક મારુતી ફ્રન્ટી તથા ચાર પાંચ મોટર સાયકલવાળા આવતા, વિક્રમસિંહે અમારી મોટર એકદમ સ્પીડમાં આગળ રોડ ઉપર ચલાવતા તેમ છતાં આ અમારી પાછળ આવેલ માણસોએ અમારી મોટર કાર પર થથ્થરના ઘા કરતા અમારી મોટરના કાચ તુટી જતા વિક્રમસિંહે મોટર ઉભી રાખતા આ અમારી પાછળ આવેલ માણસોએ અમારી મોટરને ઘેરી લીધેલ અને હાથમાં ખુલી તલવારો લઈ મોટરને ધોકા મારવા લાગેલ જે પૈકી એક માણસનો

તલવારનો ઘા મારા ડાબા કાન પર લાગેલ જેથી મારા કાનમાંથી લોહી નીકળવા લાગેલ, અને વિક્રમસિંહને પણ આ માણસો તલવારના ઘા મારવા લાગેલ અને બધા ગાળો બોલી બોલતા હતા કે, તારે વાડી જોઈએ હાલ તને આપીએ તેમ બોલતા હતા, અને આ આવેલ માણસોમાંથી એક માણસે મારા પેટ પાસે ખુલ્લી તલવાર રાખી મને બહાર ખેંચી લીધેલ અને ધકો મારી પછાડી દીધેલ જેની મને ચકકર આવી જતા હું ત્યાં પડી રહેલ. થોડીવારે કોઈ એક ભાઈએ મને બેઠી કરેલ અને મને કયાં જવુ છે તેમ પુછતા મે તેને કહેલ કે મારે એસ.આર.પી. લાઈનમાંજવુ છે અને મકુભા ના ઘરે જવુ છે તેમ કહેતા તે ભાઈએ મને ટેકો આપી ઉભી કરેલ, તે વખતે વિક્રમસિંહ તથા તેની ગાડી ત્યાં જોવામાં આવેલ નહી. જેથી આ આવેલ આઠેક માણસો વિક્રમસિંહને તેનીમોટર સાથે ઉપાડી ગયેલ છે, અને મને તે ભાઈ એસ.આર.પી. માં મુકી ગયેલ અને ત્યાંથી મને કોઈ એસ.આર.પી.વાળા મારામાસીબા ના ઘરે મુકી ગયેલ. ત્યા મારા માસીબા છોટાબા ને વાત કરતા તેઓ મને એક મોટરમાં અહીં સરકારી દવાખાને સારવારમાં લઈ આવેલ છે. હાલ હું સંપુર્ણ ભાનમાં છું મને તલવારનો ઘા ડાબા કાન તથા નેણના ભાગે વાગેલ છે.

આ બનાવનુ કારણ વાડીની જમીન બાબતેનો કોઈ કજીયો ચાલતો હશે તેના કારણે વિક્રમસિંહને તથા આવેલ આઠેય માણસો સાથે વાંધો ચાલતો હશે તેના કારણે બનેલ હશે તેવુ મારુ માનવુ છે કારણ કે અમારી ઉપર હુમલો કરેલ ત્યારે આવેલ માણસો ગાળો બોલી તારે વાડી જોઈએ તેમ બોલતા હતા. તેઓ મારુતી ફ્રન્ટી તથા મોટર સાયકલ લઈને આવેલ આઠેક માણસોએ મને તલવારથી ઈજા કરી, વિક્રમસિંહને

તેની મોટર સાથે ઉપાડી ગયેલ હોય તેની સામે ધોરણસર થવા મારી ફરિયાદ છે.

સદર ફરિયાદ, ગોંડલ સીટી પો.સ્ટે.ના પીએસઓ ને ગુનો દાખલ કરવા આપતા તેમણે તે ફરિયાદ ફર્સ્ટ ગુના રજી. નં. ૮૭/૦૩ થી ઈ.પી.કો–કલમ ૩૦૨, ૧૨૦–બી,૧૦૯ ૩૨૪, ૩૬૫, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા બી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ રજીસ્ટરે લઈ આગળની તપાસ, તપાસ કરનાર અધિકારીને સોંપતા, તેમણે સદર તપાસ સંભાળી લઈ બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. બાદમાં ભોગ બનનાર વિક્રમસિંહની હત્યા થયેલ લાશ મળી આવતા તે ઈન્કવેસ્ટ પંચનામુ કરી, લાશ ઉપરના કપડા કબજે કરી પી.એમ. માટે મોકલાવેલ. બાદમાં આરોપીઓ વિરુધ્ધ પુરાવો હોય તેની અટક કરેલ, બાદમાં ડીસ્કવરી અને રીકવરી પંચનામાઓ કરી મુદામાલ હથિયાર તથા વાહનો કબજો કરેલ અને આરોપીઓની એકઝી. મેજીસ્ટ્રેટ સમક્ષ ઓળખ પરેડ ની કાર્યવાહી કરાવેલ, અને બાદમાં મણરજનારની પી.એમ.નોટ તથા ઈજા પામનાર સાહેદનુ મેડીકલ સર્ટીફીકેટ મેળવેલ, અને મેળવી તપાસના કામે સામેલ રાખેલ, અને કબજે કરેલ મુદામાલ એફ.એસ.એલ. કચેરીમાં તપાસણી અર્થે મોકલેલ, ત્યારબાદ એફ.એસ.એલ. નો રીપોર્ટ આવતા તે તપાસના કામે સામેલ રાખેલ,અને સમગ્ર તપાસના અંતે આરોપી ઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોઈ ગોંડલના વિધ્વાન એડી. ચીફ જયુડી. મેજી.શ્રીની અદાલતમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૧૨૦–બી, ૧૦૯, ૩૨૪, ૩૬૫, ૧ ૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા બી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુના સંબંધેનું ચાર્જશીટ દાખલ કરેલ જે ફોજદારી કેસ નં.૧૪૬૭/૦૩ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૩) સદર કેસના આરોપીઓ મુદત તારીખે કોર્ટમાં હાજર થતા ગોંડલ ના વિધ્વાન ચીફ એડી. જયુડી.મેજી.શ્રીએ આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે પુરા પાડેલ. ત્યારબાદ આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૩૦૨ વિગેરે મુજબના ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા તેમની કોર્ટને ન હોવાને કારણે સદર ફોજદારી કેસ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૯ અન્વયે ગોંડલની એડીશનલ સેશન્સ કોર્ટમાં કમીટ કરવામાં આવેલો.

(૪) સદર સેશન્સ કેસમાં આ કામના આરોપીઓ કોર્ટ સમક્ષ મુદત તારીખે હાજર થતા, તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ તળે પોલીસ પેપર્સની નકલો મળેલ છે કે કેમ?તે અંગેની ખાતરી કરવામાં આવેલ.ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૨૮ અન્વયે આરોપીઓ વિરુધ્ધ તહોમતનામુ ફરમાવવામાં આવે તે પહેલા આરોપી નં. ૯ ચાલતા કામે ગુજરી જતા તેમની સામેનો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ. બાદમાં આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૧૨૦–બી,૩૨૪,૩૬૫,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯તથા બી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાનેપાત્ર ગુના અંગેનુ તહોમતનામું આંક–૨૪થી મારા પુરોગામી પ્રિસાઈ–ડીંગ ઓફિસરશ્રીનાઓએ ફરમાવી,સદર તહોમતનામું આરોપીઓને વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીઓએ આંક–૨૫થી આંક–૩૭ સુધીના નિવેદનથી ઉપરોકત ગુના નો ઈન્કાર કરતા સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. તથા આરોપી નં. ૧ જજમેન્ટ જાહેર કરવામાં આવે તે પહેલા ગુજરી ગયેલાનુ જાહેર કરવામાં આવતા તેમની સામેનો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ.

**(૫)** સદરહું કામે ફરિયાદપક્ષે તેમના કેસની સાબીતીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલ છે.

## મૌખિક પુરાવો

| | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧) | પંચ વિજય રવજીભાઈ સરવૈયા ની જુબાની | આંક–૯૨ |
| ૨) | ફરિયાદી રાજેશ્રીબા જીતેન્દ્રસિંહ ઝાલાની જુબાની | આંક–૧૦૮ |
| ૩) | સાહેદ અર્જુનસિંહ ચંદ્રજીતસિંહ રાણા ની જુબાની | આંક–૧૧૦ |
| ૪) | સાહેદ ડો. સંજયકુમાર રઘુનંદન પ્રસાદ ની જુબાની | આંક–૧૧૪ |
| ૫) | સાહેદ દિલીપસિંહ પ્રવિણસિંહ રાણા ની જુબાની | આંક–૧૧૯ |
| ૬) | સાહેદ છોટાબા મખુભા જાડેજાની જુબાની | આંક–૧૨૧ |
| ૭) | સાહેદ શશીકલાધરન ગોપાલદાસ વૈશ્નવની જુબાની | આંક–૧૨૨ |
| ૮) | સાહેદ ડો.સંજયકુમાર રઘુનંદન પ્રસાદ ની જુબાની | આંક–૧૨૩ |
| ૯) | પંચ રાજુભાઈ મનસુખભાઈ સુરાણીની જુબાની | આંક–૧૩૭ |
| ૧૦) | સાહેદ પ્રકાશ મોહનલાલ ડોબરીયા ની જુબાની | આંક–૧૪૩ |
| ૧૧) | પંચ બાબુભાઈ બધાભાઈ બાબરીયા ની જુબાની | આંક–૧૪૮ |
| ૧૨) | પંચ કરશનભાઈ મીઠાભાઈ મકવાણા ની જુબાની | આંક–૧૪૯ |
| ૧૩) | પંચ ગોરધનભાઈ દેવજીભાઈ પરડવા ની જુબાની | આંક–૧૫૦ |
| ૧૪) | પંચ અશોક જેરામભાઈ યાદવ ની જુબાની | આંક–૧૬૧ |
| ૧૫) | પંચ નવીન પ્રભુદાસભાઈ શેઠ ની જુબાની | આંક–૧૬૪ |
| ૧૬) | પંચ નિલેશ નરેન્દ્રભાઈ મેસવાણીયા ની જુબાની | આંક–૧૬૮ |
| ૧૭) | પંચ ભુપતભાઈ જેઠાભાઈ ભરવાડ ની જુબાની | આંક–૧૭૧ |
| ૧૮) | સાહેદ ડો. મનીષ બાબુલાલ ચુનારા ની જુબાની | આંક–૧૭૫ |
| ૧૯) | પંચ કિશોરભાઈ છગજભાઈ વાઘેલાની જુબાની | આંક–૧૭૭ |
| ૨૦) | પંચ બટુકભાઈ નાનાલાલ દેવમુરારી ની જુબાની | આંક–૧૭૯ |
| ૨૧) | પંચ જગદીશ હરીશંકર શુકલ ની જુબાની | આંક–૧૮૦ |
| ૨૨) | સાહેદ નટવરગીરી ઉદયગીરી ની જુબાની | આંક–૧૮૫ |
| ૨૩) | સાહેદ ભારતીબેન મનોજભાઈ ની જુબાની | આંક–૧૮૭ |
| ૨૪) | સાહેદ ડો. મનોજ ગોરધનભાઈ દુધાત્રા ની જુબાની | આંક–૧૮૮ |
| ૨૫) | સાહેદ ડો.કેશવલાલ બાબુભાઈ રાદડીયા ની જુબાની | આંક–૧૯૫ |
| ૨૬) | પંચ દેવજીભાઈ ખેંગારભાઈ કોળી ની જુબાની | આંક–૧૯૯ |
| ૨૭) | પંચ દિનેશ બચુભાઈ પરમાર ની જુબાની | આંક–૨૦૧ |
| ૨૮) | પંચ મહેશભાઈ કેશુભાઈનીજુબાની | આંક–૨૦૩ |
| ૨૯) | પંચ રફીકશા ભીખુશા ની જુબાની | આંક–૨૧૧ |
| ૩૦) | સાહેદ રાજેન્દ્રસિંહ રામવરણ તોમર ની જુબાની | આંક–૨૧૨ |
| ૩૧) | સાહેદ નારણભાઈ ગોરાભાઈ પરમાર ની જુબાની | આંક–૨૨૨ |

૩૨) પંચ દેવેન્દ્રસિંહ તેજુભા રાણા ની જુબાની આંક–૨૨૪
૩૩) સાહેદ લાલજીભાઈજાદવભાઈ સાવલીયા ની જુબાની આંક–૨૨૮
૩૪) સાહેદ રામદેવસિંહ ધનશ્યામસિંહ ની જુબાની આંક–૨૨૯
૩૫) સાહેદ રણજીતસિંહ ઈન્દ્રજીતસિંહ ઝાલાની જુબાની આંક–૨૩૦
૩૬) સાહેદ રણજીતસિંહ ભગવતસિંહ જાડેજાની જુબાની આંક–૨૩૧
૩૭) સાહેદ ભીખાલાલ નાથાલાલ રોકડ ની જુબાની આંક–૨૩૨
૩૮) સાહેદ કમલેશ શંભુભાઈ રાઠોઠ ની જુબાની આંક–૨૩૩
૩૯) સાહેદ લલીત વિઠલભાઈ કાછડીયા ની જુબાની આંક–૨૩૪
૪૦) સાહેદ મનુભાઈ ભગવાનજી ચોટલીયા ની જુબાની આંક–૨૩૫
૪૧) સાહેદ પ્રાગજીભાઈ રાધવભાઈ ની જુબાની આંક–૨૩૬
૪૨) સાહેદ શૈલેષભાઈ રવજીભાઈ ની જુબાની આંક–૨૩૭
૪૩) સાહેદ લલીત માવજીભાઈ પાનસુરીયા ની જુબાની આંક–૨૩૮
૪૪) સાહેદ રામજીભાઈ નરશીભાઈ નભોયા ની જુબાની આંક–૨૪૦
૪૫) સાહેદ અતુલ શંભુભાઈરાઠોડ ની જુબાની આંક–૨૪૧
૪૬) સાહેદ રસીક રવજીભાઈ સોલંકી ની જુબાની આંક–૨૪૨
૪૭) સાહેદ જયસિંહ પથુજી પરમાર ની જુબાની આંક–૨૪૮
૪૮) સાહેદ પ્રકાશ ભુપતભાઈ માલવીયા ની જુબાની આંક–૨૫૦
૪૯) સાહેદ નવલસિંહ ભીખુભા જાડેજા ની જુબાની આંક–૨૬૬
૫૦) સાહેદ બચુભાઈ જીવાજી નિનામા ની જુબાની આંક–૨૮૫
૫૧) પંચ રાજેન્દ્રસિંહ પ્રતાપસિંહ ની જુબાની આંક–૨૯૩
૫૨) સાહેદ વિજય કરશનદાસ ગઢવી ની જુબાની આંક–૨૯૫
૫૩) સાહેદ ભુપતસિંહ માનસિંહ સોલંકી ની જુબાની આંક–૨૯૬
૫૪) સાહેદ અશોકકુમાર શાંતીલાલ મહેતા ની જુબાની આંક–૩૦૩
૫૫) પંચ રફીક ઓસમાણ ખલીફા ની જુબાની આંક–૩૦૪
૫૬) પંચ જયંતીભાલ નુરજીભાઈ વસાવાની જુબાની આંક–૩૦૬

## દસ્તાવેજી પુરાવો

| વિગત | | આંક |
|---|---|---|
| ૧) | મરણજનારના કપડા કબજે કર્યા અંગેનુ પંચનામું | આંક–૯૩ |
| ૨) | ફરિયાદ | આંક–૧૦૯ |
| ૩) | ઈજા પામનાર રાજેશ્રીબેનનુ મેડીકલ સર્ટીફીકેટ | આંક–૧૧૫ |
| ૪) | મરણજનારનુ બ્લડ એફ.એસ.એલ. મોકલ્યાનો પત્ર | આંક–૧૨૭ |
| ૫) | મરણજનારનો પી.એમ. રીપોર્ટ | આંક–૧૨૮ |
| ૬) | કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ | આંક–૧૨૯ |
| ૭) | લાશનુ પી.એમ. કરવા માટેનો પત્ર | આંક–૧૩૦ |
| ૮) | મુદામાલની સ્લીપો | આંક–૧૩૮ થી આંક–૧૪૦ |

| | | |
|---|---|---|
| ૯) | આરોપીઓના અટક પંચનામા | આંક–૧૪૧ |
| ૧૦) | મુદામાલ કબજે કર્યાનુ પંચનામું | આંક–૧૪૨ |
| ૧૧) | તાલુકા એકઝી.મેજી.શ્રીનો પત્ર | આંક–૧૪૪ |
| ૧૨) | આરોપીઓનુ ઓળખ પરેડ અંગેનુ પંચનામું | આંક–૧૪૫ |
| ૧૩) | ઓળખ પરેડ માટે આરોપીઓને હાજર રખાવવાનો પત્ર | આંક–૧૪૬ |
| ૧૪) | ઈન્કવેસ્ટ પંચનામું | આંક–૧૫૧ |
| ૧૫) | બનાવવાળી જગ્યાનુ પંચનામું | આંક–૧૫૨ |
| ૧૬) | મુદામાલની સ્લીપો | આંક–૧૫૩ થી આંક–૧૬૦ |
| ૧૭) | પ્રથમ બનાવ બન્યાનુ પંચનામું | આંક–૧૬૨ |
| ૧૮) | ફરિયાદીના કપડા કબજે કર્યાનુ પંચનામું | આંક–૧૬૫ |
| ૧૯) | **UTLITY** જીપ કબજે કર્યાનુ પંચનામું | આંક–૧૬૬ |
| ૨૦) | મુદામાલ પાવતી | આંક–૧૬૭ |
| ૨૧) | આરોપીઓના અટક પંચનામા | આંક–૧૬૯ |
| ૨૨) | ઝડતી પંચનામું | આંક–૧૭૨ |
| ૨૩) | આરોપી નુ અટક પંચનામું | આંક–૧૭૩ |
| ૨૪) | ઈજા પામનાર રાજેશ્રીબેનનુ મેડીકલ સર્ટીફીકેટ | આંક–૧૭૬ |
| ૨૫) | આરોપીઓના અટક પંચનામા | આંક–૧૭૮ |
| ૨૬) | મહીન્દ્રા જીપ કબજે કર્યાનુ પંચનામું | આંક–૧૮૧ |
| ૨૭) | બનાવવાળી જગ્યાના પાડેલ ફોટા–૧૦ | આંક–૧૮૬ |
| ૨૮) | સરકારી હોસ્પીટલની રીફર નોટ | આંક–૧૯૬ |
| ૨૯) | સારવાર અંગેનુ આપેલ સર્ટીફીકેટ | આંક–૧૯૭ |
| ૩૦) | સારવારના મેડીકલ પેપર્સ | આંક–૧૯૮ |
| ૩૧) | ઝડતી પંચનામું | આંક–૨૦૦ |
| ૩૨) | આરોપીનુ અટક તથા શરીર સ્થિતિનુ પંચનામું | આંક–૨૦૨ |
| ૩૩) | ગામ નમુના નં. ૭/૧૨ અને ૮–અ ની નકલો | આંક–૨૨૩ |
| ૩૪) | આરોપીના કપડા કબજે કર્યાનુ પંચનામું | આંક–૨૨૫ |
| ૩૫) | હોટલ દર્શન અમરેલીના રજીસ્ટરનો ઉતારો | આંક–૨૪૩ |
| ૩૬) | જીલ્લા મેજી.શ્રીનુ હથિયારબંધીનુ જાહેરનામું | આંક–૨૪૪ |
| ૩૭) | તપાસનો હુકમ | આંક–૨૪૯ |
| ૩૮) | ઝડતી પંચનામું | આંક–૨૬૭ |
| ૩૯) | રે.દિ.કે.નં. ૯૧/૦૧ ની તથા આંક–૫ ની નકલ | આંક–૨૬૮ |
| ૪૦) | રે.દિ.કે.નં. ૯૧/૦૧ ના કામે નોટીસ, પંચનામુ તથા કોર્ટ કમિશ્નરે તૈયાર કરેલ નકશો | આંક–૨૬૯ |
| ૪૧) | મામલતદાર કચેરીનો પત્ર તથા હુકમ | આંક–૨૭૦ |
| ૪૨) | મુદામાલ રવાનગી નોંધ અને સત્તાનુ પ્રમાણપત્ર | આંક–૨૭૧ |
| ૪૩) | એફ.એસ.એલ. પહોંચ | આંક–૨૭૨ |

| | | |
|---|---|---|
| ૪૪) | એફ.એસ.એલ. રીપોર્ટ | આંક–૨૭૩ |
| ૪૫) | બાયોલોજીકલ રીપોર્ટ | આંક–૨૭૪ |
| ૪૬) | શબ પરિક્ષણ રીપોર્ટ | આંક–૨૭૫ |
| ૪૭) | લાશ સોપ્યાની પહોંચ | આંક–૨૭૬ |
| ૪૮) | પી.એમ. કરવા માટેનો પત્ર | આંક–૨૭૭ |
| ૪૯) | ફરિયાદીનુ બ્લડ ગ્રુપ લેવાનો લખેલ પત્ર | આંક–૨૭૮ |
| ૫૦) | ગુનાના સ્થળની ચાન્સપ્રીન્ટની ચકાસણી કરવાનો પત્ર | આંક–૨૭૯ |
| ૫૧) | સ્ટેશન ડાયરી નં. ૨/૦૩ નો ઉતારો | આંક–૨૮૦ |
| ૫૨) | સ્ટેશન ડાયરી નં. ૩/૦૩ નો ઉતારો | આંક–૨૮૧ |
| ૫૩) | સ્ટેશન ડાયરી નં. ૪/૦૩ નો ઉતારો | આંક–૨૮૪ |
| ૫૪) | નીલ પંચનામું | આંક–૨૮૬ |
| ૫૫) | આરોપીનુ અટક તથા શરીર સ્થિતિનુ પંચનામું | આંક–૨૯૪ |
| ૫૬) | આરોપીઓની કોર્ટમાં સરન્ડર થતા હોવાની યાદી | આંક–૨૯૭ |
| ૫૭) | આરોપીઓની સરન્ડર અરજી | આંક–૨૯૮ |
| ૫૮) | આરોપીઓ, કેસ કાગળો, પંચનામુ વિગેરે સંભાળી લેવાનો પત્ર | આંક–૨૯૯ |
| ૫૯) | આરોપીઓનો કબજો મળ્યાનો પત્ર | આંક–૩૦૦ |
| ૬૦) | સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી કરવાનો પત્ર | આંક–૩૦૧ |
| ૬૧) | આરોપીઓની અટક કર્યાની જાણ કરતો પત્ર | આંક–૩૦૨ |
| ૬૨) | મુદામાલ પાવતીઓ | આંક–૩૦૭ થી આંક–૩૦૯ |

(૬) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે આંક–૩૧૦ થી પુરશીશ આપી વિશેષ પુરાવો આપવો નથી તેવુ જાહેર કરેલ છે.

(૭) ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓના વિશેષ નિવેદન લીધેલ છે. જેમાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે અને તેમણે વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, પોલીસે તેઓને આ કામમાં ખોટી રીતે સંડોવી દીધેલ છે, નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે અને તેઓ સોગંદપર જુબાની આપવા માંગતા નથી કે બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેવુ જણાવેલ છે.

(૮) ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ સંદર્ભે પ્રોસીકયુશન/ સરકારશ્રી તરફે વિધ્વાન એ.જી.પી.શ્રી જી.કે. ડોબરીયાએ પોતાની લંબાણપુર્વકની દલીલ કરેલ છે જેનો ટુંકમાં હાર્દ એવો છે કે, આરોપીઓ વિરુધ્ધ ફરમાવવામાં આવેલ તહોમત ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ હોઈ, આરોપીઓને મહતમ સજા અને દંડ કરવો જોઈએ. તે ઉપરાંત ફરિયાદપક્ષે રોકવામાં આવેલ વિથ પ્રોસીકયુશન એડવોકેટશ્રી એન.જે. ઝાલાએ વિધ્વાન સરકારી વકીલશ્રી મારફતે આંક–૪૧૬ થી લેખીત દલીલ રજુ કરેલ છે. તેમજ લેખીત દલીલોમાં જુદા જુદા ચુકાદાઓનો ઉલ્લેખ કરી તેમા ઠરાવેલ સિધ્ધાંતનો આધાર રાખેલ છે. જેની વિશેષ ચર્ચા આગળ ઉપર કરવામાં આવેલ છે.

(૯) ત્યારબાદ બચાવપક્ષે વિ.ધા.શ્રી એમ.બી. સરદારે ફરિયાદીની જુબાની દરમ્યાનની વિસંગતતા અંગે તેઓએ મૌખિક દલીલ કરેલ છે, અને તે ઉપરાંત આંક–૪૩૧ થી લેખીત દલીલ રજુ કરેલ છે. તથા દલીલના સમર્થનમાં ઘણા બધા ચુકાદાઓનો ઉલ્લેખ કરી તેમાં ઠરાવેલ સિધ્ધાંતોનો આધાર લીધેલ છે. જેની સવિસ્તાર ચર્ચા આગળ ઉપર કરવામાં આવેલ છે. જે દલીલોનો હાર્દ જોવામાં આવે તો એવી રજુઆત છે કે, ફરિયાદપક્ષે તેઓનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ના હોઈ તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

(૧૦) સદર કામે રેકર્ડ ઉપરની હકીકતો, રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ તેમજ બંને પક્ષોની રજુઆતો ધ્યાને લેતા સદર કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે, ફરિયાદમાં જણાવેલ વિક્રમસિંહ રાણા નુ અકુદરતી રીતે મૃત્યુ નિપજાવવામાં આવેલુ ?

(૨) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે,આ કામના આરોપીઓએ અન્ય આરોપીઓ વિનોદભાઈ ગોબરભાઈ શીંગાળા તથા મરણજનાર આરોપી લાલજી ધનજીભાઈ સીધ્પરા તથા કાનજી ઉર્ફે કાનો પોપટભાઈ સાથે મળી મરણજનાર વિક્રમસિંહ રાણાનું ખુન કરવાના આશયથી અપહરણ કરી એકબીજા સાથે ગુનાહિત કાવત્રુ ઘડેલુ?

(૩) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે,આરોપી નં. ૫,૬,૮,૧૦ નાએ મરણજનાર આરોપી નં. ૯ સાથે મળી ગેરકાયદેસર મંડળી રચી મરણ જનાર વિક્રમસિંહ રાણાનુ તલવાર, ધારીયુ, ધોકા જેવા જીવલેણ હથિયારોથી હુમલો કરી મૃત્યુ નિપજાવેલુ ?

(૪) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે, આરોપી નં.૫,૬,૮,૧૦ નાએ મરણજનાર આરોપી નં. ૯ સાથે મળી ગેરકાયદેસર મંડળી રચી ફરિયાદી રાજેશ્રીબા ને ઈજા પહોંચેલી ?

(૫) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે, આરોપી નં.૫,૮ તથા૧૦ નાઓએ હથિયારબંધીના જાહેરનામનો ભંગ કરેલ છે?

(૬) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે,આ કામના આરોપી નં. ૫,૬,૮ તથા ૧૦ નાઓએ મરણજનાર આરોપી નં. ૯ સાથે મળી ગેરકાયદેસર મંડળી બનાવી, પ્રાણઘાતક હથિયારથી સજજ થઈ હુલ્લડ કરવાનો ગુનો ગુનો કરેલ છે ?

(૭) શું કહુકમ?

**(૧૧)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

(૧) હકારમાં.
(૨) અંશતઃ હકારમાં.
(૩) અંશતઃ હકારમાં.
(૪) નકારમાં.
(૫) અંશતઃ હકારમાં.
(૬) અંશતઃ હકારમાં.
(૭) આખરી હુકમ મુજબ.

# કા ર ણો

**મુદા નં. ૧ થી ૬ સાથે :**

**(૧૨)** ઉપરોકત મુદાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય,પુરાવા અને હકીકતોનું પુનરાવર્તન ટાળવાના હેતુથી તમામ મુદાઓની ચર્ચા એક સાથે કરવાનું ઉચિત જણાય છે.

**(૧૩)** ઉપરોકત બનાવ સંદર્ભે તપાસ કરનાર અમલદારે તપાસના અંતે કુલ ૧૫ આરોપી વિરુધ્ધ ઈપીકો કલમ–૩૦૨,૧૨૦–બી, ૧૦૯, ૩૬૫, ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૭, ૧૪૯ તથા બી.પી.એકટની કલમ–૧૩૫ ના ગુના સબબ ચાર્જસીટ ફાઈલ કરેલ. તથા અન્ય એક આરોપી વિનોદ ગોબરભાઈ શીંગળા ને ચાર્જસીટમાં કોલમ નં. ૨ માં આરોપી તરીકે દર્શાવેલ છે.

(૧૩.૧) પંદર આરોપીઓ પૈકી આરોપી નં. ૯ કાનજી ઉર્ફે કાનો પોપટભાઈ વેકરીયા તહોમતનામું ફરમાવવામાં આવે તે પહેલા ગુજરી જતા તે આરોપી સામેનો કેસ એબેટ કરવામાં આવેલ, અને બાકીના ૧૪ આરોપીઓ વિરુધ્ધ આંક–૨૪ થી વિગતવાર કુલ–૮ પેરામાં તહોમતનામું ફરમાવવામાં આવેલ. જે તહોમતનામામાં ફરમાવેલ તહોમતોનો આરોપીઓએ તેઓના અનુક્રમે આંક–૨૫ થીઆંક–૩૮ હેઠળના નિવેદનમાં ઈન્કાર કરેલ છે. જયારે આરોપી નં. ૧ લાલજી ધનજીભાઈ સીધ્પરા જજમેન્ટ જાહેર કરવામાં આવે તે પહેલા ગુજરી ગયેલ હોવાનુ જાહેર કરવામાં આવતા તે આરોપી સામેનો કેસ પણ એબેટ કરવામાં આવેલ.

(૧૩.૨) ફરિયાદપક્ષના કેસની રજુઆત મુજબ તથા ફરમાવવામાં આવેલ તહોમત નામા મુજબ તમામ આરોપીઓ વિરુધ્ધ મરણજનાર વિક્રમસિંહ રાણા નુ ખુન કરવાના ઈરાદે વિક્રમસિંહ રાણા ને ઉપાડી જવાનુ ગુનાહિત કાવત્રુ રચવાનો

અને તેમા સાથે મળીને ભાગ ભજવેલાનો આક્ષેપ કરવામાં આવેલ છે. જેથી ફરિયાદપક્ષે તે હકીકત નિઃશંકપણે પુરવાર કરવી પડે કે તમામ આરોપીઓએ વિક્રમસિંહ રાણા ને ગુનાહિત કાવત્રુ રચી ઉપાડી ગયેલ અને ઉપાડી જવાનો હેતુ વિક્રમસિંહ રાણા નુ મૃત્યુ નિપજાવવાનો હતો.

(૧૩.૩) તમામ આરોપીઓ વિરુધ્ધ તહોમતનામાના પેરા–૨ મુજબ મરણજનાર વિક્રમસિંહ રાણા ને મારી નાંખવાના હેતુથી ઉપાડી જવાના કાવતત્રામાં અન્ય આરોપી વિનોદ ગોબરભાઈ સાથે મળી કાવત્રુ ઘડયાનો આક્ષેપ છે. આરોપીનં. ૧, ૨, ૩, ૪, ૭, ૧૧, ૧૨, ૧૩, ૧૪ તથા ૧૫ વિરુધ્ધ એવો પણ આક્ષેપ છે કે, ગુનાહિત કાવત્રાના ભાગ રુપે તેઓ વાહનોમાં ગોંડલ બહાર જતા રહેલા અને સાંજના સમયે અરોપી નં. ૬ ધમેન્દ્ર ઉર્ફે ધનો મનજી વેશણવ, આરોપી નં. ૧૦ જગદીશ રણછોડ ખુંટ નાઓ નંબર વગરની હિરો હોન્ડા સાથે મરણજનારના મકાન સામે ઉભા હતા તેવો આક્ષેપ કરવામાં આવેલ છે.

(૧૩.૪) આરોપી નં. ૫ હરેશ મકનભાઈ ચોથાણી,આરોપી નં.૮ રામજી ઉર્ફે રામલો પ્રાગજી મારકણા તથા મરણજનાર આરોપી નં. ૯ કાનજી ઉર્ફે કાનો પોપટ વેકરીયા, અરોપી નં.૯ ની યુટીલીટી ગાડી નં. જીજે–૦૩વાય–૬૬૭૩ માં તલવાર, ધારીયુ, ધોકા સાથે કોલેજ ચોક ગોંડલ ખાતે મરણજનાર વિક્રમસિંહની વોચમાં ઉભા હતા તેવો આક્ષેપ કરવામાં આવેલ છે. અને તે વખતે જોગાનુજોગ રાત્રીના કલાક ૨૨.૦૦ વાગે મરણજનાર વિક્રમસિંહ રાણા તેમની કાર નં. જીબીજી–૪૧૪૧ માં ફરિયાદી રાજેશ્રીબા ને એસ.આર.પી. ગ્રુપ–૮ ની લાઈનમાં ગોંડલ ખાતે મુકવા નીકળતા તેમનો પીછો કરેલો

તેવો આક્ષેપ મુકવામાં આવેલ, અને તે દરમ્યાન સરકારી દવાખાના ચોકમાં પહોંચતા આરોપી નં. ૧૦ જગદીશ ખુંટને યુટીલીટી ગાડીમાં બેસાડી મરણજનારની કારનો પીછો કરેલો તેવો આક્ષેપ છે, અને મરણજનારની કાર ને એસ.આર.પી. ગ્રુપ–૮ના ઝાપામાં વાળવા નહી દઈ કોટડાસાંગાણી રોડ ઉપર સુરેશ્વર ચોકડીથી મેલડી માતાના મંદિર તરફ કાચા રસ્તે મરણજનારની ગાડી લઈ ગયેલ તેવો આક્ષેપ મુકવામાં આવેલ છે. વધુમાં એસ.આર.પી. ગ્રુપ–૮ ના ઝાપા પાસે મરણજનાર વિક્રમસિંહ રાણા નુ ખુન કરવાના હેતુથી આરોપીઓ નં. ૫, ૬, ૮, ૧૦ નાઓ અને મરણજનાર આરોપી નં. ૯ સાથે મળી ગેરકાયદેસર મંડળી રચેલી તેવો આક્ષેપ મુકવામાં આવેલ છે. વધુમાં આરોપી નં. ૫ અને ૧૦ નાએ તલવાર તથા આરોપી નં. ૮ નાએ ધોકો ધારણ કરી તેના વડે વિક્રમસિંહને માર મારી ખુન કરેલુ તેવો આક્ષેપ છે, અને સામાન્ય ઈરાદો પાર પાડવા માટે ગેરકાયદેસર મંડળીના સભ્યો બનેલાનો આક્ષેપ છે. જો કે આરોપી નં. ૯ બનાવ બાદ તથા આરોપી નં. ૧ જજમેન્ટ જાહેર કરવામાં આવે તે પહેલા મરણ ગયેલ છે.

(૧૩.૫) આરોપી નં. ૫ અને ૧૦ નાએ તલવાર ધારણ કરી તથા નં. ૮ નાએ ધોકો ધારણ કરી સામાન્ય હેતુ પાર પાડવાના હેતુથી હુમલો કરેલાનો આક્ષેપ છે.

(૧૩.૬) વધુમાં આરોપી નં. ૫ નાએ તથા આરોપી નં. ૧૦ નાએ તલાવરથી તથા આરોપી નં.૮ નાએ ધોકાથી મરણજનાર વિક્રમસિંહને માર મારી વિક્રમસિંહનુ ખુન કરેલુ તેવો આક્ષેપ છે. આમ બનાવ સ્થળે અને બનાવ સમયે આરોપી નં. ૫, ૬,૮ અને ૧૦ નાઓ હાજર હતા અને તે પૈકી આરોપી નં. ૫ તથા ૧૦ નાએ તલવારથી તથા આરોપી નં. ૮ નાએ ધોકાથી માર મારી વિક્રમસિંહ રાણા નુ મૃત્યુ નિપજાવેલુ તેવી

ફરિયાદપક્ષની રજુઆત છે. જો કે આરોપી નં. ૬ નાએ કોઈ હથિયાર ધારણ કરેલ હોય કે કોઈ હથિયારથી હુમલો કરી મરણજનાર વિક્રમસિંહને કે ફરિયાદી રાજેશ્રીબા ને ઈજા પહોંચાડેલ તેવો આક્ષેપ કે રજુઆત આરોપી નં. ૬ વિરુધ્ધ નથી. પરંતુ આરોપી નં. ૬ બનાવ સમયે અને સ્થળે આરોપી નં. ૫,૮,૯ અને ૧૦ સાથેની ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે હાજર હતો તેવો જ આક્ષેપ છે.

(૧૩.૭) મરણજનાર આરોપી નં. ૯ નાએ પથ્થરનો ઘા કરી મરણજનારની કારનો કાચ ફોડી કારને નુકશાન કરી અંદર બેઠેલ ફરિયાદી રાજેશ્રીબા ને ઈજા પહોંચાડેલ તેવો પણ આક્ષેપ આરોપી નં.૯ વિરુધ્ધ છે. જો કે આરોપી નં.૯ ટ્રાયલ શરુ થયા પહેલા જ ગુજરી ગયેલ છે.

(૧૩.૮) આરોપી નં. ૫, ૮ તથા ૧૦ નાઓ તલવાર તથા ધોકા જેવા હથિયાર ધારણ કરી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલો તેવી પણ ફરિયાદપક્ષની રજુઆત છે. જેથી બનાવ વખતે ઉપરોકત આરોપીઓએ હથિયારો ધારણ કરેલા અને તે વખતે કલેકટરશ્રી નુ હથિયારબંધી નુ જાહેરનામું અમલમાં હતુ તેવુ પણ ફરિયાદપક્ષે પુરવાર કરવુ પડે.

**(૧૪)** ચાર્જસીટ અને તહોમતનામા મુજબ આરોપી નં. ૫ હરેશ મકનભાઈ ચોથાણી, આરોપી નં.૬ ધર્મેન્દ્ર ઉર્ફે ધનો મનજીભાઈ વૈશણવ, આરોપી નં. ૮ રામજી ઉર્ફે રામલો પ્રાગજીભાઈ મારકણા તથા આરોપી નં. ૧૦ જગદીશ રણછોડ ખુંટ વિરુધ્ધ સૌથી ગંભીર પ્રકારના ગુનાઓ એટલે કે ઈપીકો કલમ–૩૦૨ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે.

(૧૪.૧) ઈ.પી.કો. કલમ–૩૦૨ ની જોગવાઈ જોતા, તેમાં ખુનની સજા અંગેની જોગવાઈ છે, પરંતુ ખુનની વ્યાખ્યા તેમા આપવામાં આવેલ નથી. આરોપીઓ વિરુધ્ધ જયારે મુખ્યત્વે ખુન નો આરોપ મુકવામાં આવેલ છે ત્યારે ખુનની તથા ગુનાહિત મનુષ્ય વધની વ્યાખ્યાની ચર્ચા કરવી જરૂરી જણાય છે.

(૧૪.૨) ઈ.પી.કો. કલમ–૨૯૯ માં ગુનાહિત મનુષ્ય વધની આપવામાં આવેલ વ્યાખ્યા મુજબ, " જે કોઈ વ્યકિત મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા જેથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરિક હાની પહોંચાડવાના ઈરાદાથી અથવા પોતાના એવા કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવે તેવો સંભવ છે એવી જાણકારી સાથે કોઈ કૃત્ય કરીને મૃત્યુ નિપજાવે તે ગુનાહિત મનુષ્યવધ નો ગુનો કરે છે " તેમ કહેવાય.

(૧૪.૩) હવે ગુનાહિત મનુષ્યવધ ખુન કયારે કહેવાય તે નકકી કરવા માટે ઈ.પી.કો. કલમ–૩૦૦ ની વ્યાખ્યાની ચર્ચા કરવી જરૂરી જણાય છે. ઈ.પી.કો. કલમ– ૩૦૦ માં ખુનની વ્યાખ્યા આપવામાં આવેલ છે તે મુજબ, " આમા હવે પછી દર્શાવેલ અપવાદો સિવાય ગુનાહિત મનુષ્યવધ એ ખુન છે. જો મૃત્યુ નિપજાવનારુ કૃત્ય મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કર્યુ હોય અથવા શારીરિક હાની પહોંચી હોય તે વ્યકિતનુ તેનાથી મૃત્યુ નિપજવાનો સંભવ હોવાનુ ગુનેગાર જાણતો હોય એવી શારીરિક હાની પહોંચાડવાના ઈરાદાથી કર્યુ હોય અથવા કોઈ વ્યકિતને શારીરિક હાની પહોંચાડવાના ઈરાદાથી કર્યુ હોય અને કરવા ધારેલી હાની કુદરતી રીતે મૃત્યુ નિપજાવવા માટે પુરતી હોય અથવા કૃત્ય કરનાર વ્યકિત જાણતી હોય કે તેવુ તાત્કાલીક ભયજનક છે કે જેનાથી મૃત્યુ નિપજવાનો અથવા મૃત્યુ નિપજાવે તેવી શારીરિક હાની પહોંચવાનો

પુરો સંભવ છે અને મૃત્યુ નિપજાવવાનુ અથવા ઉપયુર્કત હાની પહોંચાડવાનુ જોખમ ખેડવાના કશા કારણ વગર તે કૃત્ય કર્યુ હોય.''

(૧૪.૪) ગુનાહિત મનુષ્યવધ ખુન કયારે ન ગણાય તે અંગેનો અપવાદ પણ આપવામાં આવેલ છે.જે મુજબ ગંભીર અને ઓચિંતા ઉશ્કેરાટના કારણે ગુનેગાર પોતાની જાત ઉપરનો કાબુ ખોઈ બેઠો હોય એવી અવસ્થામાં ઉશ્કેરાટનુ કારણ આપનારનુ મૃત્યુ નિપજાવે તો તેવો ગુનાહિત મનુષ્યવધ ખુન ગણાય નહીં.

(૧૪.૫) આમ ઈપીકો કલમ–૨૯૯ ની વ્યાખ્યા મુજબ ગુનાહિત મનુષ્યવધ પુરવાર થવો જોઈએ. તથા ઈ.પી.કો. કલમ–૩૦૦ ની વ્યાખ્યામાં જણાવ્યા મુજબ ગંભીર અને ઓચિંતા ઉશ્કેરાટનુ કારણ કે સંજોગો ઉભા થયેલ ન હોવા છતાં આરોપીએ મરણજનારનો ગુનાહિત મનુષ્યવધ કરેલો તેવી હકીકત ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરે તો જ આરોપીને ઈ.પી.કો. કલમ–૩૦૨ મુજબના શિક્ષાનેપાત્ર ગુનામાં દોષિત ઠરાવી શકાય.

**(૧૫)** તમામ આરોપીઓ વિરુધ્ધ ઈપીકો કલમ–૧૨૦બી મુજબના શિક્ષાનેપાત્ર ગુનાનો પણ આરોપ મુકવામાં આવેલ છે. ઈપીકો કલમ–૧૨૦બી ની વ્યાખ્યા મુજબ ફરિયાદપક્ષે એ હકીકત નિઃશંકપણે પુરવાર કરવી પડે કે બે વર્ષથી વધુ કડક સજાને પાત્ર ગુનો કરવા અથવા દેહાંત દંડ કે આજીવન કેદની સજાને પાત્ર ગુનો કરવા માટે આરોપીઓએ ગુનાહિત કાવત્રુ રચેલુ.

(૧૫.૧) મીટીંગ ઓફ માઈન્ડ એ ગુનાહિત કાવત્રાનુ સૌથી મહત્વનુ તત્વ છે. ગુનો કરતા અગાઉ આરોપીઓ એકબીજાને રુબરુ, ટેલિફોનથી કે અન્ય રીતે મળેલ હોય

અને તેમના વચ્ચે ગુનાનુ આયોજન થયેલ હોય અને તેમા કયાં આરોપીએ શું ભાગ ભજવવાનો તે નકકી થયેલ, અને તે આયોજન મુજબ કયાં આરોપીએ શું ભાગ ભજવેલો તે ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવુ પડે.

(૧૫.૨) જે આરોપીઓ વિરુધ્ધ ગુનાહિત કાવત્રાનો આરોપ મુકવામાં આવેલ હોય તે તમામ આરોપીઓની ગુનાના સ્થળે અને ગુનાના સમયે હાજરી હોવી જરુરી નથી.પરંતુ ગુનાને આખરી અંજામ આપવામાં નકકી થયેલ યોજના મુજબ જુદા જુદા આરોપીઓએ પોતાનો રોલ ભજેલો તેવુ ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવુ પડે.

**(૧૬)** આરોપી નં. ૫, ૬, ૮,૧૦ વિરુધ્ધ ઈપીકો કલમ–૧૪૩,૧૪૭, ૧૪૮ તથા ૧૪૯ ના ગુનાઓનો પણ આરોપ છે.

(૧૬.૧) ઈપીકો કલમ–૧૪૩ ની વ્યાખ્યા મુજબ જયારે એકથી વધારે વ્યકિતઓ કોઈ ગુનાહિત કૃત્ય કરવાના આશયથી કોઈ જગ્યાએ એકઠા થઈ ગેરકાયદેસર મંડળી બનાવે અને તે એક બીજાના સભ્ય તરીકે ચાલુ રહે તો તેવી દરેક વ્યકિતએ ગેરકાયદેસર મંડળી બનાવ્યાનો અનેતેના સભ્ય તરીકે ચાલુ રહેવાનો ગુનો કરેલ કહેવાય. જેથી ઈપીકો કલમ–૧૪૩ નો ગુનો પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે એ હકીકત નિઃશંકપણે પુરવાર કરવી પડે કે,ફરિયાદમાં જણાવેલ સ્થળે અને સમયે ગુનાહિત કૃત્ય કરવાના હેતુથી આરોપી નં. ૫, ૬, ૮, અને ૧૦ નાઓએ ગેરકાયદેસર મંડળી બનાવેલી.

(૧૬.૨) ઈપીકો કલમ–૧૪૭ ની વ્યાખ્યામાં હુલ્લડનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. જયારે ઈપીકો કલમ–૧૪૮ ની વ્યાખ્યા મુજબ કોઈનુ મૃત્યુ નિપજાવવાના આશયથી કે મૃત્યુ થવાની સંભાવના ઉભી થઈ શકે તેવા જીવલેણ હથિયારો ધારણ કરી હુલ્લડ

કરવામાં આવે તો તે પ્રકારનો ગુનો આચરેલ કહેવાય. જયારે ઈપીકો કલમ–૧૪૯ ની વ્યાખ્યા મુજબ ગેરકાયદેસર મંડળીના સભ્યો કોઈ ગુનો આચરેલ હોય ત્યારે તે મુજબનો ગુનો કરેલ ગણી શકાય. આમ ઈપીકો કલમ–૧૪૩,૧૪૭,૧૪૮, ૧૪૯ ના ગુનાઓના આરોપ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે એ હકીકત નિઃશંકપણે પુરવાર કરવી પડે કે ફરિયાદમાં જણાવેલ બનાવવાળા સ્થળે અને બનાવ સમયે આરોપી નં. ૫,૬,૮ અને ૧૦ ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે ભેગા થયેલા અને હુલ્લડ કરેલુ.તથા આ હુલ્લડ મૃત્યુ નિપજી શકે તેવા જીવલેણ હથિયારો લઈને કરવામાં આવેલુ અને આવી ગેરકાયદેસર મંડળીના દરેક સભ્ય ગુનો કરતી વખતે હાજર હતા.

**(૧૭)** આરોપી નં. ૫,૬,૮ અને ૧૦ વિરુધ્ધ ઈપીકો કલમ–૧૪૯ સાથે વાંચતા ઈપીકો કલમ–૩૨૪ તથા૩૬૫ ના ગુનાઓનો આરોપ પણ કરવામાં આવેલ છે.

(૧૭.૧) જેથી ઈપીકો કલમ–૩૨૪ ની વ્યાખ્યા મુજબ ફરિયાદપક્ષે એ આરોપ નિઃશંકપણે પુરવાર કરવા પડે કે આરોપી નં. ૫, ૬, ૮ અને ૧૦ નાઓએ ગેરકાયદેસર મંડળી બનાવેલી અને બનાવ સમયે અને સ્થળે હાજર હતા અને તેઓએ ફરિયાદી રાજશ્રીબા ને ઈજા પહોંચાડેલી. જો કે તહોમતનામા મુજબ મરણજનાર આરોપી નં.૯ કાનજી ઉર્ફે કાનો પોપટ વેકરીયાએ મરણજનારની ગાડીના પાછળના કાચ ઉપર પથ્થરનોઘા કરી કાચ ફોડી નાંખી કાચથી રાજેશ્રીબા ને ઈજા પહોંચાડેલી તેવો આક્ષેપ છે. પરંતુ આરોપી નં. ૯ ગુજરી ગયેલ હોઈ ઈપીકો કલમ–૩૨૪ ના આરોપનુ આરોપી નં. ૯ ના મરણને કારણે મહત્વ રહેતુ નથી.

(૧૭.૨) આરોપી નં. ૫, ૬, ૮ અને ૧૦ વિરુધ્ધ ઈપીકો કલમ–૧૪૯ સાથે વાંચતા કલમ–૩૬૫ ના ગુનાનો પણ આરોપ છે. જેથી ઈપીકો કલમ–૩૬૫ ની વ્યાખ્યા જોતા ફરિયાદપક્ષે એ હકીકત નિઃશંકપણે પુરવાર કરવી પડે કે આરોપી નં. ૫, ૬, ૮ અને ૧૦ નાઓએ ગેરકાયદેસર મંડળી રચી મરણજનારનુ અપહરણ કરેલુ કે મરણજનારની ગુપ્ત રીતે અને ગેરકાયદેસર રીતે અટકાત કરેલી.

**(૧૮)** તહોમતનામાના છેલ્લા પેરા મુજબ આરોપી નં. ૫, ૮ અને ૧૦ વિરુધ્ધ બી.પી. એકટની કલમ–૧૩૫ ના ગુનાનો પણ આરોપ મુકવામાં આવેલ છે. જે મુજબ બનાવ સમયે હથિયારબંધીનુ જાહેરનામુ અમલમાં હતુ અને તેનો આરોપીઓએ ભંગ કરેલ તેવો આરોપ પણ ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવો પડે.

**(૧૯)** ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે કુલ ૫૬ સાહેદોને તપાસેલ છે અને તેઓની જુબાની દરમ્યાન જુદા જુદા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. જે પૈકી પ્રથમ ફરિયાદી અને સાહેદોની જુબાનીની ચર્ચા કરવી જરુરી જણાય છે.

**(૨૦) <u>ફરિયાદી તથા સાહેદોની જુબાની</u>.**

ફરિયાદપક્ષે સાહેદ નં. ૨ ફરિયાદી રાજેશ્રીબા જીતેન્દ્રસિંહ ઝાલા ને આંક–૧૦૮ થી તપાસવામાં આવેલ છે કે જેઓ ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવ નજરે જોનાર અને બનાવમાં ઈજા પામનાર સાહેદ છે અને તે રીતે જોઈએ તો ફરિયાદપક્ષના મહત્વના સાહેદો પૈકીના સૌથી મહત્વના સાહેદ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ મહત્વની હકીકત જોવામાં આવે તો તેઓએ તેમની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ સમયે તેણીના ભાભી રંજનબા તથા માસી છોટાબા ગોંડલમાં

રહેતા હતા. તા.૧૩–૫–૧૩ ના રોજ તેણી સાંગણવા ગામે આવેલ ત્યાંથી પૈસા લેવા માટે તેણી પોતાના માસીના ઘરે ગોંડલ આવેલી અને તે દરમ્યાન રસ્તામાં તેણીના ભાભી રંજનબા નુ ઘર સ્વામીનારાયણ મંદિર ની બાજુમાં આવેલ છે ત્યાં ગયેલી.

વધુમાં મરણજનાર વિક્રમસિંહ સાથે પોતાની હાજરી હોવા બાબતે ફરિયાદણ એવુ પણ જણાવે છે કે,બનાવના દિવસે રાત્રે સાડા નવ દશ વાગ્યાના સુમારે તેણી પોતાના ભાભી રંજનબા ના ઘરે હતી ત્યારે મરણજનાર વિક્રમસિંહ ત્યાંથી પોતાની ૧૧૮ ગાડીમાં તેણીને તેણીના માસીબા ના ઘરે એસ.આર.પી. લાઈનમાં મુકવા આવતા હતા જે ગાડી વિક્રમસિંહ ચલાવતા હતા અને પોતે ગાડીમાં પાછળના ભાગે બેઠેલ હતી. ત્યારબાદ તેઓ બંને ગાડીમાં નીકળ્યા અને થોડા આગળ જતા છ સાત જણા બાઈક ઉપર ગાડીનો પીછો કરતા હોય તેવુ જણાયેલુ અને આ સમયે કોઈએ ગાડી ઉપર પથ્થર મારેલ જે પથ્થર ગાડીના કાચને તથા ત્યારબાદ તેણીને ડાબા કાનના પાછળના ભાગે વાગેલ, અને તે વખતે વિક્રમસિંહે તેણીને એવુ જણાવેલ કે રાજવાડીનો ઝઘડો છે જેથી તેણીએ વિક્રમસિંહને એવુ જણાવેલ કે જવા દે એમા મગજમારી કરવી નથી.

બનાવ સંદર્ભે મહત્વની હકીકત જણાવતા તેણીએ એવુ જણાવેલ છે કે, ત્યારબાદ વિક્રમભાઈ ગાડીમાંથી બહાર નીકળેલઅને જે ભાઈઓ આવતા હતા તેમણે વિક્રમભાઈને ડ્રાઈવર સીટમાંથી ખેંચીને બહાર કાઢેલ અને પછી જે જગ્યાએ ગાડી ઉભીરહેલી ત્યાં તલવારથી વિક્રમસિંહને શરીરના ભાગે ઈજાઓકરેલ તથા આ ઈસમોમાંથી એક ઈસમે તેણીને પણ પેટનાભાગે તલવાર અડાડેલ અને ખરાબ ગાળો બોલવા લાગેલ. આરોપીઓની ઓળખ બાબતે અગત્યની હકીકત જણાવતા સાહેદે જુબાની દરમ્યાન

કોર્ટમાં હાજર આરોપીઓ પૈકી જે આરોપીઓએ બનાવ વખતે વિક્રમભાઈને તલવારો મારેલી અને તેણીને પેટના ભાગે તલવાર અડાડેલી તે આરોપીઓ રામજીભાઈ પ્રાગજીભાઈ મારકણા તથા હરેશભાઈ મકનભાઈને ઓળખી બતાવેલ છે. તથા આરોપી હરેશભાઈ મકનભાઈને ઓળખી બતાવતા વધુમાં એવુ પણ જણાવેલ છે કે, ઓળખ પરેડમાં પણ તેણીએ તે આરોપીને એટલે કે હરેશભાઈને ઓળખી બતાવેલ.

બનાવ બાદની પરિસ્થિતિ અને ઘટનાક્રમ અંગે ફરિયાદી સાહેદે એવી હકીકત જણાવેલ છે કે, તે સમયે તેણી ગભરાઈ ગયેલી અને ત્યાંથી દુર એક લાઈટ જેવુ દેખાયેલુ જે માતાજીનુ મંદિર હતુ તેથી તેણી ત્યાં ગયેલી અને ત્યાં એક વૃધ્ધ માણસ હતા તેને બુમો પાડીને ઉઠાડેલ અને તેઓએ તેણીને મુકવા આવવાની ના પાડેલી. જેથી તેણીએ આવો બનાવ બનેલ છે તેવુ જણાવી એસ.આર.પી. લાઈનમાં મુકી જવા વિનંતી કરતા અને પોતે પણ માતાજીની ભકત છે તેથી દયા આવતી હોય તો મુકી જવા વિનંતી કરતા તે વૃધ્ધ દાદા તેણીની સાથે આવેલા અને તેણીને એસ.આર.પી. માં તેણીના માસીના ઘરે તે રાત્રે મુકી ગયેલ અને તેણીએ બનાવ બન્યાની વાત માસીને કરેલી. બનાવ વખતે તેણીને વાગેલ હતુ અને જયાં વાગેલુ ત્યાંથી લોહી નીકળતુ હતુ અને તે લોહી તેણીના કપડા ઉપર જતુ હતુ તેવુ પણ તેણીએ જણાવેલ છે. તથા ત્યારબાદ તેણીની માસી તેણીને સરકારી દવાખાને લઈ ગયેલ જયાં ડોકટરેબનાવ અંગે પુછેલ હશે તેવુ પણ તેણીએ જણાવેલ છે. જે બનાવ અંગેની ફરિયાદ તેણીએ ગોંડલ સીટી પોલીસ સ્ટેશનમાં આપેલી હોવાનુ અને તે ફરિયાદબતાવતા તેમાં તેણીએ પોતાની સહી ઓળખી બતાવતા ફરિયાદ આંક–૧૦૯ થી રજુ થયેલ છે. અને આ ફરિયાદ આપ્યા બાદ પોલીસે તેણીની

પુછપરછ કરેલ હોવાનુ તથા ત્યારબાદ પોલીસ તેણીને બનાવવાળી જગ્યાએ લાવેલી હોવાનુ પણ જણાવેલ છે. વધુમાં તેણીએ બનાવ વખતે પહેરેલ અને પોલીસે મુદામાલ તરીકે કબજે લીધેલ તેણીના કપડા એવા ગુલાબી કલરનુ લહેરીયુ સાડી, રાણી કલરનો ચણીયો તથા લીલા કલરનુ બ્લાઉઝ જુબાની દરમ્યાન બતાવતા ઓળખી બતાવેલ છે.

ત્યારબાદ આરોપીઓની ઓળખ બાબતે વધુમાં સ્પષ્ટતા પુર્વકની હકીકત જણાવતા ફરિયાદી સાહેદે એવુ પણ જણાવેલ છે કે, એકાદ મહિના પછી આરોપીઓની ઓળખ પરેડ યોજેલ હતી તેથી તેણી મામલતદાર ઓફિસે ગયેલી અને ત્યાં તેણીએ બે માણસોને ઓળખી બતાવેલા જે પૈકી એક ભાઈનુ નામ હરેશભાઈ હતુ જે નામ યાદ રહેવા બાબતે પણ તેણીએ કારણની સ્પષ્ટતા કરતા એવુ જણાવેલ છેકે તેણીના ભાઈનુ નામ પણ હરેશભાઈ છે તે કારણે પોતાને એ ભાઈનુ નામ હરેશભાઈ હોવાનુ યાદ છે. સરતપાસમાં છેલ્લે ફરિયાદી સાહેદ એવુ પણ જણાવેલ છે કે, તે વખતે આરોપીઓ " માર માર, રાજવાડી જોઈતી હતી રાજવાડી જોઈતી હતી " તેવુ બોલતા હતા.

ઉપરોકત ફરિયાદી સાહેદની બચાવપક્ષે ઉંડાણપુર્વક ઉલટતપાસ કરેલ છે તે પૈકી મહત્વના મુદાઓ અને વિગતો નોંધવામાં આવે તો, જુબાની વખતે તેણીની ઉમર ૪૮ વર્ષની હોવાનુ જણાવે છે. ફરિયાદ વાળો બનાવ સને ૨૦૦૩ ની સાલમાં બનેલ હોવાનુ જણાવે છે. તેણીએ ફરિયાદ લખાવેલ, વધારાનુ નિવેદન આપ્યુ ત્યારે પોતાની ઉમર પોલીસે પુછેલી નહી હોવાનુ જણાવે છે. કાગળોમાં તેણીની ઉમર ૩૦ વર્ષની લખેલ હોય અને પોલીસે પુછયુ હોય તો પોતાને ખબર નહીં હોવાનુ જણાવે છે. પોલીસે ફરિયાદ

લીધી ત્યારે પોતાના મગજ ઉપર ટેન્શન હતુ તેથી પોતે સંપુર્ણ ભાનમાં ન હતી તેવુ જણાવેલ છે. અને આ ફરિયાદ પોલીસે વાંચી સંભળાવેલ નહી તેવુ તેણીએ જણાવેલ છે. પોતે આપેલ ફરિયાદમાં તેણી સંપુર્ણ ભાનમાં હોવાનુ લખાવેલ છે તેખરુ હોવાનુ જણાય છે. સાંગણવા ગામે તેણી ૧૦ તારીખે આવેલ હોવાનુ તથા ૧૩ તારીખે ગોંડલ આવવા નીકળેલ અને ગોંડલ મુકામે આશરે સાત સાડા સાત વાગ્યે પહોંચેલ અને તેણી પોતાના ભાણેજ વિજયસિંહ સાથે આવેલી હોવાનુ જણાવે છે. સાંગણવાથી નીકળી તે સીધી વિક્રમસિંહને ત્યાં ગયેલી અને તેમને ત્યાં જમેલી અને જમીને માસીને ત્યાં જવા માટે સાડા નવથી દશ વાગે નીકળેલા તેવુ પણ ફરિયાદી જણાવે છે. તથા આ વિક્રમસિંહનુ ઘર સ્વામીનારાયણ મંદિર પાસે આવેલ હોવાનુ ફરિયાદી જણાવે છે.

બનાવવાળા સ્થળની આજુબાજુની અને બનાવ અંગેની જાણકારી બાબતે ફરિયાદી તેણીની ઉલટતપાસમાં વધુમાં એવુ જણાવે છે કે, તેણીએ એસ.આર.પી. કેમ્પનો ઝાપો જોયેલો છે જો કે આ ઝાપાની એક બાજુ હોસ્પીટલ કે સામે ચા વાળાની દુકાનો વિગેરે આવેલ છે કે કેમ તે બાબતે પોતાને ખબર નહીં હોવાનુ જણાવે છે. ફરિયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છેકે, તેઓ જયારે એસ.આર.પી. ઝાપા પાસે પહોંચ્યા ત્યારે તેમની ગાડી ઘેરાઈ ગયેલી અને ગાડી ઘેરાઈ જતા ઉભી રહેલી અને પથ્થર મારવાના કારણે ગાડીના કાચ તુટી ગયેલ હતા. જો કે આવા તુટેલા કાચ તેણીને વાગેલ નથી તે વાતનો તેણીએ ઈન્કાર કરેલ છે. જેથી આ તુટેલા કાચ વાગવાથી તેણીને ઈજા થયેલી તેવુ અર્થઘટન થઈ શકે. જો કે ફરિયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છેકે, તેણીને જે ઈજાઓ થયેલી તે કાચ અને પથ્થર વાગવાથી થયેલી પરંતુ આ હકીકત

તેણીએ પોતાની ફરિયાદમાં લખાવેલ નથી.જો કે આ બાબતે સ્પષ્ટતા કરતા તેણીએ એવુ જણાવેલ છે કે, આવુ તેણીને પુછેલ ન હોવાથી તેણીએ ફરિયાદમાં લખાવેલ નથી. ત્યારબાદ ઉલટતપાસમાં તેણીએ એવુ પણ જણાવેલ છે કે, પોલીસે તેણીને શું વાગ્યુ છે તેવુ પુછેલુ પરંતુ તેણીને ટાંકા લીધેલ હોઈ તેણીની માસીએ લખાવેલુ. ફરિયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છેકે, તેણીને તલવાર લાગેલ નથી પરંતુ પેટ ઉપર રાખેલી અને પેટ ઉપર તલવાર રાખવાની હકીકત તેણીએ પોતે ફરિયાદમાં લખાવેલી હોવાની અને તેણીની માસીએ લખાવેલ નહી હોવાનુ જણાવે છે. ત્યારબાદ તેણીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે,તેણીને તલવાર વાગ્યાની હકીકત તેણીએ ફરિયાદ માં લખાવેલ છે. ત્યારબાદ તેણીએ એવુ જણાવેલ છે કે, જે માણસે તેણીને પેટ ઉપર તલવારરાખી તેને હું ઓળખી શકુ પરંતુ ત્યાર પછી એવુ જણાવેલ છે કે ઓળખી શકુ તેમ નથી. તેણીને થયેલ ઈજા બાબતે તેણીએ એ વાતનો સ્વીકાર કરેલ છેકે, તેણી ગાડીમાં બેઠી હોય અને કોઈએ તલવાર મારેલ હોય અને તેણીને કાને વાગેલ હોય તેવુ બનેલ નથી.

બનાવવાળા ચોકકસ સ્થળ બાબતે પુછતા તેણીએ ઉલટતપાસમાં એવુ જણાવેલ છે કે, બનાવ બન્યો તે એસ.આર.પી. ના ઝાપા આગળ નહી પરંતુ તેનાથી આગળ થોડે દુર બનેલો. જો કે એસ.આર.પી. નો બીજો ઝાપો આ બનાવથી કેટલે દુર આવેલ છે તેની પોતાને ખબર નહીં હોવાનુ જણાવે છે. જો કે આ બનાવ એસ.આર.પી. ના બે ગેઈટની વચ્ચે બનેલ હોવાનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ ફરિયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે ફરીથી તેણીની પુછપરછ કરેલી તેમાં તેણીએ બનાવવાળુ

સ્થળ મંદિરની આગળ આવેલ હોવાનુ બતાવેલ. ફરિયાદીએ તેણીની ઉલટતપાસમાં એવુ પણ જણાવેલ છે કે, તેણી ગાડી માં બેઠીહતી ત્યારે કાચ ખુલ્લા હતા અને આ ગાડીનો પાછળનો કાચ તુટેલો અને મંદિરની પાસે તુટેલો. જો કે આ ગાડીના કાચ અને પથ્થર વાગેલ નહી હોવાનુ જણાવે છે. ફરિયાદીએ એ વાતનો  પણ સ્વીકાર કરેલ છે કે, વિક્રમસિંહ ને બહાર ખેંચેલ તેવુ તેણીએ ફરિયાદમાં લખાવેલ નથી. ત્યારબાદ તેણીએ એવુ પણ જણાવેલ છે કે, તેણીને પથ્થર વાગ્યો પછી વિક્રમસિંહે ગાડી દોડાવેલી અને ગાડી ભાગીને થોડે દુર ગયેલ હશે. પોલીસે તેણીનો જવાબ દવાખાને લીધેલ હોવાનુ જણાવે છે. તેણીને થયેલ ઈજા બાબતે તેણીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ડોકટરે તેણીને એકજ ટાંકો લીધેલો. જો કે તેણી સ્વસ્થ હતી અને કાનના ટાંકા સિવાય તેણીને બીજી કોઈ ઈજા ન હોતી થઈ તે વાતનો તેણીએ ઈન્કાર કરેલ છે.

વધુ ઉલટતપાસમાં ફરિયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેણીએ ફરિયાદમાં રાજવાડીનો શબ્દ લખાવેલ નથી પરંતુ વાડી લખાવેલ છે. આ ઝઘડો કોની વચ્ચે છે તે સંબંધે તેણીએ ફરિયાદમાં કાઈ જણાવેલ નહી તેવુ પણ ફરિયાદી જણાવે છે. જો કે વાડીના માલિક અને મરનાર વચ્ચે કેસો ચાલે છે તેવી વાત કરેલ હોવાનો અને વાડીના માલિક પણ મરનારની જ્ઞાતિના હોવાનો ફરિયાદીએ સ્વીકાર કરેલ છે.  આરોપીઓ પૈકી કોઈપણ ક્ષત્રિય નહીં હોવાનુ ફરિયાદીએ સ્વીકારેલ છે. ફરિયાદીએ એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેઓ મંદિર સુધી પહોંચ્યા ત્યાં સુધી તલવારનો ઘાથયેલો નહી અને તલવારનો આ ઘા ગાડી મંદિરથી આગળ ઉભી રહેલી ત્યારે થયેલો.

ત્યારબાદ હુમલા પછીની ઘટનાક્રમ અંગે પુછતા ઉલટતપાસમાં ફરિયાદીએ એવુ પણ જણાવેલ છે કે, તેણીને પથ્થર વાગેલ અને તલવાર તેણીની ઉપર રાખેલ ત્યારે તેણી પડી ગયેલી અને બેભાન થઈ ગયેલી. અને તેણી જયારે ભાનમાં આવી ત્યારે ત્યાં વિક્રમસિંહ દેખાયેલ નહી. જો કે તેણીએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેણીને ભાન આવ્યુ ત્યારે વિક્રમસિંહને ઉપાડી ગયેલ હતા. પરંતુ તેણીએ એવી સ્પ્પટતા કરેલ છે કે વિક્રમસિંહ તેણીની સામે પડેલ હતા. ફરિયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેણીએ ફરિયાદમાં મંદિરકે મંદિરના પુજારીનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. ફરિયાદીએ તેણીની ફરિયાદમાં તેણીને ચકકર આવી જતા તે ત્યાં પડી રહેલી અને થોડી વારે કોઈ એક ભાઈએ તેણીને બેઠી કરી તેણીને કયાં જવુ છે તેમ પુછતાં એસ.આર.પી. લાઈનમાં મકુભા ના ઘરે જવુ છે તેવુ જણાવતા તે ભાઈએ તેણીને ટેકો કરી ઉભી કરેલી અને તે વખતે વિક્રમસિંહ અને તેની ગાડી ત્યાં જોવામાં આવેલ નહી. તેથી તે ભાઈ તેણીને એસ.આર.પી. માં મુકી ગયેલા તેવુ લખાવેલ કે કેમ તે પોતાને યાદ નહીં હોવાનુ જણાવેલ છે તે જોતા તે બાબતનો સ્વીકાર કે ઈન્કાર કરેલ નહીં હોવાનુ ગણી શકાય. ફરિયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેણીએ ફરિયદામાં એવી હકીકત લખાવેલ નથી કે તેઓ મંદિર સુધી ગયેલા અને ત્યાં વિક્રમસિંહ ઉપર તલવારના ઘા થયેલા અને મંદિરવાળા તેણીને એસ.આર.પી. લાઈનમાં મુકી ગયેલા. ફરિયાદી એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, જે માણસે તેણીના પેટ ઉપર તલવાર રાખી તે બે માણસને તે ઓળખતી નથી તેવુ ફરિયાદમાં તેણીએ લખાવેલ નથી. જેનો ભાવાર્થ એવો થાય કે જે બે માણસોએ તેણીને પેટ ઉપર તલવાર રાખેલ તેઓને પોતે ઓળખતી

હતી અને તે હકીકત તેણીએ ફરિયાદમાં લખાવેલ હતી. અગાઉ ઓળખ પરેડ દરમ્યાન જે બે માણસોને ફરિયાદીએ ઓળખી બતાવેલા તે પૈકીના કોર્ટમાં હાજર એક માણસ છે જે આરોપી રામજીભાઈ હોવાનુ જણાવે છે તેને ફરિયાદીએ ઉલટતપાસ દરમ્યાન ઓળખી બતાવેલ છે. ત્યારબાદ ફરિયાદીએ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેણીએ ઓળખ પરેડમાં જે ભાઈને ઓળખેલા તે આજરોજ કોર્ટમાં નથી. જો કે અગાઉ ફરિયાદીએ ઓળખ પરેડમાં તે હાજર હોવાનુ જણાવેલ છે જેથી તેમાનો બીજો માણસ કોર્ટમાં તે દિવસે હાજર નથી તેવુ અર્થઘટન ચોકકસપણે કરી શકાય. આવી ઓળખ પરેડ એકાદ માસ પછી થયેલી તેવુ ફરિયાદી ઉલટતપાસમાં જણાવે છે. જેથી ઓળખ પરેડ થયેલી તે વાતનો બચાવપક્ષ સ્વીકાર કરે છે તેવુ ચોકકસપણે કહી શકાય. ફરિયાદીએ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છેકે, તે સમયે તેણી ગભરાઈ ગયેલ હતી અને દુર એક લાઈટ જેવુ દેખાતા તેણી ત્યાં ગયેલી અને ત્યાં માતાનુ મંદિર હતુ અને ત્યાં એક વૃધ્ધ માણસને ઉઠાડેલ અને મકુભા ને ત્યાં મુકવા આવવાનુ કહેલ અને બનાવ ની વાત કરેલી અને તે દાદા એ મુકવા આવવાની પ્રથમ ના પાડેલી અને વિનંતી કરતા ત્યારબાદ મુકી ગયેલા તેવી હકીકત ફરિયાદમાં લખાવેલ નથી. ડોકટરે તેણીને બનાવ અંગે પુછેલુ તેવુ ફરિયાદી જણાવે છે. જો કે આરોપીઓના નામ કે તેમના વર્ણન ડોકટરને જણાવેલ નહી હોવાનુ ફરિયાદી સ્વીકારે છે. સરકારી હોસ્પીટલમાંથી તેણી ચૌદમી તારીખે છુટી થયેલ હોવાનુ અને ત્યારબાદ પ્રાઈવેટ ડોકટર પાસે ગયેલી હોવાનુ જણાવે છે. જો કે પ્રાઈવેટ ડોકટરનુ નામ યાદ નહી હોવાનુ ફરિયાદી જણાવે છે. તથા વધારાના જવાબમાં પણ પ્રાઈવેટ ડોકટર પાસે ગયેલાનુ અને તેનુ નામ આપ્યાનો ઉલ્લેખ

નહીં હોવાનુ સ્વીકારે છે.

બનાવવાળી જગ્યા બાબતે ફરિયાદી જણાવે છે કે, બનાવવાળી જગ્યા બીજે ત્રીજે દિવસે તેણીએ બતાવેલી અને ત્યાં સુધીમાં બનાવવાળી જગ્યાનુ પંચનામું થઈ ગયેલહતુ. બનાવવાળી જગ્યાના પંચનામા બાબતે ફરિયાદી જણાવે છે કે, પ્રથમ જગ્યા મોટો ચોક છે જે સુખનાથનગર ચોકથી ઓળખાય છે અને ચોકમાં વચ્ચેની ભાગે લોખંડની જાળી આવેલ હોવાનુ અને પશ્ચિમે આશાપુરા પાન સેન્ટર આવેલ હોવાનુ જણાવે છે. બનાવ સમયે એસ.આર.પી. નો આ પ્રથમ ઝાપો ખુલ્લો હોવાનુ અને વિક્રમસિંહે તેમની ગાડી આ ઝાપા તરફ લેવાનો પ્રયાસ કરેલ હોવાનુ ફરિયાદી જણાવે છે. બનાવવાળી જગ્યા ફરિયાદીએ સવારના સમયે પોલીસને બતાવેલ હોવાનુ અને તે વખતે પોલીસે પુછપરછ કરેલ હોવાનુ ફરિયાદી જણાવે છે. બનાવ પછી ઓળખ પરેડ માટે ફરિયાદી આવી તે સમયગાળા દરમ્યાન તેણી અમદાવાદ ગયેલ હોવાનુ જણાવે છે અને જે દિવસે અમદાવાદથી પાછી આવી તે દિવસે જ ઓળખ પરેડ થયેલ હોવાનુ ફરિયાદી જણાવે છે. અમદાવાદથી આવ્યા પછી તેણી પોલીસ સ્ટેશને ગયેલી તેવુ જણાવે છે. જો કે ઓળખ પરેડમાં કોને ઓળખવાના છે તે પોલીસે બતાવેલાનો ફરિયાદીએ ઈન્કાર કરેલ છે.

ફરિયાદપક્ષે તપાસેલ સાહેદો પૈકી ફરિયાદીને સૌથી મહત્વના એવા બનાવ નજરે જોનાર અને બનાવમાં ઈજા પામનાર સાહેદ તરીકે દર્શાવેલ છે. ફરિયાદપક્ષે આંક–૪૧૬ થી રજુ થયેલ લંબાણપુર્વકની લેખીત દલીલ તથા તે સંદર્ભે સરકારી વકીલશ્રીએ કરેલ લંબાણપુર્વકની દલીલોનો સાર નોંધવામાં આવે તો, ફરિયાદ

પક્ષે મુળફરિયાદી રાજેશ્રીબા ને સૌથી મહત્વના સાહેદ તરીકે ગણાવી તેઓની જુબાની ઉપર સૌથી વધારે આધાર રાખેલ છે અને એવી રજુઆત કરેલ છેકે, ફરિયાદમાં જણાવેલ બનાવને ફરિયાદીએ તેમની જુબાનીથી સંપુર્ણ રીતે સમર્થન આપેલ છે. બનાવ વખતે છ સાત આરોપીઓ એ ગાડીનો પીછો કરેલ અને ગાડી ઉપર પથ્થર મારી ગાડીનો કાચ ફોડી નાંખી પોતાને ઈજા કરેલ હોવાનુ ફરિયાદી જણાવે છે અને વિક્રમસિંહે રાજવાડીનો ઝઘડો હોવાનુ ફરિયાદીને જણાવેલ હતુ જેથી રાજવાડીના ઝઘડાના કારણે હાલનો બનાવ બનેલ હોવાનુ પુરવાર થાય છે. આ લોકોએ વિક્રમસિંહને ગાડીમાંથી બહાર ખેંચી કાઢી તલવારો વડે તેમને ઈજાઓ પહોંચાડેલી તે વાતને ફરિયાદીની જુબાનીથી સમર્થન મળે છે. આરોપીઓ પૈકી બે આરોપીઓને ફરિયાદીએ જુબાની દરમ્યાન તથા ઓળખ પરેડમાં ઓળખી બતાવેલ છે જેઓએ વિક્રમસિંહને તલવાર તથા લાંકડીઓથી ઈજા પહોંચાડેલ તથા ફરિયાદીના પેટ ઉપર તલવાર અડાડેલી. જે આરોપીઓના નામ હરેશભાઈ મકનભાઈ અને રામજી પ્રાગજી મારકણા હતુ તે પુરવાર થાય છે. બનાવમાં ઈજા પામનાર અને બનાવ નજરે જોનાર ફરિયાદીએ બંને આરોપીઓને જુબાની દરમ્યાન તથા ઓળખ પરેડમાં ઓળખી બતાવેલ છે જેથી નામદાર કોર્ટે તે બાબતને પુરવાર થયેલી ચોકકસપણે માનવી જોઈએ. ઈજા પામનાર ફરિયાદીના કપડા ઉપર લોહી મળી આવેલ છે તે જોતા પણબનાવમાં તેઓને ઈજા થયેલાનુ પુરવાર થાય છે. ફરિયાદીએ બનાવવાળુ સ્થળ પણ ઓળખી બતાવેલ છે. બનાવમાં તેણીને થયેલ ઈજાની સરકારી દવાખાનામાં સારવારલીધેલ હોવાની હકીકતને પણ સમર્થન મળે છે. આરોપીઓએ ગુનાહિત કાવત્રુ રચી હુમલો કરેલાની હકીકતને સમર્થન મળે છે. બચાવ

પક્ષે ઉપરોકત ફરિયાદી સાહેદની વિગતવાર ઉલટતપાસ કરેલ છે પરંતુ ફરિયાદપક્ષના કેસને નુકશાન થાય કે ફરિયાદપક્ષનો કેસ ખોટો માની શકાય કે ફરિયાદપક્ષના કેસ અંગે શંકા ઉભી થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં બચાવપક્ષ સફળ થઈ શકેલ નથી.

બચાવપક્ષના વકીલશ્રીએ આંક–૪૩૧ થી તેઓની વિગતવારની લેખીત દલીલો રજુ કરેલ છે. તથા લેખીત દલીલના સમર્થનમાં મુખ્યત્વે ફરિયાદીની જુબાની અને વિસંગતતા બાબતે વિગતવાર મૌખિક દલીલો કરવામાં આવેલ છે તથા જુદા જુદા ઘણા બધા ચુકાદાઓનો આધાર લેવામાં આવેલ છે. જે દલીલનો ટુંકમાં સાર નોંધવામાં આવે તો તેઓની એવી રજુઆત છે કે, ફરિયાદીને વિક્રમસિંહનુ બનાવમાં મૃત્યુ થયેલાની માહિતી નથી અને તેવી કોઈ હકીકત ફરિયાદીએ તેમની જુબાની કે ફરિયાદમાં જણાવેલ નથી. ફરિયાદીને ફરિયાદપક્ષ તરફથી ઉભા કરવામાં આવેલ સાહેદ છે અને તેઓને જુબાની માટે તૈયાર કરવામાં આવેલ છે. મરણજનાર ગુનાહિત ઈતિહાસ ધરાવતા હતા અને ઘણા બધા લોકો સાથે દુશ્મની ધરાવતા હતા. ફરિયાદીએ બનાવ વખતેની પોતાની ઉમર અંગેની હકીકત ખોટી જણાવેલ છે અને તેમા વિસંગતતા જણાય છે.

ફરિયાદવાળો બનાવ જોતા તે બનાવ તા.૧૩–૫–૨૦૦૩ ના રોજ રાત્રી ના સાડા દશ વાગ્યાની આસપાસ બનેલ છે.બનાવ વાળી જગ્યાએ બનાવ અગાઉ ફરિયાદી ત્યાં ગયેલ નથી એટલે કે બનાવ વાળી જગ્યાએ તેઓ બનાવ બન્યો ત્યારે પ્રથમ વખત ગયેલ છે. જેથી બનાવ વાળી જગ્યાની આસપાસ શું આવેલ છે તેનાથી ફરિયાદી પરિચીત ન હોય તે માની શકાય તેમ છે. તેજ રીતે બનાવ અગાઉ તેણીને આરોપીઓ પૈકી

કોઈ આરોપી સામે તેઓને કોઈ દુશ્મની, તકરાર કે મનદુઃખ નથી. ફરિયાદ વાળો બનાવ સને ૨૦૦૩ ની સાલમાં બનેલ છે અને ફરિયાદીની જુબાની સને–૨૦૧૦ માં એટલે કે બનાવના સાત વર્ષ પછી નોંધવામાં આવેલ છે. જેથી ફરિયાદમાં જણાવેલ વિગતો અને ફરિયાદીની જુબાનીમાં થોડો ધણો તફાવત આવે તે માનવ સહજ બાબત છે. બનાવ વખતના સંજોગોઅને બનાવ વખતેનુ ભયજનક વાતાવરણ જોતા બનાવ નજરે જોનાર ફરિયાદી કે જે સ્ત્રી છે તે ગભરાઈ ગયેલ હોઈ, ડઘાઈ ગયેલ હોય તે માની શકાય તેમ છે. બનાવ વખતની ઘટનાક્રમ તથા બનાવનુ વર્ણન વિડીયો રેકોર્ડીગ કે ઓડીયો રેકોર્ડીગ સીસ્ટમ મુજબ ફરિયાદી તેમની જુબાનીમાં જણાવે તેવી અપેક્ષા રાખી શકાય નહી. બનાવ વખતે પીછો કરનાર ભાઈઓએ તલવાર વડે વિક્રમસિંહને ઈજાઓ પહોંચાડેલ હોવાનુ ફરિયાદીએ તેમની જુબાનીમાં જણાવેલ છે તથા આ માણસોએ વિક્રમ સિંહને તેમની મોટર સાથે ઉપાડી ગયેલા તેવુ ફરિયાદમાં પણ જણાવેલ છે.જેથી ફરિયાદી ની હાજરીમાં વિક્રમસિંહ મૃત્યુ પામેલા તેવુ બનેલ ના હોઈ ફરિયાદીએ તેમની જુબાનીમાં કે ફરિયાદમાં વિક્રમસિંહ મૃત્યુ પામેલા તેવુ જણાવેલ નથી તે સ્વભાવીક છે.

બચાવપક્ષે એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે,મરણજનાર ગુનાહિત પુર્વ ઈતિહાસ ધરાવતા હતા. ધણા લોકો સાથે તેઓને દશ્મની હતી, પીએસઆઈ ચાવડા ને કોર્ટની સામે મારી નાંખવાનો આરોપ પણ મરણજનાર વિક્રમસિંહ ઉપર હતો. જેથી વિક્રમસિંહને દુશ્મની હોય તેવી કોઈ વ્યકિતએ વિક્રમસિંહને મારી નાંખેલ છે. પરંતુ બચાવપક્ષે આ બાબતે કોઈ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી જેથી તે દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

બચાવપક્ષે ભારપુર્વક તથા વારંવાર એવી દલીલ પણ કરવામાં આવેલ છેકે, ફરિયાદીએ જુબાનીમાં તેમની ઉમર ૪૮ વર્ષ જણાવેલ છે. જયારે ફરિયાદમાં તથા ડોકટર સમક્ષ તથા  અન્ય સમક્ષ પોતાની ઉંમર ૩૦ વર્ષની જણાવેલ છે. બનાવના સાત વર્ષ પછી ફરિયાદીએ જુબાનીમાં પોતાની ઉમર ૪૮ વર્ષ જણાવેલ છે તે જોતા ઉમર અંગે વિસંગત હકીકત ફરિયાદીની જુબાની દરમ્યાન રેકર્ડ ઉપર આવે છે. જો કે ફરિયાદીની ઉંમર અંગેની વિસંગત હકીકત માત્રથી ફરિયાદી તેમની જુબાનીમાં અન્ય હકીકતો ખોટી બોલતા હોવાનુ માની શકાય નથી. તેમજ બનાવ વખતે ફરિયાદીની ઉમર કેટલી હતી તે બાબત બનાવ સાથે સંકળાયેલ મહત્વની બાબત ગણી શકાય નહી.

બચાવપક્ષે એક દલીલ એવી પણ કરવામાં આવેલ છે કે,ફરિયાદીને થયેલ ઈજા બાબતે વિસંગત હકીકત રેકર્ડ ઉપર આવે છે. ફરિયાદીએ તેમની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, પીછો કરનાર માણસોએ ગાડીના કાર ઉપર પથ્થર મારેલ જેથી આ પથ્થર ગાડીના કાચમાં તથા ત્યારબાદ મને ડાબા કાનના પાછળના ભાગે વાગેલ. જયારે આંક–૧૦૯ ની ફરિયાદમાં તથા આંક–૧૧૫ ના મેડીકલ સર્ટીફીકેટમાં ઈજાની હિસ્ટ્રીમાં તલવારથી પોતાને ડાબા કાન પાછળ ઈજાથયેલ હોવાનુ જણાવેલ છે જેથી ઈજા પથ્થરથી થઈ કે તલવારથી તે અંગે વિસંગત હકીકત રેકર્ડ ઉપર આવે છે. આ સંદર્ભે ફરિયાદીની જુબાની, ફરિયાદ, આંક–૧૧૫ નુ મેડીકલ સર્ટીફીકેટ તથા આંક–૧૧૪ ની ડો. સિંહા ની જુબાની જોતા, તે દલીલ માની શકાય તેમ છે. પરંતુ સાથે સાથે એ હકીકત પણ ચોકકસપણે પુરવાર થાય છે કે ફરિયાદીને બનાવમાં કાન પાછળ ઈજા થયેલી. વધુમાં તેણીએ બનાવ વખતે જે કપડા પહેરેલ હતા અને બનાવમાં લોહીવાળા થયેલ હતા

તે કપડા પણ પોતાની જુબાની દરમ્યાન ઓળખીબતાવેલ છે. અને તે રીતે બનાવ વખતે ફરિયાદી બનાવ સ્થળે હાજર હતા અને તેમને તે બનાવમાં જ ઈજા થયેલી તે બાબત ચોકકસ પણે પુરવાર થાય છે.

બચાવપક્ષે ભારપુર્વક એક દલીલ એવી પણ કરવામાં આવેલ છે કે, ફરિયાદીએ તેમની જુબાની દરમ્યાન તથા ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન આરોપી ઓને ખોટી રીતે ઓળખી બતાવેલ છે. ઉપરોકત દલીલ સંદર્ભે ફરિયાદીની જુબાની જોવામાં આવે તો તેઓએ એવુ જણાવેલ છે કે, તેમની ગાડીનો છ સાત જણા પીછો કરતા હોય તેવુ જણાવેલુ અને આ લોકોએ વિક્રમસિંહને તલવારથી શરીરના ભાગે ઈજાઓ કરેલી. વધુમાં ફરિયાદીએ એવુ પણ જણાવેલ છે કે, આ ઈસમોએ તેણીને પેટના ભાગે તલવાર અડાડેલી જે હકીકત તેણીએ પોતાની ફરિયાદમાં પણ જણાવેલ છે. બનાવ વખતે હુમલો કરનાર આરોપીઓ પૈકી બે આરોપીઓ કે જેઓએ વિક્રમસિંહ ઉપર હુમલો કરી ઈજા પહોંચાડેલ તથા તેણીને પેટના ભાગે તલવાર અડાડેલ તે આરોપીઓ હરેશભાઈ મકનભાઈ ચોથાણી તથા રામજીભાઈ પ્રાગજીભાઈ મારકણા ને જુબાની દરમ્યાન કોર્ટમાં પણ ઓળખી બતાવેલ છે. આરોપીઓની ઓળખ બાબતે આંક–૧૪૫ નુ ઓળખ પરેડનુ પંચનામુ જોતા પણ ફરિયાદીએ આરોપીઓ પૈકી હરેશ મકન ચોથાણી ને ઓળખી બતાવેલ છે. ફરિયાદી સાહેદ સ્ત્રી છે, તથા દરબાર જ્ઞાતિના છે અને બહાર ગામના રહેવાસી છે. બનાવ અગાઉ આરોપીઓ પૈકી કોઈને નામથી કે જોયેથી ઓળખતા નથી કે કોઈપણ રીતે આરોપીઓથી પરિચીત નથી. જો કે બનાવ પહેલાથી આરોપીઓ પૈકી કોઈને ફરિયાદી નામથી કે ચહેરાથી ઓળખતા હતા તેવી બચાવપક્ષની

રજુઆત પણ નથી. આમ પણ દરબાર જ્ઞાતિના રિતરીવાજ અને રૂઢી તથા સામાજીક મર્યાદા મુજબ પરણીત સ્ત્રી કોઈ પુરુષ સાથે વાતચીત કરતી નથી કે કોઈપણ રીતે પરિચય કેળવતી નથી. બનાવ બાદ અને ઓળખ પરેડ કરવામાં આવી તે સમયગાળા દરમ્યાન પણ આરોપીઓ પૈકી કોઈને ફરિયાદીએ જોયેલ હોય કે કોઈ આરોપીના નામ મેળવેલ હોય તેવી કોઈ હકીકત બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે બચાવપક્ષની તેવી કોઈ રજુઆત પણ નથી. તેજ રીતે ફરિયાદીની જુબાની અગાઉ પણ આરોપીઓ પૈકી કોઈ આરોપીને ફરિયાદીએ જોયેલ હોય, નામ મેળવેલ હોય કે કોઈ ઓળખ કરાવેલ હોય તેવી કોઈ હકીકત બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે બચાવપક્ષની તેવી રજુઆત પણ નથી.વધુમાં આરોપીઓ પૈકી કોઈની સાથે ફરિયાદીને કોઈ દુશ્મની, તકરાર કે વૈમનશ્ય હોય તેવી કોઈ હકીકત પણ બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે તેવી તેમની રજુઆત પણ નથી. બચાવપક્ષે ભારપુર્વક એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ફરિયાદીએજુબાની દરમ્યાન તથા ઓળખ પરેડમાં આરોપીઓને ખોટીરીતે ઓળખી બતાવેલ છે. પરંતુ બચાવપક્ષની તે રજુઆત પણ માની શકાય તેમ નથી કારણ કે જો ફરિયાદી આરોપીઓને ખોટી રીતે ઓળખી બતાવવા માંગતા હોત તો ઓળખ પરેડ દરમ્યાન તથા જુબાની દરમ્યાન હાજર તમામ આરોપીઓને ફરિયાદીએ ખોટી રીતે ઓળખી બતાવેલ હોત પરંતુ એવુ બનેલ નથી. જેથી ફરિયાદીએ ઓળખ પરેડ તથા જુબાની દરમ્યાન જે આરોપીઓને ઓળખી બતાવેલ છે તે આરોપીઓની ગુનામાં સંડોવણી હોવાનુ ચોકકસ પણે માનવામાં આવે છે.

બનાવ વખતની પરિસ્થિતિ, રાતનો સમય, અજાણી જગ્યા, અચાનક હિંસક હુમલો આ બધી હકીકતો ધ્યાને લેતા, બનાવ વખતે એક સ્ત્રી ગભરાઈ ગયેલ હોય તે માનવ સહજ બાબત છે. વધુમાં આવા બનાવમાં નજરે જોનાર સાહેદ બનાવનુ ઝીણવટ ભર્યુ અવલોકન કરતા હોય અને કઈ વ્યકિતએ કયુ હથિયાર ધારણ કરેલ અને કયાં હથિયારથી હુમલો કરી ઈજા પહોંચાડવામાં આવેલી તે વિગતો વિડીયોગ્રાફીના રેકોર્ડીગની જેમ જણાવે તેવી અપેક્ષા રાખી શકાય નહી, અને તે અંગે થોડી ઘણી વિસંગતતા માનવ સહજ છે.

બનાવ વખતે ઉપરોકત બંને આરોપીઓની હાજરી અને ગુનાહિત બનાવમાં તેઓની સંડોવણી ત્યારેજ શકય છે કે જયારે આવુ ગુનાહિત કૃત્ય કરવા માટે તેઓ વચ્ચે મીટીંગ ઓફ માઈન્ડ થયેલ હોય, તેઓ એકબીજાને રુબરુ મળેલ હોય કે અન્ય કોઈ રીતે સંપર્કમાં રહી ગુનો કરવાની રૂપરેખા અને યોજના તૈયાર કરેલ હોય અને તે રીતે તેઓ વચ્ચે ગુનાહિત કાવત્રુ રચવામાં આવેલ હોવાનુ પણ સ્પષ્ટ રીતે પુરવાર થાય છે.

બચાવપક્ષે એક દલીલ એવી પણ કરવામાં આવેલ છે કે, ફરિયાદપક્ષે જેને સૌથી મહત્વના સાહેદ અને બનાવ નજરે જોનાર તથા બનાવમાં ઈજા પામનાર સાહેદ દર્શાવેલ છે તે ફરિયાદી રાજેશ્રીબા તેમની જુબાની દરમ્યાન સરતપાસમાં એવુ જણાવેલ છે કે, તેમની ગાડીનો પીછો કરનાર લોકોએ ગાડી ઉપર પથ્થર મારેલ અને આ પથ્થર ગાડીના કાચમાં તથા ત્યારબાદ પોતાને ડાબા કાનના પાછળના ભાગે વાગેલ. જયારે ઉલટતપાસમાં ફરિયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેણીએ પોતાની

ફરિયાદમાં કાચ કે પથ્થર પોતાને વાગ્યાનુ લખાવેલ નહી તથા ફરિયાદમાં પણ કાચ કે પથ્થર વાગવાથી કાનના પાછળ ઈજા થયેલાનુ જણાવેલ નથી પરંતુ તલવારનો ઘા વાગવાથી ડાબા કાન પર ઈજા થયેલાનુ લખાવેલ છે. તથા મેડીકલ ઓફિસર રૂબરુની હિસ્ટ્રીમાં પણ તલવારથી હુમલો થતા ડાબા કાન પાછળના ભાગે ઈજા થયેલાનુ લખાવેલ છે. આમ ફરિયાદીને શેના વડે ઈજા થયેલ તેબાબતે ફરિયાદી વિસંગત હકકીત જણાવે છે. ફરિયાદીની ફરિયાદ તથા આંક–૧૧૫ નુ ફરિયાદીનુ મેડીકલ સર્ટીફીકેટ જોતા તેમા તલવારથી હુમલો થવાથી ઈજા થયેલાનુ હિસ્ટ્રીમાં જણાવેલ છે. ફરિયાદ વાળો બનાવ સને ૨૦૦૩ ની સાલમાં બનેલ છે જયારે ફરિયાદીની જુબાની સને ૨૦૧૦ ની સાલમાં એટલે કે બનાવ બન્યાના સાતેક વર્ષે રેકર્ડ કરવામાં આવેલ છે. જેથી ફરિયાદમાં જણાવેલ હકીકત અને જુબાનીમાં જણાવાયેલ હકીકતમાં થોડી ઘણી વિસંગતતા આવી શકે. આંક–૧૧૫ નું મેડીકલ સર્ટીફીકેટ જોતા,ફરિયાદીને તા.૨૪–૫–૨૦૦૩ નારોજ રાત્રીના ૧૨.૨૦ વાગે દવાખાનામાં લાવવામાં આવેલ છે જે ટાઈમ જોતા પણ બનાવ બન્યો તે રાત્રીના થોડા સમય પછી લાવવામાં આવેલ છે. જેથી એ હકીકત ચોકકસપણે પુરવાર થાય છે કે, ફરિયાદીને ડાબા કાન પાછળ જે ઈજા થયેલી અને લોહી નીકળેલુ તે ફરિયાદમાં જણાવેલ હુમલાવાળા બનાવમાં જ થયેલી. જેથી એટલી હકીકત ચોકકપણે પુરવાર થાય છે કે, બનાવ સ્થળે અને બનાવ સમયે ફરિયાદી રાજેશ્રીબા હાજર હતા જેથી તેઓએ બનાવ સ્થળે જે બનાવ બનેલો તે જોયેલો તેવુ નિશ્ચિતપણે માની શકાય. તેજ રીતે ફરિયાદી મરણજનાર સાથે જે ગાડીમાં જતા હતા તેમા હુમલો કરવામાં આવતા અને ગાડીના કાચ ફોડી નાંખવામાં આવેલા તથા મરણજનાર વિક્રમસિંહને

તલવાર,ધોકા વિગેરે હથિયારોથી હુમલો કરી જીવલેણ ઈજાઓ પહોંચાડવામાં આવેલ તે હકીકત પણ ફરિયાદીની જુબાનીથી પુરવાર થાય છે. વિક્રમસિંહ ઉપર તલવારથી હુમલો કરનાર ઈસમોએ તેણીના પેટના ભાગે તલવાર અડાડેલી અને ખરાબ ગાળો બોલવા લાગેલા તેવુ જણાવેલ છે. જે ઈસમો પૈકી બે ઈસમો રામજીભાઈ પ્રાગજીભાઈ મારકણા તથા હરેશ મકનભાઈ નેજ ફરિયાદીએ ઓળખી બતાવેલ છે જયારે બાકીના તે સિવાયના આરોપીઓને ફરિયાદીએ જુબાની દરમ્યાન કે ઓળખ પરેડમાં ઓળખી બતાવેલ નથી. જેથી ઉપરોકત બે આરોપીઓ એટલે કે રામજીભાઈ પ્રાગજીભાઈમારકણાએ તથા હરેશ મકનભાઈ ચોથાણીએ ગુનાહિત કાવત્રાના ભાગ સ્વરુપે વિક્રમસિંહની ગાડીનો પીછો કરેલો તથા ગાડીને ઘેરી લઈ હુમલો કરી ગાળો બોલી વિક્રમસિંહ ઉપર તલવાર વડે હુમલો કરી જીવલેણ ઈજાઓ પહોંચાંડેલી તેવી હકીકત ફરિયાદીની જુબાનીથી ચોકકસ પણે પુરવાર થાય છે. પરંતુ તે સિવાયના આરોપીઓ વિરુધ્ધ આવી કોઈ હકીકત ફરિયાદીની જુબાનીથી પુરવાર થતી નથી. હુમલો થતા ફરિયાદી પણ ઈજાગ્રસ્ત થતા ગભરાઈ ગયેલી અને એસ.આર.પી. લાઈનમાં આવેલ તેણીના માસીના ઘરે પહોંચવાનો પ્રયત્ન કરેલો તેથી સ્વભાવીક છે કે હુમલા બાદ વિક્રમસિંહ તથા તેમની ગાડીનુ શુ થયુ, કયાં લઈ ગયા તેમજ વિક્રમસિંહ જીવીત રહેલ કે મૃત્યુ પામેલ તે હકીકત તેણીને ખબર ના હોય. જેથી તે બાબતની જાણકારીની ફરિયાદી પાસે અપેક્ષા રાખી શકાય નહી.

**(૨૧)** ફરિયાદપક્ષે સાહેદ નં. ૬ છોટાબા મખુભા જાડેજા ને આંક–૧૨૧ થી તપાસવામાં આવેલ છે કે જેઓ ઈજા પામનાર ફરિયાદીના માસીબા થાય છે. તેઓ મુખ્ય બનાવ નજરે જોનાર સાહેદ નથી પરંતુ મુખ્ય બનાવ બાદની તરતની ઘટનાક્રમના સાહેદ

તથા હિયર્સે વિટનેશ છે. તેઓની જુબાનીથી એટલી હકીકત પુરવાર થાય છે કે, ફરિયાદ વાળા બનાવમાં ઈજા પામનાર રાજશ્રીબા સાહેદના ઘરે ગયેલાઅને તેઓએ રાજેશ્રીબા ને કાનમાં વાગેલ તે જોયેલુ જેથી રાજેશ્રીબા ને દવાખાને લઈ ગયેલા. તેજ રીતે બનાવની હકીકત તેઓએ રાજેશ્રીબા પાસેથી જાણેલી તેટલી બાબત તેઓની જુબાનીથી રેકર્ડ ઉપર આવે છે. ઉપરોકત સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ નથી પરંતુ હિયર્સે વિટનેશ છે. પરંતુ ફરિયાદીએ જે હકીકત પોતાની જુબાનીમાં જણાવેલ છે તેજ હકીકત હાલના સાહેદ પણ જણાવેલ છે. જેથી કોરોબોરેટીવ પીસ ઓફ એવિડન્સ તરીકે ઉપરોકત સાહેદ જણાવેલ હકીકતને માની શકાય.

**(૨૨)** ફરિયાદપક્ષે સાહેદ નં. ૭ શશીકલાધરન ગોપાલદાસ વૈશણવ ને આંક–૧૨૨ થી તપાસવામાં આવેલ છે. જેઓ પણ મુખ્ય બનાવ નજરે જોનાર સાહેદ નથી પરંતુ મુખ્ય બનાવ બાદની તરતની ઘટનાક્રમના સાહેદ છે અને હિયર્સે વિટનેશ છે. તેઓની જુબાનીથી એટલી હકીકત ચોકકસપણે પુરવાર થાય છે કે તેઓ એસ.આર.પી. ગેટ પાસે આવેલ મેલડી માતાના મંદિરમાં બનાવના અરસામાં સેવા પુજા કરતા હતા અને બનાવની રાત્રે પોતાના રુમમાં સુતા હતા અને બહાર સુતેલ જોહન નામના સાધુએ સાહેદનો રુમનો દરવાજો ખખડાવતા સાહેદે રુમની બારી ખોલતા રુમની બારીમાંથી જોયેલ તો તેની સાથે એક બેન ઉભેલ હતા. જે બેન મુશ્કેલીમાં હોવાનુ અને જાન બચાવવા આજીજી કરતા હોવાનુ જણાયેલ, તથા આ બેને પોતાની ઉપર તથા પોતાના ભાઈ ઉપર ગુંડાઓએ હુમલો કરેલ હોવાનુ જણાવેલુ. જેથી સાહેદે આ બેનને એસ.આર.પી. કવાટર્રમાં તેમને મુકી આવવા સાધુ જહોનને કહેલ. ઉપરોકત

સાહેદની બચાવપક્ષના વિ.ધા.શ્રીએ ઉલટતપાસ કરેલ છે પરંતુ સાહેદે જણાવેલ ઉપરોકત હકીકતનુ ખંડન થઈ શકેલ નથી. આમ ફરિયાદીએ તેમની જુબાનીમાં જણાવેલ એ હકીકતને સમર્થન મળે છે કે બનાવમાં તેણીને ઈજા થતા તે નજીકમાં આવેલ મેલડી માતાના મંદિરે મદદ માટે ગયેલી અને ત્યાંથી મંદિરના સાધુ તેણીને માસીબા છોટાબા ના ઘરે મુકી આવેલ.

**(૨૩)** ફરિયાદપક્ષે સાહેદ નં. ૩ અર્જુનસિંહ ચંદ્રજીતસિંહ રાણા ને આંક–૧૧૦ થી તપાસવામાં આવેલ છે કે જેઓ મરણજનાર વિક્રમસિંહના માસીબા ના દિકરા થાય છે. તેઓ બનાવ નજરે જોનાર સાહેદ નથી. પરંતુ બનાવના સમાચાર મળતા ગોંડલ આવેલા અને બનાવ અંગેની માહિતી ફરિયાદી પાસેથી મેળવેલી. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ હકીકતના મહત્વના મુદાઓ નોંધવામાં આવે તો તેઓ રાજકોટ રહે છે અને બનાવની રાત્રે બાર સાડા બાર વાગે શકિતસિંહ નામની વ્યકિતનો કે જેઓ ક્રિકેટ સાથે સંકળાયેલા છે અને વિક્રમસિંહ સાથે પરિચય ધરાવતા હતા તેઓનો ફોન આવેલ અને એવુ જણાવેલ કે, દિલીપસિંહનો ફોન લાગતો નથી અને તેમને લઈને અરજન્ટ ગોંડલ આવી જાવ તેવુ જણાવેલ, અને તેઓ દિલીપભાઈને લઈને ગયેલ અને તે દરમ્યાન બીજા પણ એક દિલાવરભાઈનો ફોન આવેલ અને તેઓએ એવુ જણાવેલ કે, રાજવાડી પ્રકરણમાં વિક્રમસિંહનુ અપહરણ થયેલ છે તેથી તમે દિલીપભાઈ ને લઈને તાત્કાલીક આવી જાવ જેથી તેઓ દિલીપભાઈને લઈને ગાડીમાં ગોંડલ આવેલા અને બનાવની માહિતી આપેલી. ગોંડલ આવ્યા બાદ તેઓ બંને પ્રથમ દવાખાને ગયેલા કે જયાં વિક્રમસિંહની સાથેના બેનને દાખલ કરેલ હતા ત્યાં ગયેલા. ત્યારબાદ સાહેદે વિક્રમ

સિંહના મૃત્યુની જાણકારી બાબતે એવી હકીકત જણાવેલ છે કે તેઓ અને દિલીપભાઈ જુદા જુદા વિસ્તારમાં ફરેલ અને તે દરમ્યાન રાજવાડીથી આગળ જતા મેલડી માતાના મંદિર પાસે રોડની સાઈડમાં વિક્રમસિંહની ગાડી પડેલી જોયેલી અને ગાડીની બાજુમાં આવેલ ખાડામાં વિક્રમસિંહની ક્રુર રીતે હત્યા કરેલી લાશ જોયેલી. અને ત્યારબાદ તેઓ બંને ગોંડલ સિવિલ હોસ્પીટલે કે જયાં બનાવમાં ઈજા પામનાર બેન સારવાર લેતા હતા ત્યાં ગયેલા. વધુમાં ઉપરોકત સાહેદ તેમને બનાવની જાણકારી કઈ રીતે મળેલ તેબાબતે જણાવે છે કે, બનાવમાં ઈજા પામનાર બેન કે જે દવાખાનામાં સારવાર લઈ રહેલ તે બેને તેઓને બનાવની તમામ હકીકતો જણાવેલી.

બચાવપક્ષના વિ.ધા.શ્રીએ ઉપરોકત સાહેદની ઉંડાણપુર્વક અને વિગત વાર ઉલટતપાસ કરેલ છે જેના મહત્વના મુદાઓ નોંધવામાં આવે તો,વિક્રમસિંહને તેઓ સમજણા થયા ત્યારથી ઓળખતા હોવાનુ અને વિક્રમસિંહ રમત ગમત ક્ષેત્રે પ્રતિભા ધરાવતા હતા અને બનાવના અરસામાં વિક્રમસિંહની ઉમર ૪૮ વર્ષની આસપાસ હશે તેવુ જણાવે છે. મરણજનાર વિક્રમસિંહ ગુનાહિત પ્રવૃતિ કરતા હતા, તેમની સામે ખુનના ગુનાનો કેસ ચાલતો હતો, ખિસ્સામાં કોન્ડોમ રાખતા, તેઓ અને ગુણાદિત્ય સિંહને રાજવાડીની માલિકીની તકરાર ચાલતી હતી તે બધી બાબતોઅંગે સાહેદ પોતે કાઈ જાણતા નહીં હોવાનુ ઉલટતપાસમાં જણાવેલ છે. વિક્રમસિંહને રાજવાડી પ્રકરણમાં માથાકુટ ચાલે છે તે લોકો તેનુ અપહરણ કરીને લઈ ગયેલ અને તમો દિલીપભાઈને લઈ ને ગોંડલ આવો તેવી વાત દિલાવરભાઈએ કરેલી હોવાનુ સાહેદ જણાવે છે. જો કે કોણ લઈ ગયેલ તે સંબંધે સાહેદે દિલાવરભાઈને પુછેલ નહી પરંતુ દિલવારભાઈના

કહેવા મુજબ મરનારનુ અપહરણ થયેલુ તેવુ સાહેદ જણાવે છે. જો કે મરણજનારને કોણ લઈ ગયેલ છે તે સંબંધે તેમજ તેમને કઈ રીતે ખબર પડેલ તે બાબતે દિલાવરભાઈને સાહેદે પુછેલ નહી તેવુ જણાવે છે. સાહેદ ઉલટતપાસમાં એવુ પણ જણાવે છે કે, તેઓએ જે જગ્યાએ વિક્રમસિંહની ગાડી અને લાશ જોયા તે જગ્યા એસ.આર.પી. કમ્પાઉન્ડથી પાંચેક કિ.મી. દુર હશે. વિક્રમસિંહની લાશ ચતી પડેલ હતી અને તે જગ્યા એ તેઓ પહોંચ્યા ત્યારે કોઈ માણસો બનાવવાળા સ્થળે ન હતા અને તે વખતે બે વાગ્યા નો સમય હશે તેવુ સાહેદ જણાવે છે. જે પોલીસ ઈન્સ્પેકટરે સાહેદનો જવાબ લીધેલો તેઓ પણ વિક્રમસિંહને શોધવામાં સાથે હતા તેવુ સાહેદ જણાવે છે. વિક્રમસિંહની ગાડી અને લાશ મળેલી તે જગ્યાએ તેઓ પાંચ સાત મિનિટ જેટલુ રોકાયેલા તેવુ સાહેદ જણાવે છે. ઈજા પામનાર બેન જે હોસ્પીટલમાં સારવાર હેઠળ હતા ત્યાં સાહેદ બે વખત ગયેલા હોવાનુ અને પ્રથમ વાર ગયા ત્યારે આ બેન સાથે વાતચીત નહીં થયેલ હોવાનુ અને બીજા વખત પહોંચ્યા ત્યારે પોલીસ આ બેનની પુછપરછ કરતા હતા અને તે સમયે સાહેદે પણ આ બેનને બનાવ સંબંધે પુછેલ અને બેને બનાવનુ વર્ણન કરેલુ.

આમ ઉપરોકત સાહેદની સમગ્ર જુબાનીનુ વિશ્લેષણ કરવામાં આવે તો તેઓને વિક્રમસિંહના અપહરણની ફોનથીજાણ થતા તેઓ અને દિલીપભાઈ ગોંડલ આવેલા. તેઓએ તથા દિલીપભાઈએ અને પોલીસે વિક્રમસિંહની શોધખોળ કરેલી અને વિક્રમસિંહની ગાડી તથા વિક્રમસિંહનીલાશ તેઓને એસ.આર.પી. કમ્પાઉન્ડથી પાંચેક કિ.મી. દુર રાજવાડીથી આગળ જતા મેલડી માતાના મંદિર પાસે વિક્રમસિંહની ગાડી તથા વિક્રમસિંહની લાશ જોવા મળેલી. આ બનાવ બનવા પાછળનુ કારણ

વિક્રમસિંહને રાજવાડી બાબતે રામજી મારકણા અને હરેશ ચોથાણી ના સર્કલ સાથે વાંધો હતો તે હોવાનુ સાહેદ જાણતા હતા. બનાવની વિગતો તેઓએ બનાવમાં ઈજા પામનાર બેન પાસેથી મેળવેલી જે હકીકતોનુ બચાવપક્ષ ઉલટતપાસ દરમ્યાન ખંડન કરી શકેલ નથી. બનાવ નજરે જોનાર અને બનાવમાં ઈજા પામનાર ફરિયાદીએ બનાવ સંબંધે જે હકીકત જણાવેલ છે તે હકીકતો હિયર્સે વિટનેશ તરીકે સાહેદે પણ જણાવેલ છે. જેથી હિયર્સે વિટનેશ તરીકે ઉપરોકત સાહેદની જુબાની પુરાવાની દૃષ્ટિએ મહત્વની માનવામાં આવે છે.

**(૨૪)** ફરિયાદપક્ષે સાહેદ નં. ૫ દિલીપસિંહ પ્રવીણસિંહ રાણા ને આંક–૧૧૯ થી તપાસવામાં આવેલ છે કે જેઓ મરણજનાર વિક્રમસિંહના ભાઈ છે. તેઓ બનાવ નજરે જોનાર સાહેદ નથી પરંતુ બનાવના સમાચાર મળતા સાહેદ અર્જુનસિંહ સાથે ગોંડલ આવેલાઅને બનાવ અંગેની માહિતી ફરિયાદી બેન પાસેથી મેળવેલી. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોના મહત્વના મુદાઓ નોંધવામાં આવે તો તેઓ રાજકોટ મુકામે રહે છે અને બનાવની રાત્રે બાર સાડા બાર વાગ્યાના સુમારે તેમના પિત્રાઈ ભાઈ અર્જુનસિંહ રાણા તેમને તેડવા આવેલા અને વિક્રમસિંહનુ અપહરણ થઈ ગયેલ છે તેવુ જણાવેલુ. વિક્રમસિંહ ધણા સમયથી સ્વામીનારાયણ મંદિરે આવતા જતા હોવાનુ જણાવે છે. બનાવ જેના કારણે બનેલ હોવાનુ ફરિયાદપક્ષ જણાવે છે તે રાજવાડી બાબતે સાહેદ જણાવે છે કે રાજવાડી ગુણાદિત્યસિંહ જાડેજા ની હતી અને તેમની પાસેથી અમોએ ખરીદ કરેલી હતી અને રાજવાડી પેટે સવાલાખ રુપિયાનો બરોડા બેંકનો ડ્રાફટ ગુણાદિત્યસિંહના નામનો કાઢીને સાહેદે આપેલો હોવાનુ જણાવે છે. જે રાજવાડીની

દેખભાળ વિક્રમસિંહ કરતા હતાઅને તેમાંથી ખેતીની આવક થતી હોવાનુ સાહેદ જણાવે છે. રાજવાડીની કાનુની તકરાર બાબતે સાહેદ જણાવે છે કે આ રાજવાડીનો દસ્તાવેજ ગુણાદિત્યસિંહ કરી આપતા ન હોઈ તેઓએ કોર્ટમાં દાવો દાખલ કરી ગુણાદિત્યસિંહ સામે સ્ટેટકવો મેળવેલો. આ રાજવાડીનો ગુણાદિત્યસિહ કે અમારા (સાહેદ અને વિક્રમસિંહ) ધ્યાન બહાર રામજી મકવાણાને દસ્તાવેજ કરી આપેલ. રામજી મારકણા સાથે દસ્તાવેજ થયો ત્યાં સુધી આ રાજવાડી પોતાની પાસે હતી તેવુ સાહેદ જણાવે છે. આ રાજવાડીમાં વિક્રમસિંહ હાજર નહોતા ત્યારે રામજી મારકણાઅને તેમના માણસો ઘુસી ગયેલા તેવુ સાહેદ જણાવે છે. જો કે આ બાબતે કોઈ ફોજદારી ફરિયાદ કરેલ નહીં હોવાનુ પણ સાહેદ જણાવે છે. ફરિયાદવાળા બનાવ અંગેની તથા બનાવ બાદની ઘટનાક્રમની જાણકારી બાબતે સાહેદ જણાવે છે કે તેઓ અને અર્જુન સિંહ ગોંડલ આવ્યાબાદ પ્રથમ હોસ્પીટલમાં ગયેલાઅને ત્યાં દાખલ કરેલ રાજેશ્રીબાને મળેલા. અને રાજેશ્રીબાને કાનમાં વાગેલ હોવાનુ સાહેદ જણાવે છે. અને ત્યારબાદ તેઓ વિક્રમસિંહને શોધવા માટે ગયેલા અને શોધખોળ દરમ્યાન વિક્રમસિંહની ગાડી અને વિક્રમસિંહની લાશ તેઓએ મેલડી માતાના મંદિર પાસે રોડની સાઈડમાં ખાડામાં પડેલ હાલતમાં જોયેલી. સાહેદ હિયર્સે વિટનેશ તરીકે જુબાની આપતા જણાવે છે કે ત્યાર બાદ તેઓ પાછા હોસ્પીટલે આવેલા અને તે વખતે રાજશ્રીબાએ બનાવ અંગેની વાત કરેલી તેથી બનાવની વિગતોની જાણકારી મેળવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. રાજવાડીની તકરારને કારણે વિક્રમસિંહને મારી નાંખવામાં આવેલ હોવાનુ સાહેદ જણાવે છે. જુબાની દરમ્યાન કોર્ટમાં હાજર આરોપીઓ પૈકીબે આરોપીઓ રામજી

મારકણા અને રાજુભાઈને સાહેદે ઓળખી બતાવેલ છે, જયારે બાકીના આરોપીઓને જોયેથી ઓળખતા હોવાનુ અને તેમના નામની ખબર નહી હોવાનુ જણાવે છે.

બચાવપક્ષના વિ.ધા.શ્રીએ કરેલ ઉલટતપાસમાં સાહેદે વિક્રમસિંહના લગ્ન થયેલ ન હતા તે વાતનો સ્વીકાર કરેલ છે. પરંતુ મરણજનાર વિક્રમસિંહ ગુનાહિત ભુતકાળ ધરાવતા હોવાનો તથા તેમની સામે લુંટના અને મારામારીના ધણા કેસો થયેલાનો ઈન્કાર કરેલ છે. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છેકે, તેઓને એટલાજ સમાચાર મળેલા કે મરનારનુ અપહરણ થયેલ છે તેથી તેઓ શોધવા માટે ગયેલા. ઈજા પામનાર બેને કોઈના નામ આપેલ નહીં તે વાતનો સાહેદે ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે બેને જે નામ જણાવેલ તે તેઓએ પોલીસમાં કહેલા પરંતુ પોલીસ જવાબમાં લખેલ કે કેમ તેની પોતાને ખબર નથી. સાહેદ સરતપાસામાં જણાવેલ કે બેને આરોપીઓને અગાઉ તપાસ કરનારઅધિકારી પાસે ઓળખેલ નહી હોવાનુ જણાવે છે અને કારણ આપતા એવુ જણાવે છે કે તપાસ કરનાર અધિકારીએ ઓળખવા માટે બોલાવેલ નહી. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓ જે સિવિલ લીટીગેશનની વાત કરે છે તે વિક્રમસિંહ અને ગુણાદિત્યસિંહ વચ્ચે ચાલતી હતી. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ જે પહોંચરજુ કરેલ છે તેની સાથે આરોપીઓને કોઈ સંબંધ નથી. સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ લાશ જોઈને આવ્યા બાદ ઈજા પામનાર બેનને એવુ જણાવેલ કે તમારે હું કહુ તે રીતે ફરિયાદ લખાવવાની છે. ઈજા પામનાર બેને સાહેદને કોઈ વાત કરેલ નહી હોવાનો સાહેદે ઈન્કાર કરેલ છે.

સાહેદની સમગ્ર જુબાનીનુ વિશ્લેષણ કરવામાં આવે તો સાહેદ બનાવ નજરે જોનાર નથી પરંતુ હિયર્સે વિટનેશ છે. સાહેદના ભાઈ વિક્રમસિંહનુ અપહરણ થયાના સમાચાર તેઓને તેમના પિતરાઈ ભાઈ અર્જુનસિંહે આપેલા, જેથી તેઓ બંને ગોંડલ આવેલા અને તેઓ બનાવ વખતે ઈજા પામનાર અને હોસ્પીટલમાં સારવાર લઈ રહેલ રાજેશ્રીબા ને મળેલા અને બનાવની હકીકતોની જાણકારી રાજેશ્રીબા પાસેથી મેળવેલી તથા વિક્રમસિંહની શોધખોળ કરતા વિક્રમસિંહની ગાડી અને વિક્રમસિંહ ઈજા –ગ્રસ્ત હાલતમાં મરણ ગયેલ હાલતમાં મળી આવેલા. ઉપરોકત સાહેદની ઉલટતપાસ દરમ્યાન બચાવપક્ષ એવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે મરણજનાર વિક્રમસિંહ ગુનાહિત ઈતિહાસ ધરાવતા હતા. ઉપરોકત સાહેદે બનાવના આઠેક વર્ષ બાદ જુબાની આપેલ છે જેથી તેમની જુબાનીઅને પોલીસ રુબરુના નિવેદનમાં થોડી ઘણી વિસંગતતા આવે તે શકય છે. પરંતુ બનાવ સંબંધે ફરિયાદીએ જણાવેલ મહત્વની હકીકતો ઉપરોકત સાહેદ તેમની જુબાનીમાં જણાવેલ છે. જેથી કોરોબોરેટીવ પીસ ઓફ એવિડન્સ તરીકે ઉપરોકત હિયર્સે વિટનેશે તેમની જુબાનીમાં જણાવેલહકીકતથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે છે.

**(૨૫)** ફરિયાદપક્ષ સાહેદ નં. ૨૨ નટવરગીરી ઉદયગીરી ને આંક–૧૮૫ થી તપાસવામાં આવેલ છે જેઓની સમગ્ર જુબાની જોતા, ફરિયાદપક્ષની તરફેમાં એટલી હકીકત પુરવારથાય છે કે તેઓ સ્ટુડીયો અને ફોટોગ્રાફીનુ કામ કરે છે અને બનાવ બાદ પોલીસના બોલાવવાથી અને પોલીસના કહેવાથી તેઓએ મેલડી માતાના મંદિરની સામેના ભાગે કાચા રોડ ઉપર ફોટા પાડેલ તથા પોલીસ સ્ટેશને પડેલ પ્રિમીયર ગાડી નં.

જીડીજી–૪૧૪૧ તથા ઈન્ડીકા ગાડી નં. જીજેડી–૩૪૬૪ ના તથા ગાડી સહીતના કુલ દશ ફોટાઓ પાડેલા. જે જગ્યા અને ગાડીઓ પોલીસે બતાવેલી.

(૨૬) ફરિયાદપક્ષે સાહેદ નં. ૨૩ ભારતીબેન મનોજભાઈ ને આંક–૧૮૭ થી તપાસવામાં આવેલ છે. તેઓએ માત્ર એટલીજ હકીકત જણાવેલ છે કે તેઓના પતિ ડોકટર છે અને સને ૨૦૦૩ ની સાલમાં તેમના કૌટુંબીક દિયર રાજુભાઈ દુધાત્રા કે જેઓ જુબાની દરમ્યાન કોર્ટમાં હાજર છે તેઓ કંકોત્રી આપવા આવેલા. તે સિવાય બનાવ સંબંધીત ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ હકીકત ઉપરોકત સાહેદે જણાવેલ નથી. ઉપરોકત સાહેદને સરકારી વકીલશ્રીની વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ સરકારી વકીલશ્રીએ કરેલ ઉલટતપાસમાં પણ સાહેદે ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ નથી.

(૨૭) ફરિયાદપક્ષે સાહેદ નં. ૨૪ મનોજભાઈ ગોરધનભાઈ દુધાત્રાને આંક–૧૮૮ થી તપાસવામાં આવેલ છે. જેઓની જુબાની દરમ્યાન માત્ર એટલી જ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે તેઓ કાલસરી ગામે હોમીયોપેથી ડોકટર તરીકે પ્રેકટીશ કરે છે અને પોતે કોલીથડ ગામના રહેવાસી છે. ૨૦૦૩ ની સાલમાં રાજુભાઈની બેનના લગ્ન હોય રાજુભાઈ કંકોત્રી આપવા આવેલા. પરંતુ તેમની સાથે બીજા કોઈ માણસો હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. તેજ રીતે સાહેદે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, આ રાજુભાઈ સાથે આવેલા પાંચ થી છ માણસોને ઈજા થયેલ હતી અને તેની તેઓએ સારવાર કરેલી અને તેઓના નામ, ઠામ પુછેલા. તેજ રીતે સાહેદે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, આરોપીઓ ગોંડલ ખુન કરીને આવેલા

અને એકસીડન્ટ થયેલ હોવાનુ તેઓએ જણાવેલ.

ઉપરોકત સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય સરકારી વકીલશ્રીની વિંનતીથી હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ સાહેદની ઉલટતપાસ કરવા સરકારી વકીલશ્રીને પરવાનગી આપવામાં આવેલ. પરંતુ સરકારી વકીલશ્રીએ કરેલ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ હકીકત ઉપરોકત સાહેદે જણાવેલ નથી.

આમ ઉપરોકત સાહેદની જુબાનીથી માત્ર એટલીજ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે તેઓ કોલીથડ ગામના રહેવાસી છે અને કાલસરી ગામે હોમીયોપેથી ડોકટરની પ્રેકટીશ કરે છે. તથા ૨૦૦૩ ની સાલમાં રાજુભાઈની બેનના લગ્ન હોય રાજુભાઈ સાહેદને કંકોત્રી આપવા આવેલા.તે સિવાય ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ હકીકત ઉપરોકત સાહેદ જણાવતા નથી.

**(૨૮)** ફરિયાદપક્ષે સાહેદ નં. ૩૦ રાજેન્દ્રસિંહ રામવરણ તોમર ને આંક–૨૧૨ થી તપાસવામાં આવેલ છે. જેઓએ જુબાની દરમ્યાન માત્ર એટલીજ હકીકત જણાવેલ છે કે તેઓ ૨૦૦૨ –૨૦૦૩ ની સાલમાં રાજવાડીમાં ચોકીદાર તરીકે કામ કરતા હતા અને તેઓની સાથે એક ધર્મસિંગ તથા બીજો એક મારવાડીનો છોકરો રસોઈ બનાવતો હતો, અને વિનુભાઈના કહેવાથી સાહેદ રાજવાડીમાં ધર્મસિંગ સાથે ચોકીદારમાં આવેલો અને સાહેદ તથા ધર્મસિંગ રાજવાડીમાં ચોકીદાર હતા ત્યારે ત્રણ પોલીસવાળા પણ ત્યાં રહેતા હતા. જો કે આ કામના આરોપીઓ રામજીભાઈ કે ભરતભાઈ તથા વાછરાના કાનાભાઈ ત્યાં આવતા હોય તે બાબતે પોતાને ખબર નહીં હોવાનુ જણાવેલ છે.

સાહેદે રામજીભાઈ મારકણાનુ નામ સાંભળેલ હોવાનુ જણાવેલ છે, પરંતુ તેમને જોયેલ નહી હોવાનુ જણાવે છે. જેથી રામજીભાઈને પોતે ઓળખી શકે નહીં તેવુ જણાવે છે. લાલજીભાઈને પણ સાહેદ નામથી ઓળખતો હોવાનુ અને જોયેથી ઓળખતો નહી હોવાનુ જણાવે છે. વિનુભાઈને વિક્રમસિંહ રાણા સાથે ઝઘડો ચાલતો હોય તે બાબતની પોતાને જાણ નહીં હોવાનુ જણાવે છે, અને આ વિનુભાઈ એકાદ બે વખત મળ્યા અને ખાવા પીવાની તકલીફ સંબંધે વાત કરેલી તે સિવાય બીજી કોઈ વાત કરેલ નહી તેવુ સાહેદ જણાવે છે. તેજ રીતે વિક્રમસિંહ રાણાનુ પણ નામ સાંભળેલ હોવાનુ પરંતુ તેમને ઓળખતો નહી હોવાનુ જણાવે છે. બનાવ વખતે સાહેદ પોતાના વતનમાં ગયેલ હોવાનુ અને પાછા આવ્યા પછી વિક્રમસિંહ રાણાનુ ખુન થઈ ગયેલ તેના સમાચાર મળેલ હોવાનુ સાહેદ જણાવે છે. રસોઈ બનાવવાની જગ્યામાં હથિયાર રાખતા હોવાનુ ખરુ નહીં હોવાનુ પણ સાહેદ જણાવે છે. પોલીસે સાહેદની પુછપરછ કરેલ તેવુ સાહેદ જણાવે છે.

ઉપરોકત સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય સરકારી વકીલશ્રીની વિંનતીથી હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ સાહેદની ઉલટતપાસ કરવા સરકારી વકીલશ્રીને પરવાનગી આપવામાં આવેલ. પરંતુ સરકારી વકીલશ્રીએ કરેલ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ હકીકત ઉપરોકત સાહેદે જણાવેલ નથી.

આમ ઉપરોકત સાહેદની જુબાનીથી માત્ર એટલીજ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે ઉપરોકત સાહેદ ચોકીદાર તરીકે રાજવાડીમાં કામ કરતો હતો. તે સિવાય ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ મહત્વની હકીકત સાહેદ જણાવતા નથી. .

(૨૯) ફરિયાદપક્ષે સાહેદ નં.૩૩ લાલજીભાઈ જાદવભાઈ સાવલીયા ને આંક–૨૨૮ થી તપાસવામાં આવેલ છે જેઓના પુરાવા મુજબ, તેઓ વકીલાત કરતા હતા તે દરમ્યાન ગુણાદિત્યસિંહજી સાથે પરિચયમાં આવેલા જેઓ મુંબઈ રહેતા હોઈ અને તેમના જુના દાવા ચાલતા હોઈ તેમના કુલમુખતયાર તરીકે સાહેદને નિમેલા. ફરિયાદમાં જણાવેલ રાજવાડી બાબતે તેઓ માત્ર એટલીજ હકીકત જણાવેલ છે કે આ રાજવાડી ગુણાદિત્યસિંહે, વિનુભાઈ શીંગાળા અને લલીતભાઈ પાનસુરીયા ને વેંચેલી. જે વાડીનો કબજો વિક્રમસિંહ રાણા પાસે હતો અને વિક્રમસિંહ અને ગુણાદિત્યસિંહ, તેમજ વિક્રમસિંહ અને વિનુભાઈ શીંગાળા વચ્ચે આ બાબતે કોર્ટમાં દાવાદુવી થયેલા. પરંતુ હાલના આરોપીઓ અને  વિક્રમસિંહ વચ્ચે કોઈ દાવાદુવી થયેલ હોવા અંગે કોઈ જાણકારી દર્શાવેલ નથી. વિક્રમસિંહ રાણાનુ ખુન થઈ ગયેલાની હકીકત પેપરના માધ્યમથી સાહેદે જાણેલ હોવાની તથા વિનુભાઈનુ પણ ખુન થઈ ગયેલાનુ જાણતા હોવાનુ જણાવેલ છે. આમ રાજવાડી બાબતે વિક્રમસિંહને ગુણાદિત્યસિંહ સાથે કોર્ટમાં દાવાદુવી ચાલતા હોવા સિવાયની બનાવને સમર્થન આપતી કોઈ મહત્વનીહકીકત સાહેદે જણાવેલ નથી.

(૩૦) ફરિયાદપક્ષે સાહેદ નં. ૩૪ રામદેવસિંહ ધનશ્યામસિંહ ચુડાસમા ને આંક–૨૨૯ થી તપાસવામાં આવેલ છે. જેઓની સમગ્ર જુબાની જોતા, ફરિયાદપક્ષની તરફેણમાં હકીકત રેકર્ડ ઉપર આવે છે કે ફરિયાદી રાજેશ્રીબા તેમના મામી થાય છે અને બનાવના અરસામાં સાહેદના ઘરે લગ્નમાં આવેલા અને તેઓ રાજેશ્રીબાને ગોંડલ વિક્રમસિંહ રાણા ને ત્યાં મુકી ગયેલા તથા રાજેશ્રીબાના સગા એસ.આર.પી. કેમ્પ

ગોંડલમાં રહે છે. સાહેદે બનાવ સંબંધે એવી હકીકત જણાવેલ છે કે તેના બીજા દિવસે વિક્રમસિંહ રાણા નુ ખુન થઈ ગયેલ છે તેવી ખબર પડેલી. જો કે તે કોણે કરેલુ તે પોતાને યાદ નહી હોવાનુ સાહેદે જણાવેલ છે.આમ મરણજનાર વિક્રમસિંહ રાણા અને આ કામના ફરિયાદી બનાવવખતે સાથેહતા તે હકીકતને સમર્થન મળે છે.

(૩૧) ફરિયાદપક્ષે સાહેદ નં. ૩૫ રણજીતસિંહ ઈન્દ્રજીતસિંહ ઝાલા ને આંક–૨૩૦ થી તપાસવામાં આવેલ છે. જેઓની જુબાની જોતા તેઓ એસઆરપી ગોંડલમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેમની બાજુમાં રહેતા એસઆરપી હેડ કોન્સ્ટેબલ મખુભા ના ઘરે ૨૦૦૩ ની સાલમાં એક સ્ત્રી મહેમાન આવેલ હતી જેઓને વાગેલ હતુ અને મખુભા ના પત્નીએ તે મહેમાનને સારવાર અર્થે લઈ જવાનુ જણાવતાં સાહેદે તે મહેમાન બહેનને સિવિલ હોસ્પીટલ ગોંડલમાં સાહેદ પોતાની ફીયાટ માં લઈ ગયેલ અને હોસ્પીટલમાં પોલીસ આવેલ ત્યારે આ બહેને વિક્રમસિંહ રાણા નું ખુન થઈ ગયેલુ તેવુ જણાવેલ. આમ ઉપરોકત સાહેદની જુબાની જોતા મખુભા ના ઘરે કોઈ બહેન ઈજા પામનાર હાલતમાં આવેલ હોવાની હકીકતને તેમજ આ બહેનને સાહેદ સિવિલ હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. તેમજ આ બહેને સિવિલ હોસ્પીટલમાં એવુ જણાવેલ હોવાની હકીકતને પણ સમર્થન મળે છે કે તેણીએ વિક્રમસિંહ રાણાનુ ખુન થઈ ગયેલ તેવી હકીકત હોસ્પીટલમાં જણાવેલી. ઉપરોકત સાહેદ આ કામના ફરિયાદી બહેનને નામથી કે અગાઉ જોયેલ હોય તે રીતે ઓળખતા હોવાનુ જણાવેલ નથી. પરંતુ મખુભા ના ઘરે આવેલ તેમના મહેમાન બહેન ઈજાગ્રસ્ત હાલતમાં આવેલ હોવાનુ ફરિયાદપક્ષની તરફેણમાં ચોકકસપણે રેકર્ડ

ઉપર આવે છે.

**(૩૨)** ફરિયાદપક્ષે સાહેદ નં. ૩૬ રણજીતસિંહ ભગવતસિંહ જાડેજા ને આંક–૨૩૧ થી તપાસવામાં આવેલ છે. જેઓની જુબાનીથી એટલી જ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે ૨૦૦૩ ની સાલમાં તેઓ એસઆરપી હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા, અને બનાવના દિવસે તેઓની ફરજ મેગ્ઝીન ગાર્ડ તરીકે ગેઈટ ઉપર હતી ત્યારે રાત્રીના ૧૧.૦૦ વાગે સંત્રીએ સાહેદને જગાડેલ અને જણાવેલ કે એક બહેન આવેલ છે, અને આ બહેને તેઓને મખુભા જાડેજા ના ઘરે જવુ છે તેવુ જણાવતા આ બહેનને સાહેદ મખુભાના ઘરે મુકી આવેલ. જે બહેનના બ્લાઉઝના ભાગે લોહી દેખાતુ હતુ તેવુ સાહેદ જણાવે છે. બચાવપક્ષના વિ.ધા.શ્રીએ કરેલ ઉલટતપાસમાં સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમના પોલીસ રુબરુના જવાબમાં બહેનના બ્લાઉઝ ઉપર લોહી હતુ તે હકીકત લખાવેલ નથી. જો કે ઉપરોકત સાહેદ ફરિયાદપક્ષના કોઈ સગા સંબંધી કે કુટુંબી નથી. બનાવના આઠ નવ વર્ષ બાદ જુબાની આપવા આવેલ છે. જેથી કેટલીક હકીકતોની વિસંગતતા તેઓની જુબાની દરમ્યાન આવે તે માની શકાય તેમ છે. તેમ છતાં ઉપરોકત સાહેદની જુબાનીથી એ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, મખુભા ના ઘરે જે બહેન રાત્રીના ૧૧.૦૦ વાગ્યે આવેલા તેઓ ઈજા પામેલ અવસ્થામાં હતા અને તેઓના બ્લાઉઝના ભાગે લોહી દેખાતુ હતુ. જે આ કામના ફરિયાદી બહેન હતા તેટલી હકીકતને ઉપરોકત સાહેદની જુબાનીથી ચોકકસપણે સમર્થન મળે છે.

**(૩૩)** ફરિયાદપક્ષે સાહેદ નં. ૩૭ ભીખાલાલ નાથાલાલ રોકડ ને આંક–૨૩૨ થી તપાસવામાં આવેલ છે. જેઓની પોતાની સરતપાસની જુબાનીમાં ભરતભાઈ

છાયાણી ને તથા રામજીભાઈ મારકણા ને ઓળખતા હોવાનુ જણાવેલ છે અને ગોંડલમાં રાજવાડી વાળી વાડી વિનુભાઈ શીંગાળાએ લીધેલ હોવાનુ અને તેમા તેઓ બાવનજી ભાઈ સખીયા સાથે એક વાર વાડીએ ગયેલા તેવુ જણાવેલ છે, અને ત્યાં અજાણ્યા માણસો કામ કરતા હતા તેવુ જણાવેલ છે. પરંતુ આ વાડીનો વહીવટ કોણ કરતુ હતુ અને આ વાડી કોની પાસેથી લેવામાં આવેલ અને વાડીનો કબજો કોનો હતો તેની પોતાને ખબર નહી હોવાનુ જણાવે છે.

ઉપરોકત સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય સરકારી વકીલશ્રીની વિંનતીથી હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ સાહેદની ઉલટતપાસ કરવા સરકારી વકીલશ્રીને પરવાનગી આપવામાં આવેલ. પરંતુ સરકારી વકીલશ્રીએ કરેલ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ હકીકત ઉપરોકત સાહેદે જણાવેલ નથી.

બચાવપક્ષના વિ.ધા.શ્રીએ કરેલ ઉલટતપાસમાં સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, રામજીભાઈ જસદણ તાલુકાના ગામના રહેવાસી હોય અને રાજકીય રીતે ચુંટણી સમયે સાહેદ પ્રચાર માટે સાથે જતા હોય તેઓ રામજીભાઈને ઓળખે છે. તે સિવાય રામજીભાઈ સાથે તેઓને કોઈ સંબંધ નહીં હોવાનુ જણાવે છે.

આમ ઉપરોકત સાહેદની જુબાનીથી માત્ર એટલીજ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, તેઓ આ કામના આરોપી રામજીભાઈને ઓળખે છે તથા ગોંડલમાં આવેલ રાજવાડી વાળી વાડી વિનુભાઈ શીંગાળાએ લીધેલી તેવી હકીકત તેઓ જાણે છે. તે સિવાય બનાવ સંબંધી કોઈ મહત્વની હકીકત તેઓ ફરિયાદપક્ષની તરફેણમાં જણાવતા

નથી.

(૩૪) ફરિયાદપક્ષે સાહેદ નં. ૩૮ કમલેશભાઈ શંભુભાઈ રાઠોડ ને આંક–૨૩૩ થી તપાસવામાં આવેલ છે. જેઓની જુબાનીથી માત્ર એટલીજ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે તેમના ભાઈ અતુલભાઈએ ૨૦૦૩ ની સાલમાં ઈશ્વરીયાના રામજીભાઈ મારકણા પાસેથી એક જીપ લીધેલી અને તે જીપ ના રૂા. વીશ હજાર આપવાના બાકી હતા અને તે સમયે આ રામજીભાઈ વધારે પડતુ ઈશ્વરીયા ગામમા અને રાજવાડી ગોંડલમાં રહેતા હતા તેવુ જણાવેલ છે. અને વધુમાં સાહેદ એવુ પણ જણાવે છે કે , આ જીપ પોતાના નામે ચડાવવાની બાકી હતી. અને એવુ પણ જણાવે છે કે, તેમનો ભાઈ અવારનવાર રાજવાડી અને ઈશ્વરીયા આવતો હતો તથા પોતે પણ એક વખત રાજવાડીએ જમણવાર હતો ત્યારે ગયેલ અને તે વખતે ત્યાં રામજીભાઈ હતા. તે સિવાય તેઓ રાજવાડી બાબતે કઈ જાણતા નહીં હોવાનુ અને રામજીભાઈ મારકણાને ઓળખતા નહીં હોવાનુ જણાવે છે. બચાવપક્ષના વિ.ધા.શ્રીએ કરેલ ઉલટતપાસમાં સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ જીપ તેના ભાઈએ લીધેલી ત્યારે તેઓ પણ ભેગા હતા. જો કે ત્યારબાદ સાહેદ એવુ જણાવે છે કે, તેઓ જીપ લેવા માટે ભેગા ગયેલ ન હતા.

આમ ઉપરોકત સાહેદની જુબાનીથી એટલી હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, તેમના ભાઈએ આ કામના આરોપી રામજીભાઈ મારકણા પાસેથી જીપ લીધેલી. તથા પોતે એક વાર રાજવાડીએ ગયેલા અને ત્યાં તેઓએ રામજીભાઈ મારકણાને જોયેલા. અને તે રીતે આ કામના આરોપી રામજીભાઈ મારકણા રાજવાડી સાથે સંકળાયેલ તેટલી

હકીકત સાહેદની જુબાનીથી ચોકકસપણે રેકર્ડ ઉપર આવે છે.

**(૩૫)** ફરિયાદપક્ષે સાહેદ નં. ૩૯ લલીતભાઈ વિઠલભાઈ કાછડીયા ને આંક–૨૩૪ થી તપાસવામાં આવેલ છે. જેઓની જુબાની દરમ્યાન સરતપાસમાં તેઓએ એટલીજ હકીકત જણાવેલ છે કે તેઓ બારડોલી હાઈવે ઉપર સુરત તરફ તુલશી નામની હોટલ ચલાવે છે અને પોતે ગોંડલ તાલુકાના સુલતાનપુરના રહેવાસી છે. તથા તેઓ માવ જીંજવા ગામના રાજુભાઈને ઓળખે છે તથા આ રાજુભાઈનો સને ૨૦૦૩ ની સાલમાં ફોન આવેલ અને તેમા તેઓએ તેમના મહેમાન જમવા આવવાના છે તેવુ જણાવેલ, અને આ બે ત્રણ માસણો હોટલે આવેલા તથા તેઓને પૈસાની જરૂર હોવાથી પંદર થી વીશ હજાર આપેલા. જો કે આ મહેમાનોના નામ રામજીભાઈ મારકણા તથા રાજુભાઈ દુધાત્રા હોવાનુ રાજુભાઈએ જણાવ્યાનુ પોતાને યાદ નહી હોવાનુ જણાવે છે. તથા આ મહેમાનોએ પોતાની સાથે કોઈ વાતચીત કરેલ ન હતી તેવુ પણ સાહેદ જણાવે છે.

બચાવપક્ષના વિ.ધા.શ્રીએ કરેલ ઉલટતપાસમાં સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, રામજીભાઈ જસદણ તાલુકાના ગામના રહેવાસી હોય અને રાજકીય રીતે ચુંટણી સમયે સાહેદ પ્રચાર માટે સાથે જતા હોય તેઓ રામજીભાઈને ઓળખે છે. તે સિવાય રામજીભાઈ સાથે તેઓને કોઈ સંબંધ નહીં હોવાનુ જણાવે છે.

આમ ઉપરોકત સાહેદની જુબાનીથી એટલી હકીકત ચોકકસપણે રેકર્ડ ઉપર આવે છે કે, તેઓની હોટલે રાજુભાઈએ જણાવેલ બે માણસો આવેલા અને તેમને પૈસાની જરૂર હોવાથી પંદર વીશ હજાર આપેલ. જો કે આ માણસોના નામ રાજુભાઈએ શું

જણાવેલ હતા તે પોતાને યાદ નહી હોવાનુ જણાવેલ હોય તે માણસો હાલના આરોપીઓ હતા કે કેમ તે હકીકત પુરવાર થતી નથી.

(૩૬) ફરિયાદપક્ષે સાહેદ નં. ૪૦ મનુભાઈ ભગવાનજીભાઈ ચોટલીયા ને આંક–૨૩૫ થી તપાસવામાં આવેલ છે. જેઓએ જુબાની દરમ્યાન સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે તેઓ મરણજનાર વિક્રમસિંહને ત્યાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા તેથી તે વિક્રમસિંહને ઓળખે છે. આ વિક્રમસિંહ પાસે રાજવાડી નામની ખેતીની જમીન હતી જે જમીન જાદવજીભાઈ કોળી વાવતા હતા અને વિક્રમસિંહ તે જમીનનુ ધ્યાન રાખતા હતા. તથા આ જમીન બાબતે ત્યાં વિનુભાઈ આવતા હતા અને આ રાજવાડી જમીન બાબતે કોર્ટમાં કેસ ચાલતા હતા. વધુમાં હાલના બનાવ સંદર્ભે સાહેદ એવુ જણાવે છે કે, વિક્રમસિંહનુ ખુન થયુ ત્યારે સાહેદ ખીરસરા હતા અને રાત્રે મોડેથી તેઓ ઉપર ફોન આવેલ કે વિક્રમસિંહનુ કોઈ અપહરણ કરી ગયેલ છે. તથા વિનુભાઈના માણસોએ વિક્રમસિંહનુ ખુન કરી નાંખેલ છે તેવી હકીકત સાહેદે વાતો વાતથી જાણેલી. તથા સાહેદ કયારેક કયારેક આ વાડીએ જતા હોવાનુ અને આ વિક્રમસિંહના માણસોને ગુણાદીત્યજીએ કાઢી મુકેલા તેવુ સાહેદ જણાવે છે.

બચાવપક્ષના વિ.ધા.શ્રીએ કરેલ ઉલટતપાસમાં તેઓ વિક્રમસિંહને ઓળખતા હોવાનુ જણાવે છે. પરંતુ આ વિક્રમસિંહની કારકીદી ગુનાહિત હતી તે બાબતે તથા વિક્રમસિહે કોર્ટના દરવાજા પાસે પીએસઆઈ નુ ખુન કરેલ તે બાબતની પોતાને ખબર નહી હોવાનુ જણાવે છે.

આમ ઉપરોકત સાહેદની જુબાનીથી ફરિયાદપક્ષની તરફેણમાં એટલી હકીકત ચોકકસપણે રેકર્ડ ઉપર આવે છે કે તેઓ મરણજનાર વિક્રમસિંહને ઓળખતા હતા. તથા રાજવાડી વાળી ખેતીની જમીન વિક્રમસિંહ વાવતા હતા. તથા રાજવાડીની જમીન બાબતે કોર્ટમાં કેસો ચાલતા હતા. આમ રાજવાડીની જમીન તકરારી જમીન હોવાનુ અને તે અંગે મરણજનારને તકરાર ચાલતી હોવાનુ તેમજ વિક્રમસિંહનુ ખુન વિનુભાઈના માણસોએ કરી નાંખેલ હોવાની હકીકત તેઓને જાણવા મળેલી.

(૩૭) ફરિયાદપક્ષે સાહેદ નં. ૪૧ પ્રાગજીભાઈ રાઘવભાઈ ને આંક–૨૩૬ થી તપાસવામાં આવેલ છે. જેઓની જુબાની જોતા ફરિયાદપક્ષની તરફેણમાં એટલી જ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે આ કામના આરોપી રામજીભાઈ મારકણા પણ સાહેદના ગામના છે અને દશ–બાર વર્ષ પહેલા આ રામજીભાઈએ ગોંડલમાં આવેલ રાજવાડી વાવવા માટે રાખેલી તેના ઉદટઘાટનના જમણવારમાં પણ સાહેદ એક વખત ગયેલ. આમ ફરિયાદમાં જણાવેલ રાજવાડી આ કામના આરોપી રામજીભાઈ વાવતા હોવાનુ ફરિયાદપક્ષની તરફેણમાં રેકર્ડ ઉપર આવે છે. જેથી હાલની ફરિયાદમાં જણાવેલ બનાવ સાથે ઉપરોકત આરોપી સંકળાયેલ હોવાનુ ફરિયાદપક્ષની તરફેણમાં ચોકકસપણે રેકર્ડ ઉપર આવે છે.

(૩૮) ફરિયાદપક્ષે સાહેદ નં. ૪૨ શૈલેષભાઈ રવજીભાઈ ને આંક–૨૩૭ થી તપાસવામાં આવેલ છે.જેઓની જુબાનીથી માત્ર એટલી જ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે આ કામના આરોપી કાનજીભાઈ હીરજીભાઈને ઓળખે છે. પરંતુ ફરિયાદપક્ષની તરફેણમાં કોઈ મહત્વની હકીકત ઉપરોકત સાહેદની જુબાનીથી રેકર્ડ ઉપર આવતી નથી.

**(૩૯)** ફરિયાદપક્ષે સાહેદ નં. ૪૩ લલીતભાઈ માવજીભાઈ પાનસુરીયા ને આંક–૨૩૮ થી તપાસવામાં આવેલ છે. જેઓની જુબાનીથી ફરિયાદપક્ષની તરફેણમાં એટલી જ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે ફરિયાદમાં જણાવેલ રાજવાડી વાળી જમીન તેઓએ તથા વિનુભાઈ શીંગાળાએ લીધેલી. આમ ફરિયાદમાં જણાવેલ તકરારી જમીન સાથે આ કામના આરોપીઓ પૈકી વિનુભાઈ શીંગાળા સંકળાયેલ હોવાનુ રેકર્ડ ઉપર આવે છે.

**(૪૦)** ફરિયાદપક્ષે સાહેદ નં. ૪૪ રામજીભાઈ નરશીભાઈ નભોયા ને આંક–૨૪૦ થી તપાસવામાં આવેલ છે. જેઓની જુબાનીથી ફરિયાદપક્ષની તરફેણમાં એટલીજ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે આ કામના આરોપી લાલજી ધનજીભાઈ સાહેદના ગામ જંગવડના વતની છે અને સુરત મુકામે કામ ધંધો કરે છે તથા એલ.ડી. ના નામની ઓળખાય છે. જો કે તે સિવાયની ફરિયાદપક્ષની તરફેણમાં કોઈ હકીકત જણાવતા નથી. જેઓને પણ સરકારી વકીલશ્રીએ હોસ્ટાઈલ જાહેર કરવાની વિંનતી કરતા હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ સરકારી વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉપરોકત સાહેદે ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ હકીકત જણાવેલ નથી.

**(૪૧)** ફરિયાદપક્ષે સાહેદ નં. ૪૫ અતુલભાઈ શંભુભાઈ રોકડ ને આંક–૨૪૧ થી તપાસવામાં આવેલ છે. જેઓની જુબાનીથી ફરિયાદપક્ષની તરફેણભમાં એટલીજ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે તેઓએ આ કામના આરોપી લાલજીભાઈ પાસેથી હિરા નુ કારખાનુ ભાડે રાખેલ, અને તે રીતે આ કામના આરોપી લાલજીભાઈને ઓળખતા

હોવાનુ રેકર્ડ ઉપર આવે છે. વધુમાં ઉપરોકત સાહેદની જુબાનીથી એ હકીકત પણ રેકર્ડ ઉપર આવે છે કે, તેઓએ આ કામના આરોપી રામજીભાઈ મારકણા પાસેથી જીપ વેંચાણ રાખેલી જેના રુા. વીશ હજાર આપવાના બાકી રાખેલા અને તે સમયે આ રામજીભાઈ ઈશ્વરીયા અને ગોંડલ ખાતે રાજવાડીમાં રહેતા હતા તથા આ કામના આરોપીઓ રામજીભાઈ મારકણા તથા ભરતભાઈ છાયાણી રાજવાડીએ હતા, અને તેઓને સાહેદે સારા દવાખાના બાબતે પુછપરછ કરેલી. તથા સાહેદને લાલજીભાઈએ રુા. દશ હજાર રાજકોટ ખાતે વકીલને આપવા માટે આપેલા અને સાહેદ તે પૈસા રાજકોટ વકીલને આપવા માટે ગયેલા. તથા આ લાલજીભાઈએ સાહેદને એવુ જણાવેલ કે તેઓ ગોંડલ તરફ જાય છે. તથા સાહેદે બીજા દિવસે વિક્રમસિંહ રાણા નુ ખુન થઈ ગયેલાના સમાચાર છાપામાં વાંચેલા.આમ ઉપરોકત સાહેદની જુબાનીથી ફરિયાદપક્ષની તરફેણમાં એટલી હકીકત ચોકકસપણે રેકર્ડ ઉપર આવે છે કે, આ કામના આરોપીઓ રામજીભાઈ, લાલજીભાઈ તથા ભરતભાઈ એકબીજાને ઓળખતા હતા. તથા રાજવાડી વાળી જમીન સાથે આરોપી રામજીભાઈ સંકળાયેલા હતા.

**(૪૨)** ફરિયાદપક્ષે સાહેદ નં. ૪૬ રસીકભાઈ રવજીભાઈ સોલંકી ને આંક–૨૪૨ થી તપાસવામાં આવેલ છે. જેઓની જુબાનીથી ફરિયાદપક્ષની તરફેણમાં એટલીજ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે આ કામના આરોપીઓ પૈકી રાજુભાઈ, હરેશભાઈ, કાનજીભાઈ તથા ધર્મેશભાઈ અમરેલીમાં આવેલ સ્ટેશન રોડ ઉપરની હોટલ દર્શનમાં તા. ૭–૬–૦૩ ના રોજ રોકાયેલા. જે ધ્યાને લેતા આ કામના ઉપરોકત આરોપીઓ બનાવ બાદ ઉપરોકત હોટલમાં રોકાયેલ હોવાની હકીકત ફરિયાદપક્ષની

તરફેણમાં રેકર્ડ ઉપર આવે છે.

(૪૩) ફરિયાદપક્ષે સાહેદ નં. ૪૮ પ્રકાશભાઈ ભુપતભાઈ માલવીયા ને આંક–૨૫૦ થી તપાસવામાં આવેલ છે. જેઓએ પોલીસ નિવેદન સંભર્દે તેમની સરતપાસમાં ફરિયાદપક્ષની તરફેણમાં કોઈ હકીકત જણાવેલ ન હોય, સરકારી વકીલશ્રીની મૌખિક વિનંતીથી ઉપરોકત સાહેદને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ, સરકારી વકીલશ્રીએ કરેલ ઉલટતપાસ દરમ્યાન પણ ઉપરોકત સાહેદે ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ હકીકત જણાવેલ નથી.

<u>**સ ર કા રી – સા હે દો.**</u>

(૪૪) ફરિયાદપક્ષે સાહેદ નં. ૧૦ પ્રકાશકુમાર મોહનલાલ ડોબરીયા ને આંક –૧૪૩ થી તપાસવામાં આવેલ છે.જેઓએ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે આરોપીઓનુ ઓળખ પરેડનુ પંચનામુ કરેલ, અને તે રીતે આરોપીઓની ઓળખ અંગેની કાર્યવાહીના તેઓ અગત્યના એવા સરકારી સાહેદ છે. તેમની સરતપાસની જુબાનીમાં તેઓએ આંક –૧૪૪ ના તા. ૧૩–૬–૦૩ ના રોજ મળેલ પોલીસ પત્ર સંદર્ભે તા.૨૧–૬–૦૩ ના રોજ આંક–૧૪૫ વાળુ આરોપીઓનુ ઓળખ પરેડનુ પંચનામું અને ઓળખ પરેડની કાર્યવાહી કરેલ. અને તે મુજબ પાંચ આરોપીઓ(૧) રામજી પ્રાગજીભાઈ મારકણા (૨) જગદીશ રણછોડભાઈ ખુંટ (૩) કાનજી પોપટભાઈ વેકરીયા (૪) હરેશ મકનભાઈ ચોથાણી તથા (૫) ધર્મેન્દ્ર મનજીભાઈ વેશણવ ને બીજા વીશ માણસોની વચ્ચે આરોપી ઓની ઈચ્છા મુજબ ક્રમમાં ઉભા રાખેલા અને તે પહેલા આરોપીઓને તેમની હેરસ્ટાઈલ અને કપડા બદલવાની તકઆપતા આરોપીઓએ તેમની હેરસ્ટાઈલ અને કપડા

બદલેલા. જે ઓળખ પરેડનુ પંચનામું બે પંચો કરશનભાઈ મીઠાભાઈ મકવાણા તથા બાબુભાઈ લાધાભાઈ બાબરીયા ની હાજરીમાં કરવામાં આવેલુ. ત્યારબાદ ઓળખ પરડેની કાર્યવાહી દરમ્યાન આરોપીઓની ઓળખ માટે સાહેદ રાજેશ્રીબાને લાવવામાં આવેલા અને રાજેશ્રીબા એ બે આરોપીઓ કાનજી પોપટ વેકરીયા અને હરેશ મકન ચોથાણી ને આરોપીઓ તરીકે ઓળખી બતાવેલા.

બચાવપક્ષના વિ.ધા.શ્રીએ કરેલ ઉલટતપાસના મહત્વના મુદાઓ નોંધવામાં આવે તો આંક–૧૪૪ વાળી ઓળખ પરેડની યાદી સાહેદને તા.૧૩–૬–૦૩ ના રોજ મળેલ હોવાનુ પરંતુ તેમા પોતાની સહી નહી હોવાનુ સ્વીકારેલ છે. અને આ યાદી તા.૧૨–૬–૦૩ ના રોજ લખાયેલ હોવાનુ પણ સ્વીકારેલ છે. તે પોલીસ યાદી સંદર્ભે સાહેદે પણ આંક–૧૪૬ વાળી પોતે લખેલ યાદી તા.૧૩–૬–૦૩ ના રોજ ની હોવાનુ સ્વીકારેલ છે. તથા પોતે લખેલ આ યાદીમાં કોઈ આરોપીઓના નામ નહીં લખેલ હોવાનુ સ્વીકારેલ છે. આવી ઓળખ પરેડ કરવાની હોય તે આરોપી જેલમાં હોય તો આવી યાદી જેલમાં કરવી જોઈએ તે હકીકત પોતે જાણતા નહીં હોવાનુ સ્વીકારેલ છે. આરોપી જેલમાં હોય ત્યારે ઓળખ પરેડ જેલમાં જઈને કરવી તેવા કોઈ નિયમની પોતાને ખબર નહીં હોવાનુ સાહેદે જણાવે છે. આરોપીઓને રાજકોટ સેન્ટ્રલ જેલથી પોલીસના માણસો એકવીસ તારીખે સાડા અગીયાર વાગે પોતાની સમક્ષ લાવેલ હોવાનુઅને તે પહેલા માણસો તથા પંચો આવી ગયેલ હોવાનુ સાહેદ જણાવે છે. પોતાની ઓફિસમાં પ્રથમથી જ માણસો પછી પંચો, ત્યારબાદ આરોપીઓ અને છેલ્લે સાહેદ આવેલા તથા આરોપીઓ અને સાહેદના આવવા વચ્ચે દશેક મિનિટનો સમય હતો તેવુ

પણ સાહેદ જણાવે છે. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પંચનામામાં તથા પોલીસને મોકલેલ યાદીમાં આરોપીઓની ઉંમર બતાવેલ નથી. સાહેદે એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, પંચનામું પોતાના હસ્તાક્ષરમાં લખાયેલ નથી. જો કે ઓળખ પરેડનુ પંચનામું જાતે લખવુ જોઈએ તે સાથે સાહેદ સમંત થયેલ નથી. પોતાની ઓફિસમાં માણસો અગાઉથી હાજરહોવાનુ અને ત્યારબાદ પંચો આવેલા અને ત્યારપછી આરોપીઓ આવેલા તેવુ સાહેદ જણાવે છે. આરોપીઓએ જે શર્ટ બદલેલા તે અંદરો અંદર બદલેલા તેવુ સાહેદ જણાવે છે. સાહેદ એવુ પણ જણાવે છે કે જેમ વિધી થતી ગઈ તેમ પંચનામું લખાતુ ગયુ. સાહેદોએ આરોપીઓને એકસીડેન્ટલી ઓળખેલા તે વાતનો સાહેદ ઈન્કાર કરેલ છે. છેલ્લે સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સાહેદે આરોપીઓને ઓળખેલા નહી કે સાઈલન્ટ પ્રક્રિયા અનુસારીને પંચનામું કરવામાં આવેલ નહી.

ઉપરોકત સાહેદની સમગ્ર જુબાનીનું ઓળખ પરેડના પંચનામા સંદર્ભે વિશ્લેષણ કરવામાં આવે તો આંક–૧૪૪ ની પોલીસ યાદીમાં જે બે સાહેદો દર્શાવેલ છે તે પૈકીના સાહેદ રાજેશ્રીબા તથા જે પાંચ આરોપીઓ દર્શાવેલ છે તે પાંચ આરોપીઓનો ઉલ્લેખ સાહેદે પોતાની જુબાનીમાં તથા આંક–૧૪૫ ના ઓળખ પરેડના પંચનામામાં કરેલ છે. તે જોતા બનાવ નજરે જોનાર અને બનાવમાં ઈજા પામનાર સાહેદ રાજેશ્રીબા ની હાજરીમાં પાંચ આરોપીઓની ઓળખ પરેડની કાર્યવાહી પંચોની હાજરીમાં કરવામાં આવેલહોવાનુ પુરવાર થાય છે. સાહેદે ઉલટતપાસમાં પોતે પોલીસને લખેલ આંક–૧૪૬ ની યાદીમાં આરોપીઓના નામ નહીં લખેલ હોવાનુ સ્વીકારેલ છે. પરંતુ તેટલા માત્ર કારણથી આ યાદી ખામી યુકત કે અયોગ્ય હોવાનુ કહી શકાય નહી.

કારણ કે યાદીમાં આંક–૧૪૪ વાળી પોલીસ યાદીના સંદર્ભે ટાંકવામાં આવેલ છે. તેજ રીતે આવી ઓળખ પરેડ કરવાની હોય તે આરોપીઓ જેલમાંહોય તો આવી યાદી જેલમાં કરવી જોઈએ તે હકીકત પોતે જાણતા નહીં હોવાનુ સાહેદે સ્વીકારેલ છે. પરંતુ તેટલા કારણથી આરોપીઓને ઓળખપરેડ માટે બોલાવવાની કાર્યવાહી ખામીયુકત કે કાયદા વિરુધ્ધની ગણી શકાય નહી. કારણ કે આંક–૧૪૬ ની યાદીમાં યાદીની નકલ રવાના એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ગોંડલને સાદર કરેલ છે જેમા આરોપીઓને રાજકોટ જીલ્લા જેલમાંથી હાજર રખાવવા હુકમ કરવામાં આવેલ છે. અને તે રીતે આરોપીઓ જયુડીશ્યલ કસ્ટડીમાં હોઈ ઓળખ પરેડ માટે હાજર રખાવવા યોગ્ય રીતે કાર્યવાહી કરેલ હોવાનુ સ્પષ્ટ થાય છે. આરોપીઓ જેલમાં હોય ત્યારે ઓળખ પરેડ જેલમાં જઈને કરવી જોઈએ તેવા કોઈ નિયમની જાણકારી નહીં હોવાનુ સાહેદે સ્વીકારેલ છે. પરંતુ જેલમાં આરોપીઓની ઓળખ પરેડની કાર્યવાહી કરવામાં આવેલ ન હોવાથી આવી કાર્યવાહી કાયદા વિરુધ્ધની કે ખામીયુકત કે અનિયમીત કહી શકાય નહી. કારણ કે ઓળખ પરેડનુ સ્થળ નકકી કરવાની સત્તા જે તે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને આપવામાં આવેલ છે. સાહેદે ઉલટતપાસમાં પણ ઓળખ પરેડની કાર્યવાહી શરુ થાય તે પહેલા પ્રથમ વીશ માણસો (ડમી) હાજર રાખી ત્યારબાદ બે પંચોને હાજરરાખી તથા ત્યારબાદ પાંચ આરોપીઓને વીશ માણસો (ડમી) વચ્ચે આરોપીઓની ઈચ્છા મુજબના ક્રમે ગોઠવી દઈ ત્યારબાદ છેલ્લે સાહેદને હાજર રાખેલ હોવાનુ જણાવેલ છે. તે જોતા ઓળખ પરેડની કાર્યવાહીમાં કોઈ કાયદા વિરુધ્ધની પ્રક્રિયા કે અનિયમીતતા આચરવામાં આવેલ હોવાનુ જણાતુ નથી. સાહેદ પોતાની ઉલટતપાસમાં પંચનામામાં તથા પોતે મોકલેલ પોલીસ

યાદીમાં આરોપીઓની ઉંમર દર્શાવેલ નહીં હોવાનુ સ્વીકારેલ છે. પરંતુ તેટલા માત્રથી ઓળખ પરેડના પંચનામાની કાર્યવાહી કાયદા વિરુધ્ધની થઈ જતી નથી પરંતુ તે બાબત સામાન્ય અનિયમીતતા ગણી શકાય.ઓળખ પરેડનુ પંચનામું પોતાના હસ્તાક્ષર માં લખવામાં આવેલ નહીં હોવાનુ સાહેદે સ્વીકારેલ છે. પરંતુ ઓળખ પરેડનુ પંચનામું એકઝી.મેજીસ્ટ્રેટે જાતે જ લખવુ જોઈએ તેવુ જરુરી નથી. આરોપીઓએ પોતાની હેરસ્ટાઈલ બદલેલી અને અંદરો અંદર શર્ટ બદલેલા તેવુ પણ સાહેદે જણાવેલ છે. તે જોતા ઓળખ પરેડ શરુ કરતા પહેલા સાહેદે આરોપીઓને પોતાની ઓળખ છુપાવવા પુરતી તક આપેલ હોવાનુ પણ પુરવાર થાય છે. સાહેદ ઉલટતપાસમાં છેલ્લે એ વાતનો ઈન્કાર કરે છે કે, સાહેદે આરોપીઓને એકસીડન્ટલી ઓળખેલા. તથા એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, સાહેદે આરોપીઓને ઓળખેલા નહી જેથી તેનુ અર્થઘટન એવુ પણ થાય કે સાહેદે આરોપીઓને યોગ્ય રીતે ઓળખેલા. આમ યોગ્ય રીતે ઓળખ પરેડની કાર્યવાહી કરવામાં આવેલ હોવાનુ અને સાહેદે તેમાંથી બે આરોપીઓને યોગ્ય રીતે ઓળખી બતાવેલ હોવાનુ ચોકકસપણે પુરવાર થાય છે અને તેમાં કોઈ ગેરકાયદેસરતા કે ગંભીર પ્રકારની અનિયમીતતા કે ખામી હોવાનુ બચાવપક્ષ પુરવાર કરી શકેલ નથી.

**(૪૫)** ફરિયાદપક્ષે સાહેદ નં.૩૧ નારણભાઈ ગોરાભાઈ પરમારને આંક–૨૨૨ થી તપાસવામાં આવેલ છે. જેઓની જુબાનીથી માત્ર એટલી જ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે તેઓ ૨૦૦૩ ની સાલમાં ગોંડલ સીટીમાં સીટી તલાટી કમ મંત્રી હતા અને તેમની જુબાની દરમ્યાન આંક–૨૨૩ થી રજુ થયેલ રેવન્યુ રેકર્ડના ઉતારા મુજબ

૨૦૦૩ ની સાલમાં રાજવાડી એટલે કે હાલના બનાવમાં જણાવેલ તકરારી જમીન ૨૦૦૩ ની સાલમાં આ જમીન વેંચાણ રાખનાર તરીકે વિનોદભાઈ હતા અને કબજેદાર તરીકે વિક્રમસિંહ પી. રાણા નુ નામ હોવાનુ રેકર્ડ ઉપર આવે છે. જો કે ઉપરોકત વિનોદભાઈ ગુજરી ગયેલ છે તે બાબતે સાહેદને કોઈ જાણ નહીં હોવાનુ રેકર્ડ ઉપરઆવે છે. તેમજ આ વિનોદભાઈને પણ ચાજસીટમાં મળી નહીં આવેલ આરોપી તરીકે કોલમ નં. ૨ માં દર્શાવેલ છે. આમ ઉપરોકત સાહેદની જુબાનીથી તેમજ જુબાની દરમ્યાન રજુ થયેલ રેવન્યુ ડોકયુમેન્ટથી એટલી હકીકત રેકર્ડ ઉપર આવે છે કે ફરિયાદ માં જણાવેલ રાજવાડી વાળી જમીન અંગે મરણજનાર વિક્રમસિંહને તકરાર ચાલતી હતી.

## <u>મે ડિ ક લ – એ વિ ડન્સ</u>

(૪૬) ફરિયાદપક્ષે સાહેદ નં. ૪ ડો.સંજયકુમાર રઘુનંદનપ્રસાદ સિંહા ને આંક–૧૧૪ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની દરમ્યાન સરતપાસમાં તેઓએ માત્ર એટલી હકીકત જણાવેલ છે કે, ૨૦૦૩ ના અરસામાં તેઓ ગોંડલ સરકારી હોસ્પીટલમાં ફરજ બજાવતા હતા ત્યારે તેમની સાથે ડો. એસ.પી. લાલ પણ નોકરી કરતા હતા જેઓ ધણા લાંબા સમયથી નોકરી છોડીને જતા રહેલ છે. જેઓના હસ્તાક્ષર અને સહી પોતે ઓળખી શકતા હોવાનુ જણાવે છે. તેઓની જુબાની દરમ્યાન માર્ક ૬૧/૨૬ થી રજુ થયેલ સર્ટીફીકેટના હસ્તાક્ષર અને સહી ડો. એસ.પી. લાલ ના હોવાનુ ઓળખી બતાવતા તે સર્ટીફીકેટ આંક–૧૧૫ થી રજુ થયેલ છે જે સર્ટીફીકેટમાં રાજેશ્રીબેન જીતેન્દ્રસિંહ જાડેજાને તા. ૧૪–૫–૦૩ ના રોજ રાત્રીના ૧૨.૨૦ વાગે મહેતાભાઈ સારવાર માટે લાવેલાનુ અને હિસ્ટ્રીમાં અજાણ્યા માણસોએ હુમલો કરેલાનુ જણાવેલ હોવાનુ તથા તેમા

દર્દીને ડાબા કાનની બુટની ઉપર ઈજા થયેલાનો ઉલ્લેખ હોવાનુ તથા દર્દીને તા. ૧૪–૫–૦૩ ના રોજ રાત્રીના ૧૨.૨૦ વાગે એડમીટ કર્યાનુ જણાવેલ છે. અને આ ઈજા હાર્ડ એન્ડ બ્લન્ટ સબસ્ટન્સથી થાય તેવો ઉલ્લેખ કરેલ હોવાનુ જણાવેલ છે.

બચાવપક્ષના વિ.ધા.શ્રીએ કરેલ ઉલટતપાસમાં સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે,આ સર્ટીફીકેટમાં તલવારથી ઈજા થયાનો ઉલ્લેખ છે. તથા વિક્રમસિંહ રાણાને કોઈ ઉપાડી ગયાનો પણ ઉલ્લેખ છે. આ સર્ટીફીકેટમાં બનાવ બન્યાનો સમય ૧૦.૩૦ એ.એમ. જણાવેલ હોવાનુ પણ સાહેદે સ્વીકારેલ છે. છેલ્લે સાહેદે એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે બનાવની હિસ્ટ્રી ઈજા પામનારે આપેલી તે જોતા ઈજા પામનાર સભાન હોઈ શકે.

ઉપરોકત સાહેદની સમગ્ર જુબાનીનુ વિશ્લેષણ કરવામાં આવે તો ઉપરોકત સાહેદે ઈજા પામનાર રાજેશ્રીબેનની કોઈ સારવાર પોતે કરેલ નથી પરંતુ રેકર્ડને આધારે પુરાવો આપેલ છે અને તેઓની જુબાનીથી એટલી હકીકત ચોકકસપણે પુરવાર થાય છે કે, આ કામના ફરિયાદી રાજેશ્રીબેનને તા.૧૪–૫–૦૩ ના રોજ રાત્રીના ૧૨.૨૦ વાગે સારવાર માટે લાવવામાં આવેલા. જેઓને કાનના પાછળના ભાગે ઈજા થયેલ અને આ ઈજા તલવારથી કરવામાં આવેલી. જે જોતા ફરિયાદમાં જણાવેલ અને ફરિયાદીની જુબાનીમાં જણાવેલ બનાવના થોડા સમય બાદ જ ઈજા પામનારને સારવાર માટે લાવવામાં આવેલ હોવાનુ અને આ ઈજા ફરિયાદવાળા બનાવમાં જ થયેલી હોવાનુ ચોકકસપણે પુરવાર થાય છે. પરંતુ આ ઈજા પથ્થર વાગવાથી, કાચ વાગવાથી કે તલવાર વાગવાથી થયેલ તે બાબતે ફરિયાદીની જુબાની,

ફરિયાદીની ફરિયાદ તથા આંક–૧૧૫ ના મેડીકલ સર્ટીફીકેટમાં વિસંગત હકીકત રેકર્ડ ઉપર આવે છે. તેમ છતાં ફરિયાદવાળા બનાવમાં જ ફરિયાદીને કાનના પાછળના ભાગે ઈજા થયેલી તેટલી હકીકત તેમજ બનાવ સમયે અને બનાવ સ્થળે ફરિયાદી હાજર હતા અને તે બનાવમાં ફરિયાદીને ઈજા થયેલ તેટલી હકીકત ચોકકસપણે પુરવાર થાય છે.

(૪૭) કેસનુ રેકર્ડ તથા પ્રોસેડીંગ્ઝ જોતા ઉપરોકત સાહેદ ડો. સંજયકુમાર રઘુનંદનપ્રસાદ સિંહા ને ત્યારબાદ ફરીથી સાહેદ નં. ૮ તરીકે આંક–૧૨૩ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ તા. ૧૪–૫–૦૩ ના રોજ ગોંડલ સરકારી હોસ્પીટલમાં તેમની ફરજ ઉપર હતા ત્યારે પોલીસ યાદી સાથે મરનાર વિક્રમસિંહ રાણા ની ડેડબોડી પી.એમ. કરાવવા માટે પો.કો. પ્રકાશભાઈ સવારે ૮.૩૦ વાગ્યે લાવેલા. જેથી તેઓએ કલાક ૮.૩૦ વાગે પી.એમ. શરુ કરી ૧૧.૩૦ વાગ્યે પુરુ કરેલુ. લાશનુ વર્ણન કરતા સાહેદ એવુ જણાવે છે કે, આ લાશ આશરે ૩૮ વર્ષના એક પુરુષની હતી જેઓએ સફેલ કલરનુ ટી શર્ટ, બ્લુ કલરનો નાઈટ ટ્રેકકર તથા ગ્રીન કલરનો જાંગયો પહેરેલ હતો. ટી શર્ટ લોહીમાં ભીંજાયેલુ હતુ, જે લાશ ઓળખાયેલી હતી, જેનો ચહેરો આગળના ભાગેથી દબાયેલો હતો અને માથાના વાળ ટુંકા હતા તથા લોહીથી ખરડાયેલા હતા, આંખની કીકી પહોળી થઈ ગયેલ હતી, મોઢુ અર્ધ ખુલ્લુ હતુ અને જીભ થોડી બહાર આવી ગયેલ હતી તથા નાકના અંદરના ભાગે લોહી જામેલ હતુ.

ઉપરોકત લાશની બાહય ઈજાઓ સંદર્ભે વર્ણન કરતા ઉપરોકત સાહેદ જણાવે છે કે, લાશની બહાય તપાસ કરતા લાશના બાહયના ભાગે શરીરના જુદા જુદા અંગો ઉપર કુલ ૪૯ જેટલી જુદી જુદી સાઈઝની ઈજાઓ જોવા મળેલી જેનુ સાહેદે વિગતવાર વર્ણન કરેલ છે. તેમજ સદરહુ લાશની બાહય તપાસથી તથા સ્પર્શથી જાણી શકાય તેવા અસ્થિભંગ માલુમ પડેલા હોવાનુ જેમા માથાના હાડકા ભાંગી ગયેલ હોવાનુ, જમણા કાંડાનુ અલના નામનુ હાડકુ ભાંગુ ગયેલ હોવાનુ તથા ઉપરોકત તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હોવાનુ સાહેદે જણાવેલ છે.

ઉપરોકત સાહેદે લાશની આંતરીક ઈજાઓનુ વર્ણન કરતા માથાના ભાગે, જમણી બાજુની છાતીના ભાગે,પાંસળીઓના ભાગે,જમણી બાજુના ફેફસાનાં ભાગે,હદય ના ભાગે, પેટની અંદરના ભાગે,નાના આંતરડા ઉપર, યકૃત ઉપર, જમણી બાજુના મુત્રપીંડ ઉપર જુદી જુદી સાઈઝની અને જુદા જુદા પ્રકારની આંતરીક ઈજાઓ માલુમ પડેલ હોવાનુ જણાવેલ છે. તથા સદરહુ લાશમાંથી બ્લડ સેમ્પલ લીધેલ હોવાનુ સાહેદે જણાવેલ છે.

ઉપરોકત સાહેદે કરેલ પી.એમ. આધારે પોતાનુ મંતવ્ય આપતા મૃત્યુનુ સંભવીત કારણ એવુ જણાવેલ છે કે, વધુ પડતુ લોહી વહી જવાના કારણે તથા માથા ઉપર ઈજા થવાથી લાગેલ આધાતના કારણે તે વ્યકિતનુ મોત થયેલ હતુ. લાશ ઉપરથી સાહેદે બ્લડ સેમ્પલ લીધેલ તેનુ ફોર્મ–બી સાહેદે તેમની જુબાની દરમ્યાન રજુ કરતા આંક–૧૨૭ થી તે રજુ કરવામાં આવેલ છે. તેજ રીતે તેઓએ તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરેલ અને તેઓએ સહી કરેલ પી.એમ. રીપોર્ટ રજુ કરતા તે પી.એમ. રીપોર્ટ

આંક–૧૨૮ થી રજુ થયેલ છે. તથા તેઓએ આપેલ કોઝ ઓફ ડેથનુ સર્ટીફીકેટ આંક–૧૨૯ થી તથા આંક–૧૩૦ થી પોલીસ યાદી રજુ થયેલ છે.

વધુમાં સાહેદે ઉપરોકત ઈજાઓ પૈકી ઈજા નં. ૧, ૨, ૩, ૨૦, ૨૧, ૨૨, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦ તથા ૪૪ વાળી ઈજાઓ કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પુરતી હતી તેવુ જણાવેલ છે. એટલે કે તે ઈજાઓ જીવલેણ પ્રકારની હતી તેવુ જણાવેલ છે. સાહેદને જુબાની દરમ્યાન બતાવવામાં આવેલ મુદામાલ હથિયારો જેવા કે તલવારો,બેઝ બોલનો ધોકો, બેટ, હાથા વગરનુ ધારીયાથી આવા પ્રકારની ઈજાઓ થઈ શકે તેવુ પણ જણાવેલ છે.

બચાવપક્ષના વિ.ધા.શ્રીએ ઉપરોકત સાહેદની વિગતવાર ઉલટતપાસ કરેલ છે જેમા મહત્વના મુદા નોંધવામાં આવે તો, મરનારની લાશ તા.૧૪–૫–૦૩ ના રોજ સવારે ૮.૩૦ વાગ્યે પી.એમ. કરવા માટે મળેલી તે હકીકત પોલીસ યાદીના આધારે કહી શકે તેવુ સાહેદ જણાવે છે. પોલીસ લાશને પી.એમ. માટે કેમ લાવેલી તે પોલીસ કહી શકે તેવુ સાહેદ જણાવે છે. સાહેદે એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, પી.એમ. નોટના કોલમ નં. ૫ પ્રમાણે મરનારનુ કોઝ ઓફ ડેથ નકકી કરવા માટે લાશને પી.એમ. માટે લાવેલા. લાશની સાથે ઈન્કવેસ્ટ રીપોર્ટ પણ આવેલો હોવાનુ અને તે ઈન્કવેસ્ટ રીપોર્ટ પોતે વાંચેલો હોવાનુ સાહેદ જણાવે છે. પોતાનીપાસે આવેલ ઈન્કવેસ્ટ પંચનામામાં લાશના ખીસ્સામાંથી ત્રણ કોન્ડોમ મળ્યાનો ઉલ્લેખ હોવાનુ સાહેદ જણાવે છે. ડેડબોડી ઉપરના કપડા બેગમાં સીલ કરીને પોલીસને સોંપેલા હોવાનુ પણ સાહેદ જણાવે છે. પી.એમ. શરુ કરતા પહેલા લાશ ને જોયેલ હોવાનુ સાહેદ જણાવે છે.

શરીરના અકડાઈ જવાની પ્રક્રિયાને રાઈગર મોર્ટીસ કહેતા હોવાનુ અને અકડાઈ જવાની ક્રિયા મૃત્યુ બાદ તરત જ શરુ થતી હોવાનુ અને બાર કલાકમાં પુરી થઈ જતી હોવાનુ સાહેદ જણાવે છે. પી.એમ. લીવીડીટી મૃત્યુ પછીની પ્રક્રિયા હોવાનુ અને જેમાં બ્લડ ગુરૂત્વાકર્ષણના નિયમના કારણે ભેગુ થતુ હોવાનુ સાહેદ જણાવે છે. ડેડબોડીનો ફેઈસ સાહેદે જોયેલ હોવાનુ જણાવે છે. સાહેદ એ વાતનો ઈન્કાર કરેલ છે કે,તેઓએ સરતપાસ માં જણાવેલ ઈજાઓ મૃત્યુ પહેલાની ન હતી. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને જુબાની દરમ્યાન બતાવવામાં આવેલ હથિયારો પૈકી કોઈપણ હથિયાર તેઓની પાસે લાવવામાં આવેલ નથીકે પોતાને બતાવવામાં આવેલ નથી. કપાયેલો ઘા અને ભોંકાયેલો ઘા બંને જુદી જુદી વસ્તુઓ હોવાનુ સાહેદ જણાવે છે. કપાયેલો ઘા ને ઈન્સાઈઝ વુન્ડ અને ભોંકાયેલા ઘા ને સ્ટેબ ઈન્સાઈઝ વુન્ડ કહેવામાં આવતુ હોવાનુ સાહેદ જણાવે છે. પી.એમ. નોટમાં જણાવેલ ઈજાનો એક ઘા નિયમીત અને બીજા ઘા અનિયમીત હોવાનુ સાહેદે જણાવેલ છે. મરનારને થયેલ આંતરીક ઈજાઓ કેટલીક બાહય ઈજાઓને આનુષંગીક હતી તેવુ સાહેદ જણાવે છે. ઉઝરડો આંતરીક ઈજા નહીં હોવાનુ અને તેમાં ચામડીનો ઉપરનો ભાગ છોલાઈ જતો હોવાનુ તથા આવી ઈજા કોઈ પણ વ્યકિતને પડી જવાથી કે ખેંચવાથી થઈ શકે તેવુ સાહેદ જણાવે છે. મરનારની હોજરીમાં મળી આવેલ ખોરાકને આધારે મરનાર મૃત્યુ પહેલા ત્રણેક કલાક પહેલા જમેલ હોઈ શકે તેવુ સાહેદ જણાવે છે. જો કે ત્યારબાદ સાહેદે અવુ જણાવે છે કે, મરનાર કેટલા કલાક પહેલા જમેલ હશે તે પોતે કહી શકે નહી. પી.એમ. નોટમાં ઓળખ માટે કોઈની સહી લીધેલ નહી હોવાનુ અને મોદિના જયુરીસપ્રુડન્ટ પ્રમાણે આવી સહી લેવી જોઈએ તે

વાતનો સાહેદે સ્વીકાર કરેલ છે. જો કે સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, લાશ ઓળખાયાની વાત તેઓ ખોટી કહે છે. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ પી. એમ. કર્યુ ત્યારે ઈજાઓ બાર કલાકની અંદરની હતી. ઈન્સાઈઝ વુન્ડ માટે એક કરતા વધારે હથિયારો વપરાયેલ કે કેમ તે બાબતે પોતે કહી શકે નહી તેવુ સાહેદે જણાવેલ છે. તેજ રીતે પી.એમ. નોટમાં સાહેદે જે ભોંકાયેલા ઘા જણાવેલ છે તે ઈજાઓ એક જ હથિયારથી થઈ શકે કે એક થી વધારે હથિયારથી થઈ શકે તે પોતે કહી શકે નહી તેવુ સાહેદે જણાવેલ છે. ઉલટતપાસમાં સાહેદે છેલ્લે એવુ જણાવેલ છે કે, કપાયેલા ઘાઅને ભોંકાયેલા ઘા એકજ ધારવાળા હથિયારથી થઈ શકે.

ઉપરોકત સાહેદ એવા મેડીકલ ઓફિસરની સમગ્ર જુબાનીનુ વિશ્લેષણ કરવામાં આવે તો, તેઓ સમક્ષ મરનારની લાશ તા.૧૪–૫–૦૩ ના રોજ સવારે ૮.૩૦ વાગે પી.એમ. માટે લાવવામાં આવેલી. ફરિયાદીની ફરિયાદ અને જુબાની જોતા પણ બનાવ તા.૧૩–૫–૦૩ ના રોજ રાત્રે સાડા દશ વાગ્યાની આસપાસ બનેલો. જે ધ્યાને લેતા બનાવવાળી રાત પુરી થવા બાદ બીજા દિવસે સવારે પી.એમ. માટે લાશ લાવવામાં આવેલ હોવાનુ સ્પષ્ટ થાય છે. જેથી તા.૧૩–૫–૦૩ ના રોજ રાત્રે જે હુમલાનો બનાવ બનેલો તેમાજ વિક્રમસિંહનુ મૃત્યુ નિપજેલુ તે બાબત ચોકકસપણે પુરવાર થાય છે. તેજ રીતે સાહેદને જુબાની દરમ્યાન મુદામાલ હથિયારો એવા તલવારો, બેઝબોલના ધોકા, બેટ તથા હાથા વગરનુ ધારીયુ બતાવતા તે હથિયારોથી મરનારને પી.એમ. નોટમાં જણાવ્યા મુજબની ઈજાઓ થઈ શકે તેવો અભિપ્રાય આપેલ છે. તેમજ ફરિયાદીએ તેઓની ફરિયાદ તથા જુબાનીમાં પણ તલવારથી વિક્રમસિંહ ઉપર હુમલો કરવામાં આવેલ

હોવાનુ અને ઈજાઓ પહોંચાડવામાં આવેલ હોવાનુ જણાવેલ છે. જેથી વિક્રમસિંહ ને ઉપરોકત હથિયારથી ઈજા પહોંચાડવામાં આવેલહોવાનુ અને તે કારણે વિક્રમસિંહનુ મૃત્યુ થયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. સાહેદની જુબાની મુજબ પી.એમ. નોટની કોલમ નં. ૧૭ માં જણાવેલ ઈજા નં. ૧, ૨, ૩, ૨૦, ૨૧, ૨૨, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦ તથા ૪૪ મૃત્યુ નિપજાવવા માટે પુરતી હતી. જે ઈજાઓ જોતા માથાના જુદા જુદા ભાગે, છાતીના જુદા જુદા ભાગે, પેટના જુદા જુદા ભાગે જુદી જુદી સાઈઝના કપાયેલા અને ભોંકાયેલા એટલે કે ઈન્સાઈઝ વુન્ડ અને સ્ટેબ વુન્ડ મળી આવેલા હોવાનુ પુરવાર થાય છે. તેજ રીતે સાહેદની જુબાની અને આંક–૧૨૯ ના કોઝ ઓફ ડેથ સર્ટી માં પણ માથાના ભાગે, હદયમાં, ફેફસામાં, લીવરમાં, પેટમાં અને જમણા કાંડાની ઉપર જુદી જુદી ઈજાઓ થવાને કારણે શોક લાગવાથી હદય અને શ્વશન ક્રિયા બંધ થઈ જવાથી (**Cardiorespiratory Failure**) મૃત્યુ નિપજેલ હોવાનુ પુરવાર થાય છે. તેજ રીતે પી.એમ. નોટમાં જણાવેલ બાહય ઈજાઓ અને આંતરીક ઈજાઓ એકબીજાને આનુષંગીક હોવાનુ અને તેમાની આંતરીક ઈજાઓ જીવલેણ હોવાનુ અને તે કારણે મરનાર નુ મૃત્યુ નિપજેલ હોવાનુ પણ ચોકકસપણે પુરવાર થાય છે. લાશ ઉપરનુ સફેદ ટી શર્ટ લોહીથી ખરડાયેલ હોવાનુ પી.એમ. નોટમાં તથા સાહેદની જુબાનીમાં જણાવેલ છે. જેથી ઈજાઓના કારણે લોહી વહી જવાથી ટી શર્ટ લોહી વાળુ થયેલ હોવાનુ પણ ચોકકસપણે પુરવાર થાય છે. સાહેદની જુબાની તથા આંક–૧૨૭ નુ ફોર્મ નં.૨–બી જોતા લાશ ઉપરથી બ્લડ સેમ્પલ લેવામાં આવેલ હોવાનુ અને પરિક્ષણ માટે એફએસએલ ને મોકલવામાં આવેલ હોવાનુ પુરવાર થાય છે. સાહેદની ઉલટતપાસ

માં પી.એમ. કર્યુ ત્યારે ઈજાઓ બાર કલાકની અંદરની હતી તે વાત સાચી હોવાનુ સાહેદે જણાવેલ છે. જેથી બચાવપક્ષે એ વાતનો સ્વીકાર કરેલો ગણાય કે આ ઈજાઓ પી.એમ. કર્યુ તેના બાદ કલાકની અંદરની હતી જે બનાવ બન્યાના સમયને પણ સમર્થન આપે છે. તેમજ આ બધી ઈજાઓ મૃત્યુ પહેલાની હતી તે પણ પુરવાર થાય છે. સાહેદની ઉલટતપાસ દરમ્યાન પી.એમ. ની પ્રક્રિયા કરતા અગાઉની કાર્યવાહીમાં કેટલીક અનિયમીતતાઓ કે ખામીઓ રહી ગયેલાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. પરંતુ તેનાથી પી.એમ. કરવામાં આવેલ નહી કે પી.એમ. ના સત્યતા અંગે કોઈ શંકા ઉભી થતી નથી. આમ ઉપરોકત સાહેદની સમગ્ર જુબાની તથા જુબાની દરમ્યાન રજુ થયેલ ફોમ નં. ૨–બી, પી.એમ. રીપોર્ટ તથા કોઝ ઓફ ડેથ સર્ટી જોતા, લાશ ઉપરની ઈજાઓ મૃત્યુ પહેલાની હોવાનુ તથા પી.એમ. કર્યુ તેના બાર કલાકની અંદરની એટલે કે બનાવ બન્યો તે સમયની હોવાનુ તથા આ ઈજાઓ કબજે કરવામાં આવેલ હથિયારોથી કરવામાં આવેલ હોવાનુ અને તે ઈજાઓના કારણે વિક્રમસિંહનુ મૃત્યુ થયેલ હોવાનુ ચોકકસપણે પુરવાર થાય છે.

(૪૮) ફરિયાદપક્ષના સાહેદ નં. ૧૮ ડો. મનિષ બાબુલાલ ચુનારા ને આંક–૧૭૫ થી તપાસવામાં આવેલ છે. જેઓની જુબાની જોતા એટલી હકીકત ચોકકસપણે રેકર્ડ ઉપર આવે છે કે, તેઓ તા.૧૫–૫–૦૩ ના રોજ ગોંડલ સરકારી હોસ્પીટલમાં ફરજ ઉપર હતા ત્યારે આ કામના ફરિયાદી રાજેશ્રીબાનુ બ્લડ સેમ્પલ લીધેલ તેમજ બીજુ એક બ્લડ સેમ્પલ બનાવી સીલબંધ કરી ક્રોસ વેરીફીકેશન માટે મોકલેલ અને જે અંગેનુ સર્ટીફીકેટ તૈયાર કરેલુ. જે જુબાની દરમ્યાન આંક–૧૭૬ થી

રજુ થયેલ છે. આમ ફરિયાદવાળા બનાવ બાદ ફરિયાદીનુ બ્લડ સેમ્પલ લેવાની કાર્યવાહી કરવામાં આવેલી તેટલી હકીકત ઉપરોકત સાહેદની જુબાનીથી પુરવાર થાય છે.

(૪૯) ફરિયાદપક્ષે સાહેદ નં. ૨૫ ડો. કેશવલાલ બાબુભાઈ રાદડીયા ને આંક–૧૯૫ થી તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીથી એટલી હકીકત પુરવાર થાય છે કે તા.૧૪–૫–૦૩ ના રોજ એટલે કે બનાવના બીજા દિવસે સવારના અગીયાર વાગ્યાના સુમારે આ કામના ઈજા પામનાર ફરિયાદી રાજેશ્રીબા ને સરકારી હોસ્પીટલ માંથી તેઓની હોસ્પીટલમાં સારવાર માટે રીફર કરવામાં આવેલા, અને ફરિયાદીને તપાસતા ડાબા કાનની પાછળના ભાગે ઈજા થયેલી માલુમ પડેલી જેની સારવાર સિવિલ હોસ્પીટલમાં આપેલ હતી, અને ફરિયાદી બેનને ચેસ્ટ પેઈનઅને ગભરામણ અંગે તપાસેલા તથા એક દિવસ માટે ઓબ્ઝર્વેશનમાં રાખેલા, અને ફરિયાદીને ચેસ્ટ પેઈન અંગે કોઈ પ્રોબ્લમ નહી જણાતા બીજા દિવસે રજા આપેલી. સાહેદની જુબાનીદરમ્યાન આંક–૧૯૬ થી રીફર નોટ,આંક–૧૯૭ થી મેડીકલ સર્ટીફીકેટ તથા આંક–૧૯૮થી કેસ પેપર્સ રજુ થયેલ છે. આમ ફરિયાદવાળા બનાવમાં ફરિયાદીને ડાબા કાનની પાછળના ભાગે ઈજા થયેલી તેટલી હકીકત ઉપરોકત સાહેદની જુબાનીથી પુરવાર થાય છે.

## <u>પંચ સાહેદો નો પુરાવો</u>

(૫૦) ફરિયાદપક્ષે તેઓનો કેસ પુરવાર કરવા માટે કુલ–૧૮ પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની દરમ્યાન જુદા જુદા પંચનામાઓ રજુ થયેલ છે. જો કે પંચ સાહેદોનો પુરાવો એ પ્રત્યક્ષ પુરાવો નથી પરંતુ બનાવ બાદની પોલીસ તપાસ દરમ્યાનની કાર્યવાહી સંબંધીત પુરાવો છે. તેજ રીતે પંચ સાહેદો ફરિયાદપક્ષના

જવાબદાર કે ભરોસાપાત્ર સાહેદો કહી શકાય નહી. જેથી પંચ સાહેદો ફરિયાદપક્ષને સમર્થનકારક પુરાવો ન આપે તો તેટલા માત્રથી ફરિયાદપક્ષનો કેસ ખોટો હોવાનુ માની શકાય નહીં કારણ કે પોલીસ અધિકારી એ એક જવાબદાર તપાસ કરનાર અધિકારી તરીકે પુરાવો એકત્રીત કરવા પંચનામાની કાર્યવાહી કરેલ હોય છે.

**(૫૦.૧)** ફરિયાદપક્ષે આંક–૯૨ થી પંચ સાહેદ વિજયભાઈ રવજીભાઈ સરવૈયાને તપાસેલ છે. તેઓની જુબાની દરમ્યાન આંક–૯૩ થી મરણજનારના કપડા કબજે કર્યાનુ પંચનામુ રજુ થયેલ છે. જો કે આ પંચનામામાં જણાવેલ અન્ય હકીકતોને સાહેદે સમર્થન આપેલ નથી. જેથી ઉપરોકત પંચસાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે.જેપંચસાહેદની સરકારી વકીલશ્રીએ કરેલ ઉલટતપાસમાં પણ સાહેદે ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ નથી. જો કે ઉપરોકત આંક–૯૩ વાળુ પંચનામું તપાસ કરનાર અમલદારે પોતાની ફરજના ભાગ રુપે તથા પોલીસ અધિકારીની જવાબદારીથી કરેલ છે જેથી પંચનામાની હકીકતને ખોટી માની શકાય નહી. અને તે જોતા આંક–૯૩ ના પંચનામા પ્રમાણે મરણજનારના કપડા કબજે કર્યાની હકીકતને ખોટી માની શકાય નહી.

(૫૦.૨) આંક–૧૪૧ થી આરોપીઓનુ અટક પંચનામું તથા આંક–૧૪૨ થી મુદામાલ કબજે કર્યાનુ પંચનામું રજુ થયેલ છે. જે બંને પંચનામાઓ આંક–૧૩૭ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ રાજુભાઈ મનસુખભાઈ ની જુબાની દરમ્યાન આંકે પડેલ છે. જે પંચસાહેદની જુબાની જોતા ઉપરોકત બંને પંચનામાઓની હકીકતને પંચસાહેદે સમર્થન આપેલ છે. તેમજ બચાવપક્ષના વિ.ધા.શ્રીએ કરેલ ઉલટતપાસમાં પણ આંક–

૧૪૧ અને ૧૪૨ ના પંચનામાની હકીકતને ખંડન કરતી કોઈ બાબત રેકર્ડ ઉપર આવતી નથી. તથા તે સંદર્ભે આંક–૧૪૪ થી રજુ થયેલ હથિયારબંધી નુ જાહેરનામું કે જે બચાવપક્ષે કબુલેલ છે તે જોતા ઉપરોકત જાહેરનામું તા.૧–૫–૦૩ થી ૩૧–૫–૦૩ દરમ્યાનનું છે. તથા હાલનો બનાવ તા.૧૩–૫–૦૩ ના રોજનો એટલે કે હથિયારબંધીના સમયગાળાનો છે. તથા ગુનામાં વપરાયેલ હથિયારો તપાસ કરનાર અમલદારે પંચનામાંથી કબજે કરેલ છે તે જોતા પણ હથિયારબંધીના જાહેરનામાનો ભંગ થયેલાનું પુરવાર થાય છે.

(૫૦.૩) આ કામે અગાઉ આંક–૧૪૩ થી તપાસવામાં આવેલ સાહેદની જુબાની દરમ્યાન રજુ થયેલ આંક–૧૪૫ ના ઓળખ પરેડના પંચનામાના પંચ સાહેદો બાબુભાઈ બધાભાઈ બાબરીયાને આંક–૧૪૮ થી તથા કરશનભાઈ મીઠાભાઈ મકવાણાને આંક–૧૪૯ થી તપાસવામાં આવેલ છે. જે બંને પંચસાહેદોએ આંક–૧૪૫ ના ઓળખ પરેડના પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. પરંતુ ઉપરોકત ઓળખ પરેડનુ પંચનામું જવાબદાર સરકારી અધિકારી એવા એકઝીકયુટીવ મેજી.શ્રીની જુબાની દરમ્યાન રજુ થયેલ છે અને પુરવાર થયેલ છે. જેથી ઓળખ પરેડના પંચનામાની હકીકતને ખોટી માની શકાય નહી.

(૫૦.૪) આંક–૧૫૦ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ ગોરધનભાઈ દેવજીભાઈ પરવડા ની જુબાની દરમ્યાન આંક–૧૫૧ થી ઈન્કવેસ્ટ પંચનામું તથા આ ક–૧૫૨ થી બનાવવાળી જગ્યાનુ પંચનામુ રજુ થયેલ છે. જેઓએ તેઓની સોગંદપરની જુબાનીમાં આંક–૧૫૧ અને ૧૫૨ અનુક્રમે ઈન્કવેસ્ટ પંચનામાની તથા બનાવવાળી

જગ્યાના પંચનામાની હકીકતને સમર્થન આપેલ છે. જેનુ ઉલટતપાસ દરમ્યાન બચાવપક્ષ ખંડન કરી શકેલ નથી.

(૫૦.૫) આંક–૧૬૧ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ અશોક જેરામભાઈ યાદવ ની જુબાની દરમ્યાન આંક–૧૬૨ થી પ્રથમ બનાવ બનેલ તે જગ્યાનુ પંચનામુ રજુ થયેલ છે. પંચ સાહેદે તેઓની જુબાનીમાં પંચનામાની હકીકતને સમર્થન આપેલ છે. જેનુ ઉલટતપાસ દરમ્યાન બચાવપક્ષ ખંડન કરી શકેલ નથી.

(૫૦.૬) આંક–૧૬૪ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ નવીનભાઈ પ્રભુદાસભાઈ શેઠ ની જુબાની દરમ્યાન આંક–૧૬૫ વાળુ ફરિયાદીના કપડા કબજે કર્યાનુ પંચનામું તથા આંક–૧૬૬ થી યુટીલીટી જીપ કબજે કર્યાનુ પંચનામું રજુ થયેલ છે. તે ઉપરાંત આંક–૧૬૫ ના પંચનામાના બીજા પંચ સાહેદ રફીકશા ભીખુશા ને આંક–૨૧૧ થી તપાસવામાં આવેલ છે. જો કે ઉપરોકત બંને પંચસાહેદોએ ઉપરોકત પંચનામામાં પોતાની સહી સિવાયની કોઈ હકીકતને સમર્થન આપેલ નથી. જેઓને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ સરકારી વકીલશ્રીએ કરેલ ઉલટતપાસમાં પણ તેઓએ આંક–૧૬૫ અને ૧૬૬ ના પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જો કે ઉપરોકત બંને પંચનામાઓ જવાબદાર પોલીસ અધિકારીએ પોતાની ફરજના ભાગ રુપ કરેલ હોય તેની હકીકતને ખોટી માની શકાય નહી.

(૫૦.૭) આંક–૧૬૮ થી તપાસવામાં આવેલ પંચસાહેદ નિલેશ નરેન્દ્રભાઈ ની જુબાની દરમ્યાન આંક–૧૬૯ થી આરોપીઓને અટક કર્યાનુ પંચનામુ રજુ થયેલ છે.ઉપરોકત પંચ સાહેદે આંક–૧૬૯ ના પંચનામાની હકીકતને સમર્થન આપેલ છે. જેનુ

બચાવપક્ષ ઉલટતપાસ દરમ્યાન ખંડન કરી શકેલ નથી.

(૫૦.૮) આંક–૧૭૧ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ ભુપતભાઈ ભીખાભાઈ ભરવાડ ની જુબાની દરમ્યાન આંક–૧૭૨ થી ઝડતી પંચનામું તથા આંક–૧૭૩ થી આરોપીનુ અટક પંચનામું રજુ થયેલ છે. ઉપરોકત પંચ સાહેદે આંક–૧૭૨ અને ૧૭૩ ના પંચનામાઓની હકીકતને સમર્થન આપેલ છે. જેનુ બચાવપક્ષ ઉલટતપાસ દરમ્યાન ખંડન કરી શકેલ નથી.

(૫૦.૯) આંક–૧૭૭ થી પંચ સાહેદ કિશોરભાઈ છગનભાઈ ને તથા આંક–૧૭૯ થી પંચ સાહેદ બટુકભાઈ નાનાભાઈ ને તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની દરમ્યાન આંક–૧૭૮ થી આરોપીઓને અટક કર્યાનુ પંચનામુ રજુ થયેલ છે. જો કે આ પંચનામામાં પોતાની સહી સિવાયની કોઈ હકીકતને પંચ સાહેદો સમર્થન આપેલ નથી. તેથી તેઓને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ સરકારી વકીલશ્રીએ કરેલ ઉલટતપાસમાં પણ તેઓએ આંક–૧૭૮ ના પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જો કે ઉપરોકત પંચનામુ જવાબદાર પોલીસ અધિકારીએ પોતાની ફરજના ભાગ રુપ કરેલ હોય તેની હકીકતને ખોટી માની શકાય નહી.

(૫૦.૧૦) આંક–૧૮૦ થી પંચ સાહેદ જગદીશ હરિશંકર ને તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની દરમ્યન મહિન્દ્રા જીપ કબજે કર્યાનુ પંચનામું આંક–૧૮૧ થી રજુ થયેલ છે. જો કે આ પંચનામામાં પોતાની સહી સિવાયની કોઈ હકીકતને પંચ સાહેદે સમર્થન આપેલ નથી.તેથી તેઓને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ સરકારી વકીલશ્રીએ કરેલ ઉલટતપાસમાં પણ તેઓએ આંક–૧૮૧ ના પંચનામાની હકીકતને સમર્થન આપેલ

નથી. જો કે ઉપરોકત  પંચનામુ જવાબદાર પોલીસ અધિકારીએ પોતાની ફરજના ભાગ રુપ કરેલ હોય તેની હકીકતને ખોટી માની શકાય નહી.

(૫૦.૧૧)    આંક–૧૯૯ થી પંચ સાહેદ દેવજીભાઈ ખેંગારભાઈ ને તપાસેલ છે. તેઓની જુબાની દરમ્યાન આંક–૨૦૦ થી ઝડતી પંચનામું રજુ થયેલ છે. જો કે આ પંચનામામાં પોતાની સહી સિવાયની કોઈ હકીકતને પંચ સાહેદે સમર્થન આપેલ નથી. તેથી તેઓને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ સરકારી વકીલશ્રીએ કરેલ ઉલટતપાસમાં પણ તેઓએ આંક–૨૦૦ ના પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જો કે ઉપરોકત પંચનામુ જવાબદાર પોલીસ અધિકારીએ પોતાની ફરજના ભાગ રુપ કરેલ હોય તેની હકીકતને ખોટી માની શકાય નહી.

(૫૦.૧૨)    આંક–૨૦૧ થી પંચ સાહેદ દિનેશ બચુભાઈ પાંભર ને તપાસેલ છે. તેઓની જુબાની દરમ્યાન આંક–૨૦૨ થી  આરોપી વિનોદ ગોબરભાઈ શીંગાળા ને અટક કર્યાનુ પંચનામુ રજુ થયેલ છે. તથા બીજા પંચ સાહેદ મહેશ કેશુભાઈને આંક–૨૦૩ થી તપાસવામાં આવેલ છે. જો કે આ ઉપરોકત બંને પંચ સાહેદોએ પંચનામામાં પોતાની સહી સિવાયની કોઈ હકીકતને સમર્થન આપેલ નથી. તેથી તેઓને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ સરકારી વકીલશ્રીએ કરેલ ઉલટતપાસમાં પણ તેઓએ આંક–૨૦૨ ના પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જો કે ઉપરોકત  પંચનામુ જવાબદાર પોલીસ અધિકારીએ પોતાની ફરજના ભાગ રુપ કરેલ હોય તેની હકીકતને ખોટી માની શકાય નહી.

(૫૦.૧૩) આંક–૨૨૪ થી પંચ સાહેદ દેવેન્દ્રસિંહ તેજુભા રાણા ને તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની દરમ્યાન આંક–૨૨૫ થી બનાવ વખતે આરોપી હરેશ મકનભાઈ ચોથાણીએ પહેરલ કપડા આરોપી રામજીભાઈ પ્રાગજીભાઈ મારકણાએ રજુ કરેલ તે કપડા કબજે કર્યાનુ પંચનામું રજુ થયેલ છે. જેઓએ તેમની જુબાની દરમ્યાન આંક–૨૨૫ ના પંચનામાની મહત્વની હકીકતને સમર્થન આપેલ છે. ઉપરોકત પંચસાહેદની બચાવપક્ષના વકીલશ્રીએ કરેલ ઉલટતપાસમાં કોઈ મહત્વની હકીકતનુ બચાવપક્ષ ખંડન કરી શકેલ નથી.

(૫૦.૧૪) આંક–૨૯૩ પંચ સાહેદ રાજેન્દ્રસિંહ પ્રતાપસિંહને તપાસવામાં આવેલ છે. જેઓની જુબાની દરમ્યાન આંક–૨૯૪ થી આરોપીઓને અટક કર્યા તથા તેઓનુ શરીર સ્થિતિનુ પંચનામું રજુ થયેલ છે. તે પંચનામાના બીજા પંચ સાહેદ રફીક ઓસમાણ ખલીફાને આંક–૩૦૪ થી તપાસવામાં આવેલ છે. જો કે આ ઉપરોકત બંને પંચ સાહેદોએ સદર પંચનામામાં પોતાની સહી સિવાયની કોઈ હકીકતને સમર્થન આપેલ નથી. તેથી તેઓને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ સરકારી વકીલશ્રીએ કરેલ ઉલટતપાસમાં પણ તેઓએ આંક–૨૯૪ ના પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જો કે ઉપરોકત પંચનામુ જવાબદાર પોલીસ અધિકારીએ પોતાની ફરજના ભાગ રુપ કરેલ હોય તેની હકીકતને ખોટી માની શકાય નહી.

## <u>પોલીસ સાહેદોની જુબાની.</u>

**(૫૧)** ફરિયાદપક્ષના સાહેદ નં. ૪૭ એએસઆઈ જયસિંહ પથુભા પરમાર ને આંક–૨૪૮ થી તપાસવામાં આવેલ છે. તેઓની સમગ્ર જુબાનીનુ વિશ્લેષણ કરવામાં

આવે તો ફરિયાદપક્ષની તરફેણમાં એટલી હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, તેઓ બનાવના અરસામાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેઓને જાણવા જોગ ૮૩/૦૩ ના કામે ડેપ્યુટનો હુકમ મળતા તેઓ ગોંડલ સરકારી દવાખાને ગયેલ અને ત્યાં સારવાર માં દાખલ કરેલ ફરિયાદી રાજેશ્રીબા ની આંક–૧૦૯ વાળી ફરિયાદ તેઓએ પોતાની રુબરુ લીધેલી જે ફરિયાદ ગુનો દાખલ થવા માટે પોલીસ સ્ટેશને આપેલી. જે ફરિયાદ નોંધવાની કાર્યવાહી દરમ્યાન તેઓ ફરિયાદીને પુછતા ગયેલ અને ફરિયાદીબેન બોલતા ગયેલાતે પ્રમાણે સાહેદે ફરિયાદ લખી લીધેલી.

**(૫૨)** ફરિયાદપક્ષના સાહેદ નં.૪૯ નવલસિંહ ભીખુભા જાડેજા ને આંક–૨૬૬ થી તપાસવામાં આવેલ છે કે જેઓ ઉપરોકત ગુનાની તપાસ કરનાર અધિકારી છે. તેઓએ તેમની સોગંદપરની જુબાની દરમ્યાન સરતપાસમાં જણાવેલ હકીકતોને ટુંકમાં નોંધવામાં આવે તો, ઉપરોકત ફરિયાદવાળા ગુનાની તપાસ તેઓને મળેલી. જે ફરિયાદ વિક્રમસિંહને અમુક માણસો કાર સાથે ઉપાડી ગયેલા તે અંગેની હતી. તપાસ દરમ્યાન મરનાર ની લાશ મેલડી માતાના મંદિર તરફના કાચા રસ્તા તરફ પડેલાની માહિતી મળતા તેઓ તે સ્થળે ગયેલા, અને રાતનો સમય હોવાથી બીજા દિવાસે સવારે તે સ્થળે જઈ મરનારની લાશનું આંક–૧૫૧ વાળુ ઈન્કવેસ્ટ પંચનામું કરેલુ, અને ત્યારબાદ ડોગ સ્કવોડ અને એફએસએલ ધ્વારા તપાસ કરાવેલી. તેમજ ઈપીકો કલમ–૩૦૨ નો ઉમેરો કરવા સબબ રીપોર્ટ કરેલો. બનાવ સ્થળેથી લોહીવાળી માટી, સેમ્પલ માટી,ચંપલ તેમજ ગાડી આંક–૧૫૨ ના પંચનામાંથી કબજે કરેલ અને લાશનુ પી.એમ. કરાવવા માટે મોકલી આપેલ. તપાસના કામે તેઓએ સાહેદ ધરમસિંહ મેલડી માતાના મંદિરના

પુજારી, રાજવાડીમાં ખેતી કામ કરતા અને બીજા સીકયોરીટી વાળાઓના નિવેદનો લીધેલા, અને ફરિયાદીનુ વિશેષ નિવેદન લીધેલુ. બનાવ સમયે ફરિયાદીએ પહેરેલ કપડા આંક–૧૬૫ ના પંચનામા મુજબ કબજે કરેલા, ડોકટર મારફતે ફરિયાદીનુ બ્લડ સેમ્પલ લેવડાવી કલેકટ કરેલ, પીએસઓ એ કબજે કરેલ મરનારના કપડા મેળવેલા, આંક–૧૬૨ ના પંચનામા પ્રમાણે રસ્તા ઉપર આવતા સાહેદોના નિવેદનો લીધેલા, તપાસના કામે એલ.સી.બી. એ લીધેલ નિવેદનો મેળવેલા, મરનારની માતા તથા ભાઈના તથા અન્ય કેટલાક સાહેદોના નિવેદનો લીધેલા, ઈપીકો કલમ–૧૦૯,૧૨૦–બી ના ઉમેરાનો રીપોર્ટ કોર્ટમાં રજુ કરેલો, તપાસ દરમ્યાન પુરાવાઓ મળતા આરોપીઓ લાલજી નરશી, ધના ભાણા તથા ભરત લાધા ને આંક–૧૬૯ ના પંચનામા મુજબ અટક કરેલા તથા આરોપી લાલજી ધનજી ની કાર કબજે લઈ તેની એફએસએલ ધ્વારા તપાસણી કરાવેલી, તપાસ દરમ્યાન ગુનામાં વપરાયેલ આરોપી રામજી મારકણા ની જીપ આંક–૧૮૧ ના પંચનામાંથી કબજે લીધેલી, ગુનામાં સંડોવાયેલા કેટલાક આરોપીઓએ જેમની પાસે સારવાર લીધેલ તેવા સાહેદ ડો. મનોજ દુધાત્રા નુ નિવેદન લીધેલુ, રાજવાડી ની જમીન ખરીદનાર લાલજીભાઈ જાદવજીભાઈનુ નિવેદન લીધેલુ, તથા આંક–૨૬૭ થી ઝડતી પંચનામું કરેલ, તેમજ આંક–૨૬૮ થી ૨૭૦ મુજબના રાજવાડીની જમીન અંગે ચાલતા દાવાના પેપર્સ મેળવેલા, એલ.સી.બી. પીઆઈએ પકડેલ ચાર આરોપીઓ રાજેસ પરસોતમ, હરેશ મકન, ધર્મેન્દ્ર મનજી તથા કાનજી હિરજી નો કબજો મેળવેલો, ગુનામાં વપરાયેલ મોટર સાયકલ આરોપી રામજી પ્રાગજીને ત્યાંથી કબજે લીધેલુ, તેમજ તપાસના કામે એલ.સી.બી. એ કબજે લીધેલ આરોપી રામજી મારકણા તથા અન્ય

આરોપીઓના કપડા આંક–૨૨૫ ના પંચનામાંથી મેળવેલા તથા તે દરમ્યાન એલ.સી.બી.એ અન્ય ત્રણ આરોપીઓ રામજી પ્રાગજી, જગદીશ રણછોડ તથા કાનજી પોપટ ને પકડેલા તેઓનો કબજો લીધેલો તથા તેમના બ્લડ સેમ્પલ લેવડાવેલા, તપાસ દરમ્યાન મેળવેલ મુદામાલ જુદી જુદી રવાનગી નોંધથી પૃથ્થકરણ અર્થે એફએસએલ ને મોકલેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ મારફતે આંક–૧૪૫ ના ઓળખ પરેડના પંચનામા મુજબ ઓળખ પેરડ કરાવેલ, તપાસ દરમ્યાન આંક–૨૮૦ થી ૨૮૨ મુજબના સ્ટેશન ડાયરીના ઉતારા મેળવેલા, તપાસ દરમ્યાન કેટલાક આરોપીઓ કોર્ટ રુબરુ હાજર થતા પીએસઆઈ સોલંકી મારફતે તેમને અટક કરવામાં આવેલા, તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા કુલ–૧૫આરોપીઓ વિરુધ્ધ કોર્ટમાં ચાર્જસીટ કરેલુ.

બચાવપક્ષના વિ.ધા.શ્રીએ ઉપરોકત તપાસ કરનાર અમલદારની વિગતવાર અને ઉંડાણપુર્વક ઉલટતપાસ કરેલ છે જેના મહત્વના મુદાઓ નોંધવામાં આવે તો, મરનાર વિક્રમસિંહ પંકાયેલા ગુનેગાર અને ખુનના ગુનામાં સંડોવાયેલ હોવાનુ સાહેદે સ્વીકારેલ છે. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ આ ફરિયાદી પાસેથી અને તે ફરિયાદ માં ફરિયાદીને કોણે તલવાર મારી તેનુ નામ બતાવેલ નથી. સાહેદે એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, ફરિયાદીની ફરિયાદમાં તેઓ કોઈને ઓળખતા ન હોવાનુ જણાવેલ છે. સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે,મરનારને તેઓ સાથે નજીકના સંબંધ હતા તેથી આ તપાસ તેઓ બીજાને સોંપવા માંગતા ન હતા. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ મરનારના કપડા કબજે લીધા તે પહેલા ઈન્કવેસ્ટ પંચનામુ થયેલ હતુ. સાહેદે એ

વાતનો પણસ્વીકાર કરેલ છે કે, રાજવાડી સંબંધે જે દિવાની કાર્યવાહી ચાલતી હતી તે મરનારઅને આરોપીઓ વચ્ચે ચાલતી ન હતી. આરોપીઓને તે જમીન સાથે લેવા દેવા હતી કે કેમ તેની પોતાને ખબર નહી હોવાનુ સાહેદે જણાવેલ છે. જો કે ત્યારબાદ સાહેદે એવુ જણાવેલ છે કે, આરોપી વિનુ શીંગાળાએ આ જમીન ખરીદેલી હતી. સાહેદે તપાસ કરનાર અમલદાર તરીકે તૈયાર પંચનામાઓમાં પંચોની સહીઓ લીધેલ હોવાનો તથા સાહેદોના જવાબો લીધેલ હોવાનો તથા સાહેદોના જવાબો સાહેદોના લખાવ્યા પ્રમાણે લખેલ નહી હોવાનો ઈન્કાર કરેલ છે. તપાસ દરમ્યાન તેઓએ ડો. દુધાત્રાનુ નિવેદન લીધેલ હોવાનુ જણાવેલ છે પરંતુ તેઓએ કોઈ સરકારી ડોકટરના નિવેદન લીધેલ નહીં હોવાનુ જણાવેલ છે. મરનાર વિક્રમસિંહ અને ફરિયાદી રાજેશ્રીબા વચ્ચે કૌટુંબીક સંબંધો હોવાનુ તપાસમાં જાણવા મળેલુ તેવુ સાહેદ જણાવે છે. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ લીધેલ સાહેદ દિલીપસિંહના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે "આરોપીઓ બનાવ સમયે એવુ બોલતા હતા કે રાજવાડીનો કબજો મારી પાસે છે અને મારુ નામ રામજી મારકણા છે." સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છેકે,આ કામે કોઈ આરોપીઓ ના મળતા હોઈ તેઓએ હાલના આરોપીઓને ખોટી રીતે સંડોવી દીધેલ છે. પી.એમ. નોટ મળ્યા બાદ તેઓએ ડોકટરનો કોઈ જવાબ લીધેલ નથી તેવુ જણાવેલ છે. આ લાશ દુષ્યંતસિંહ જાડેજાએ ઓળખી બતાવેલ હોવાનુ સાહેદ જણાવે છે. જો કે આવો દુષ્યંતસિંહ નામનો માણસ ન હોવાનુ તથા લાશની ઓળખ ખોટી રીતે કરવામાં આવેલ હોવાનો સાહેદે ઈન્કાર કરેલ છે. ઈન્કવેસ્ટ પંચનામા વખતે મરનાર ના ભાઈઓ હાજર હોવા બાબતે પોતાના ધ્યાનમાં નહીં હોવાનુ સાહેદ જણાવે છે.

હોસ્પીટલમાં લાશની તેના ભાઈઓ મારફતે ઓળખ કરવાનુ પોતાને જરુરી લાગેલ નહી હોવાનુ સાહેદે જણાવેલ છે અને એવુ કારણ આપેલ છે કે, લાશની અગાઉ ઓળખ જયાંથી લાશ મળી તેની બાજુવાળા ખેતરવાળાનો જવાબલીધેલો તેવુ સાહેદે જણાવેલ છે. દાવા ની જે નકલ રજુ થયેલ છે તેમાં વિક્રમસિંહ વચ્ચે અણબનાવ ચાલ્યો આવતો હોવાનુ સાહેદે જણાવેલ છે. જો કે તે કારણે વિનુભાઈનુ નામ ફરિયાદમાં ઉમેરી દીધાનો સાહેદે ઈન્કાર કરેલ છે. વિક્રમસિંહના ખુનના બદલા રુપે વિનુભાઈનુ ખુન થયેલુ તે બાબતે પોતે કઈ જાણતો નહી હોવાનુ તથાઆ કેસમાં શું પરિણામ આવ્યુ તેની પોતાને ખબર નહીં હોવાનુ સાહેદ જણાવે છે.

ઉપરોકત સાહેદની સમગ્ર જુબાનીનુ વિશ્લેષણ કરવામાં આવે તો, તેઓએ ફરિયાદ વાળા બનાવની તપાસની કાર્યવાહી શરુ કરેલ છે અને મોટાભાગની અને મહત્વની તપાસ તેઓએ કરેલ છે. તેઓને બનાવના બીજા દિવસે જ તપાસ મળતા તેઓએ પ્રથમ નાકાબંધી કરેલ. તથા ત્યારબાદ ફરિયાદમાં જણાવેલ રાજવાડીમાં જઈને તપાસ કરેલ જયાંથી આંક–૨૬૭ ના પંચનામા પ્રમાણે મોટર સાયકલ કબજે કરેલ. જો કે આ મોટર સાયકલ કોની માલિકીનુ હતુ કે ગુનામાં સંડોવાયેલ હતુ તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. તેજ રીતે રાજવાડીના ચોકીદાર ઘરમસિંહનુ નિવેદન લીધેલ હોવાનુ જણાવેલ છે પરંતુ આ ધરમસિંહની જુબાની ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તેમજ આ ધરમસિંહે તેમના નિવેદનમાં શું હકીકત જણાવેલી તે પણ ઉપરોકત સાહેદ જણાવતા નથી.સાહેદે એવુ જણાવેલ છે કે ત્યારબાદ તેઓ હોસ્પીટલે ગયેલ અને રસ્તામાં એક ઈન્ડીકા કાર મળેલ જેને ચેક કરતા તેમા ત્રણ માણસો હતા જેઓએ પોતાના નામ

લાલજી ધનજી, નરશી ભાણા તથા ભરત લાધા હતા તેવુ જણાવે છે જે નામો જોતા આ કામના આરોપીઓ પૈકીના હોવાનુ જણાય છે. જો કે તેઓની ઓળખ અંગે ઉપરોકત સાહેદે કોઈ ખાતરી કરેલ હોય કે પુરાવા મેળવેલ હોય તેવુ રેકર્ડ ઉપર આવતુ નથી. તપાસ દરમ્યાનની મહત્વની ધટના અંગે એ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે તેઓને એવી માહિતી મળેલ કે મરનારની લાશ મેલડી માતાના મંદિરતરફના કાચા રસ્તે પડેલ છે જેથી તેઓ ત્યાં જતા તેઓને લાશ જોવા મળેલ,પરંતુ તે સમયે રાત્રી હોઈ બીજા દિવસે તેઓએ ઈન્કવેસ્ટ પંચનામુ કરી લાશ કબજે કરેલી. જે આંક–૧૫૧ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ પોતે કરેલ હોવાનુ જણાવે છે. જે પંચનામુ આંક–૧૫૦ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ ગોરધનભાઈ દેવજીભાઈ પરડવા ની જુબાનીથી આંકે પડેલ છે જે પંચ સાહેદે પણ ઈન્કવેસ્ટ પંચનામાને સમર્થન આપેલ છે. તેમજ આ લાશ ને દુષ્યંતસિંહે ઓળખી બતાવેલ હોવાનુ જણાવેલ છે. જે પંચ સાહેદની જુબાની અને આંક–૧૫૧ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ જોતા આ લાશ ઉપર સખ્યાબંધ ઘા હોવાનુ તથા માથા ઉપર, કાન પાછળ લમણાના ભાગે તથા શરીરે ઘા લાગેલ હોવાનુ અને તે લાશ ઉપર કપડા હોવાનુ રેકર્ડ ઉપર આવે છે. આમ તપાસ કરનાર અધિકારીએ કરેલ ઉપરોકત પંચનામા મુજબ મળી આવેલ લાશની સ્થિતિ જોતા જીવલેણ હુમલો થવાથી અને અસંખ્યા ઈજાઓ થવાથી તે લાશ વાળી વ્યકિતનુ મૃત્યુ નિપજેલ હશે તેવુ ચોકકસપણે માની શકાય. ત્યારબાદ સાહેદે ઈપીકો કલમ–૩૦૨ ની કલમ ઉમેરાના રીપોર્ટ આપેલાની હકીકત પણ રેકર્ડ ઉપર આવે છે. જે જગ્યાએથી લાશ મળી આવેલી તે જગ્યાએથી આંક–૧૫૨ ના પંચનામાની વિગતે એફ.એસ.એલ. અધિકારીઓએ લોહીવાળી માટી, કન્ટ્રોલ માટી,

ચંપલ તથા ગાડી કબજે કરેલ હોવાની હકીકત પણ પુરવાર થાય છે. જે પંચનામાની હકીકતને આંક–૧૫૦ થી તપાસવામાં આવેલ પંચ સાહેદે પણ સમર્થન આપેલ છે. ત્યારબાદ ઉપરોકત લાશનુ પી.એમ. કરાવવા માટે લાશને ગોંડલ સરકારી હોસ્પીટલે મોકલેલ હોવાની તથા મરનારની પી.એમ. નોટ આવી જતા તપાસના કામે સામેલ રાખેલ હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવે છે.તપાસના કામે સાહેદે બનાવ સમયે ફરિયાદીએ પહરેલ કપડા આંક–૧૬૫ ના પંચનામાની વિગતે એફ.એસ.એલ.તપાસણીના હેતુ માટે કબજે કરેલ હોવાનુ પણ પુરવાર થાય છે. જે પંચનામું આંક–૧૬૪ થી તપાસવામાં આવેલ પંચ સાહેદની જુબાનીથી આંકે પડેલ છે. જો કે ઉપરોકત પંચનામાના બંને સાહેદોએ કે જેઓને અનુક્રમે આંક–૧૬૪ તથા આંક–૨૧૧ થી તપાસવામાં આવેલ છે તેઓએ આંક–૧૬૫ ના પંચનામા સંદર્ભે ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. પરંતુ જયારે ઉપરોકત પંચનામાની કાર્યવાહી જવાબદાર પોલીસ અધિકારીએ કરેલ છે અને સોગંદ ઉપરની જુબાનીમાં સમર્થન આપેલ છે ત્યારે તે પંચનામાને ચોકકસપણે સાચુ માનવામાં આવે છે. આંક–૧૬૨ થી રજુ થયેલ પ્રથમ બનાવ બન્યો તે જગ્યાના પંચનામાની હકીકતને સમર્થન મળે છે જેના પંચ સાહેદે પણ આંક–૧૬૧ ની જુબાનીથી સમર્થન આપેલ છે. તપાસ દરમ્યાન પુરાવાઓ મળતા સાહેદે આંક–૧૬૯ ના પંચનામા મુજબ આરોપીઓ લાલજી ધનજી, નરશી ભાણા તથા ભરત લાધા ને અટક કરી, આરોપી લાલજી ધનજીની કાર પણ તે પંચનામા મુજબ કબજે કરી એફ.એસ.એલ. તપાસણી કરાવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. જે પંચનામા માટે આંક–૧૬૮ થી તપાસવામાં આવેલ પંચ સાહેદે પણ સમર્થન આપેલ છે. સાહેદને તપાસ

દરમ્યાન એક થી વધારે આરોપીઓનુ ગુનાહિત કાવત્રુ જણાતા ઈપીકો કલમ–૧૦૯, ૧૨૦–બી ની કલમનો ઉમેરો કરવા માટેનો રીપોર્ટ કરેલ હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવે છે. તેમજ આંક–૧૬૯ ના પંચનામા પ્રમાણે આરોપીઓ લાલજી ધનજી, નરશી ભાણા તથા ભરત લાધા ને અટક કરેલ હોવાનુ તથા તેજ પંચનામાંથી આરોપી લાલજી ધનજીની કાર તથા તે કારમાંથી ગુનામાં વપરાવેલ બે ધોકા પણ કબજે કર્યાનુ રેકર્ડ ઉપર આવે છે. જે પંચનામાને આંક–૧૬૮ થી તપાસવામાં આવેલ પંચસાહેદે પણ સમર્થન આપેલ છે. સાહેદે તપાસ દરમ્યાન આરોપી રામજી મારકણાની ગુનામાં વપરાયેલ જીપ આંક–૧૮૧ ના પંચનામાથી કબજે કરેલ હોવાનુ રેકર્ડ આવે છે. જો કે તે પંચનામાને આંક–૧૮૦ થી તપાસવામાં આવેલ પંચ સાહેદે સમર્થન આપેલ નથી. પરંતુ ઉપરોકત સાહેદની જુબાનીથી તે પંચનામાને સમર્થન મળે છે. સાહેદની જુબાની દરમ્યાન આંક–૨૬૮ થી ૨૭૦ હેઠળ રાજવાડીની જમીનના સિવિલ દાવા ઓના પેપર્સ રજુ થયેલ છે જે આંક–૨૬૮ થી રજુ થયેલ સ્પે. દિવાની કેસ નં. ૯૧/૨૦૦૧ વંચાણે લેતા તે દાવો મરણજનાર વિક્રમસિંહ રાણાએ ગુણાદિત્યસિંહજી વિક્રમસિંહજી જાડેજા સામે કાયમી મનાઈહુકમ મેળવવા દાખલ કરેલ હોવાનુ સ્પષ્ટ થાય છે. તેમજ તેમા જણાવેલ જુદા જુદા સર્વે નંબરો વાળી ખેતીની જમીનોમાનો કબજો પ્રતિવાદી કે તેમના માણસો પડાવી ના લે તથા પ્રવેશ ના કરે તે માટે દાદ માંગેલ છે. આંક–૨૬૯ થી ઉપરોકત દાવાના કામે કોર્ટ કમિશનરે પંચનામુ કરતી વખતે કોઈપણ જાતની તકરાર ઉભી ન થાય અને સુલેહશાંતિ જળવાઈ રહે તે માટે સિવિલ કોર્ટ સમક્ષ પોલીસ બંદોબસ્તની માંગણીકરેલ છે. જે ધ્યાને લેતા દાવામાં જણાવેલ જમીનો અંગે પક્ષકારો વચ્ચે સુલેહ ભંગ થાય તેવી શકયતાઓ

હોવાનુ રેકર્ડ ઉપર આવે છે. જયારે આંક–૨૭૦ થી રજુ થયેલ પત્ર તથા પત્ર સાથે સામેલ પેપર્સ વંચાણે લેતા જુદા જુદા સર્વે નંબરોવાળી જમીનો ગુણાદિત્યસિંહજી ના નામે હોવાનુ અને તે જમીનોમાં વિક્રમસિંહ રાણા નુ નામ ૧૯૯૭–૯૮ થી દાખલ થયેલ હોવાનુ જણાવેલ છે જે પેપર્સમાં વિનોદરાય ગોબરભાઈ શીંગાળાના નામનો પણ ઉલ્લેખ છે કે જેઓનુ હાલના બનાવમાં નામ ખુલેલ છે અને તેઓને પણ સંડોવેલ છે.પરંતુ તેઓનુ અકુદરતી મૃત્યુ થયેલ હોવાનુ ચાર્જશીટમાં ઉલ્લેખ છે.આમ હાલના બનાવમાં મરણ જનાર વિક્રમસિંહને જમીન સંદર્ભે તકરારો ચાલતી હોવાનુ ચોકકસપણે રેકર્ડ ઉપર આવે છે. સાહેદની જુબાનીથી એ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, ઉપરોકત બનાવની તપાસ એલ.સી.બી. એ પણ કરેલ હતી અને એલ.સી.બી. પીઆઈ એ તેમની તપાસ દરમ્યાન પકડેલ આરોપીઓ કે જેઓ હાલના કામે પણ આરોપીઓ છે તેવા રાજેશ પરસોતમ, હરેશ મકન, ધર્મેન્દ્ર મનજી, રામજી પ્રાગજી, જગદીશ રણછોડ તથા કાનજી પોપટ નો કબજો લીધેલો હોવાનુ તથા રામજી પ્રાગજી મારકણાના કપડા તથા અન્ય ત્રણ આરોપીઓના કપડા કે જે એલ.સી.બી. એ કબજે લીધેલા તે કપડા ઉપરાંત સાહેદે તપાસના કામે આંક–૨૨૫ ના પંચનામા પ્રમાણે કબજે લીધેલ હોવાનુ તથા આરોપીઓ રામજી પ્રાગજી, જગદીશ રણછોડ તથા કાનજી પોપટ ના બ્લડ સેમ્પલ લેવડાવેલ હોવાનુ પણ રેકર્ડ ઉપર આવે છે. તેમજ તપાસ દરમ્યાન સાહેદે કબજે લીધેલ મુદામાલ એફએસએલ તપાસ માટે મોકલેલ હોવાનુ પણ રેકર્ડ ઉપર આવે છે. પોતાની તપાસ દરમ્યાન આરોપીઓની ઓળખ પરેડ કરાવવા સાહેદે જરુરી કાર્યવાહી કરેલ હોવાનુ પણ રેકર્ડ ઉપર આવે છે. તેમજ ફરિયાદીને થયેલ ઈજા અંગે તથા મરનારની

બોડી મેળવવા અંગેની સાહેદે જરુરી કાર્યવાહી કરેલ હોવાનુ પણ રેકર્ડ ઉપર આવે છે. કેટલાક આરોપીઓ કોર્ટ રુબરુ હાજર થયેલ હોવાનુ અને તેઓને પીએસઆઈ સોલંકીએ અટક કરેલ હોવાનુ તથા તપાસના અંતે પુરતો પુરાવો જણાતા હાલના કુલ પંદર આરોપીઓ સામે સાહેદે ચાર્જશીટ કરેલ હોવાનુ પણ રેકર્ડ ઉપર આવે છે, અને ત્યારબાદ આરોપી વિનુભાઈ ગોબરભાઈ વિરુધ્ધ અલગથી ચાર્જશીટ કરેલ હોવાનુ પણ સાહેદની જુબાનીથી રેકર્ડ ઉપર આવે છે. સાહેદે ઉલટતપાસમાં ગુજરનાર વિક્રમસિંહ પંકાયેલા ગુનેગાર હોવાનુ અને ખુનના એક ગુનામાં સંડોવાયેલ હોવાનુ સ્વીકારેલ છે. જો કે હાલના બનાવને તે બાબત સાથે કોઈ સંબંધ હોવાનુ બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ફરિયાદીએ કોણે તલવાર મારેલી તેનુ નામ ફરિયાદમાં જણાવેલ નહી હોવાનુ તથા ફરિયાદી કોઈને ઓળખતા નહીં હોવાનુ ફરિયાદમાં જણાવેલ હોવાનુ સાહેદે સ્વીકારેલ છે. ફરિયાદવાળા બનાવની હકીકત જોતા પણ ફરિયાદી મહિલા છે અને ગોંડલના રહેવાસી નથી તેમજ અગાઉકયારેય આરોપીઓના સંપર્કમાં આવેલ નથી, કે જમીન તકરાર અંગેની કોઈ જાણકારી નથી કે મરણજનારેપણ હુમલા વખતે કોઈ આરોપીઓના નામ ફરિયાદીને જણાવેલ નથી જેથી ફરિયાદીએ તેમની ફરિયાદમાં કોઈ આરોપીના નામ જણાવેલ નથી તેમજ કોઈ આરોપીને ઓળખતા નથી તેવુ જણાવેલ છે. તેટલા માત્ર કારણે ફરિયાદપક્ષ વિરુધ્ધ કોઈ શંકા ઉભી થઈ શકે નહી.આરોપીના શરીર ઉપરથી કબજે કરેલ કપડમાંથી કોન્ડોમ મળેલ હોવાનુ સાહેદે સ્વીકારેલ છે. પરંતુ તે બાબતથી ફરિયાદ પક્ષની વિરુધ્ધમાં કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. મરનાર વિક્રમસિંહનેહાલના સાહેદ સાથે નજીકના સંબંધ હતા તેવી હકીકત પણ બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ

નથી. મરનારના કપડા કબજે લીધા તે પહેલા ઈન્કવેસ્ટ પંચનામું થયેલ હોવાનુ સાહેદે સ્વીકારેલ છે, જે કાર્યવાહી યોગ્ય રીતે થયેલ હોવાનુ જણાય છે. રાજવાડી સંબંધે જે દિવાની કાર્યવાહી ચાલતી હતી તે મરનાર અને આરોપીઓ વચ્ચે ન હતી તે વાત નો સાહેદે સ્વીકાર કરેલ છે. જો કે આરોપીઓને તે જમીન સાથે કોઈ લેવા દેવા હતી કે કેમ તેની પોતાને ખબર નહીં હોવાનુ સાહેદે જણાવેલ છે પરંતુ તે બાબતનો ઈન્કાર કરેલ નથી અને આ જમીન વિનુ શીંગાળાએ ખરીદેલી તેવુ સાહેદે જાતે જણાવેલ છે. જે સંદર્ભે આંક–૨૬૮ થી ૨૭૦ હેઠળના દસ્તાવેજો જોતા મરનાર વિક્રમસિંહે, ગુણાદિત્ય સિંહજી સામે દાવો કરેલ હોવાનુ અને તેમના વચ્ચે આ બાબતે તકરાર ચાલતી હોવાનુ ચોકકસપણે રેકર્ડ ઉપર આવે છે. તેમજ વિનુ શીંગાળા કે જેની સામે પાછળથી અલગ ચાર્જશીટ કરવામાં આવેલ છે અને જેનુ અકુદરતી મૃત્યુ નિપજેલ છે તેના નામનો ઉલ્લેખ ઉપરોકત દસ્તાવેજોમાં થયેલ છે. તે જોતા મરનાર વિક્રમસિંહને જમીન અંગેની તકરાર ચાલતી હોવાનુ ચોકકસપણે માનવામાં આવે છે. સાહેદે તપાસ દરમ્યાન ડો. દુધાત્રા નુ નિવેદન લીધેલ હોવાનુ અને કોઈ સરકારી ડોકટરના નિવેદનો લીધેલ નહી હોવાનુ જણાવે લ છે. જો કે ઉપરોકત ડો. દુધાત્રા પ્રાઈવેટ હોમીયોપેથી ડોકટર હોવાનુ અને કોલીથડ ગામના રહેવાસી હોવાનુ અને તપાસ કરનાર અમલદારે તેઓનુ એક સાહેદ તરીકે જ નિવેદન લીધેલ હોવાનુ રેકર્ડ ઉપર આવે છે જેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે સાહેદ દિલીપસિંહે તેમના નિવેદનમાં " આરોપીઓ બનાવ સમયે એવુ બોલતા હતા કે રાજવાડીનો કબજો મારી પાસે છે અને મારુ નામ રામજી મારકણા છે " તેવુ લખાવેલ નથી. જો કે ઉપરોકત

દિલીપસિંહ બનાવ નજરે જોનાર સાહેદ નથી અને બનાવના સાત આઠ વર્ષ પછી જુબાની આપેલ છે જેથી તેઓ પોલીસ નિવેદન મુજબની કોપીરાઈટ જુબાની આપે તેવી અપેક્ષા રાખી શકાય નહી. પી.એમ. નોટ મળ્યા બાદ તે ડોકટરનો જવાબ નહી લીધેલ હોવાનુ સાહેદે સ્વીકારેલ છે. જે ધ્યાને લેતા કોઈ અનિયમીતતા જણાતી નથી કારણ કે પી.એમ. કરનાર કે સારવાર આપનાર ડોકટરનુ પોલીસ નિવેદન લેવુ જરુરી નથી. સાહેદે મરનારની લાશ દુષ્યંતસિંહ જાડેજાએ ઓળખી બતાવેલ હોવાનુ જણાવેલ છે. જે સંદર્ભે આંક–૧૫૦ થી તપાસવામાં આવેલ પંચ સાહેદની જુબાનીમાં તથા આંક–૧૫૧ થી રજુ થયેલ ઈન્કવેસ્ટ પંચનામામાં દુષ્યંતસિંહ જાડેજા રહેવાસી ગોંડલના હોવાનુ જણાવેલ છે, અને મરનાર પણ ગોંડલના હોઈ મરનારની લાશ ઓળખનાર વ્યકિત મરણજનારને ઓળખતા હોવાનુ ચોકકસપણે માની શકાય. આ કામે રજુ થયેલ દાખલાની નકલમાં વિક્રમસિંહની ઉમર ૪૩ વર્ષની હોવાનુ સાહેદે જણાવેલ છે. જો કે ઉમર અંગેની થોડી ઘણી વિસંગતતાથી ફરિયાદપક્ષના કેસને કોઈ વિપરીત અસર થતી નથી. વિનુભાઈ શીંગાળા અને વિક્રમસિંહ વચ્ચે અણબનાવ ચાલતો હોવાથી આ કામે વિનુભાઈ શીંગાળાનુ નામ ઉમેરી દીધાનો સાહેદે ઈન્કાર કરેલ છે. જો કે આ વિનુભાઈ સામે હાલનુ ચાર્જશીટ રજુ થયેલ નથી જેથી તે બાબતે વધુ ચર્ચા કરવી જરુરી જણાતી નથી. સાહેદે છેલ્લે એ વાતનો ઈન્કાર કરેલ છે કે,ગુનો ડીટેકટ થતો ન હોઈ તેઓએ આરોપીઓને ખોટી રીતે સંડોવી દીધેલ છે અને ખોટુ ચાર્જશીટ કરેલ છે. જે હકીકત સાહેદે સાચી જણાવેલ હોવાનુ માની શકાય કારણ કે આરોપીઓ વિરુધ્ધ ખોટી રીતે ચાર્જશીટ કરવાનુ કોઈ કારણ તપાસ કરનાર અમલદાર તરીકે સાહેદને હોઈ

શકે નહી. આમ ઉપરોકત સાહેદે તપાસ કરનાર અમલદાર તરીકે યોગ્ય રીતે તપાસ કરી આરોપીઓ વિરુધ્ધ યોગ્ય રીતે ચાર્જશીટ કરેલ હોવાનુ જણાય છે અને પોલીસ તપાસ અંગે કોઈ શંકા ઉભી થાય કે કોઈ ગંભીર અનિયમીતતા જણાય તેવી બાબત રેકર્ડ ઉપર આવતી નથી.

**(૫૩)** ફરિયાદપક્ષે સાહેદ નં. ૫૦ બચુભાઈ જીવાજીભાઈ નિનામા ને આંક–૨૮૫ થી તપાસવામાં આવેલ છે કે જેઓની સમગ્ર જુબાનીનુ વિશ્લેષણ કરવામાં આવે તો, તેઓએ કોઈ સાહેદના નિવેદનો લીધેલ નથી. પરંતુ મહદઅંશે એલ.સી.બી. પીઆઈ તરીકે, નાસતા ભાગતા આરોપીઓને શોધવાની અને અટક કરવાની કાર્યવાહી કરેલ છે. આરોપીઓની શોધખોળ કરતા આંક–૧૭૮ ના પંચનામા પ્રમાણે આરોપીઓ રાજેશ, હરેશ, મકન, કાનજી ઉર્ફે કાનો તથા ધમેન્દ્ર ઉર્ફે ધમોને અટક કરેલ તથા મારુતી કાર કબજે કરેલી. તથા આંક–૧૪૧ ના પંચનામા પ્રમાણે આરોપીઓ પ્રાગજી રામજી મારકણા, કાનજી ઉર્ફે કાનો તથા જગદીશ ઉફે જગા ને અટક કરેલ. ત્યારબાદ આરોપી રામજી મારકણાના બતાવ્યા મુજબના ખેતરમાંથી બે તલવારો, લોખંડની પાઈપમાં ફીટ કરેલ ધારીયુ તથા એક ધોકો (મગદળ) કબજે કરેલા. જે હથિયારો ઉપર લોહીના ડાઘ જોવા મળેલ. તેમજ સાહેદે આરોપી રામજી મારકણા તથા અન્ય બે આરોપીઓના કપડા કે જેના ઉપર લોહીના ડાઘા જોવા મળેલ હતા તે આંક–૧૪૨ ના પંચનામા પ્રમાણે કબજે કરેલા. અને તેઓએ અટક કરેલ આરોપીઓને તપાસ કરનાર અમલદારને સોંપેલા. તથા આરોપીઓ જે હોટલમાં રોકાયેલા તેના રજીસ્ટર કબજે લીધેલા.

**(૫૪)** ફરિયાદપક્ષે સાહેદ નં.૫૨ વિજયકુમાર કરશનભાઈ ગઢવી ને આંક–૨૯૫ થી તપાસવામાં આવેલ છે. જેઓની સમગ્ર જુબાની જોતા તેઓએ એલ.સી.બી. પીએસઆઈ તરીકેની ફરજ દરમ્યાન ગુનામાં વપરાયેલ જીપ નં. જીજે–૦૩–વાય–૬૬૭૬ કે જે માવઝીંજવા ગામના ભનુભાઈ પટેલ વાપરતા હતા તે આંક–૧૬૬ ના પંચનામા પ્રમાણે કબજે કરેલ. તે સિવાય તેઓએ બીજી કોઈ હકીકત જણાવેલ નથી.

**(૫૫)** ફરિયાદપક્ષે સાહેદ નં. ૫૩ ભુપતસિંહ માનસિંહ સોલંકી ને આંક–૨૯૬ થી તપાસવામાં આવેલ છે. જેઓની સમગ્ર જુબાની જોતા માત્ર એટલીજ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે આ કામના આરોપીઓ ભરત સવજી,અજય ડાયા રાદડીયા, જગદીશ લીંબા ખુંટ, અમીત દિનેશ તથા વિજય કેશુભાઈ કે જેઓ કોર્ટમાં સરન્ડર થયેલા જે અંગે ગોંડલ કોર્ટમાંથી યાદી મળતા તેઓનો કબજો મેળવી અટક કરેલા.

**(૫૬)** ફરિયાદપક્ષના છેલ્લા સાહેદ એવા સાહેદ નં. ૫૬ જયંતીભાઈ નુરજીભાઈ વસાવા ને આંક–૩૦૬ થી તપાસવામાં આવેલ છે. જેઓની સમગ્ર જુબાની જોતા માત્ર એટલીજ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે તેઓ પીએસઓ ના ચાર્જમાં હતા ત્યારે પોલીસ કોન્સ્ટેબલ પ્રકાશભાઈએ મરણજનાર વિક્રમસિંહ રાણા ના કપડા કે જેમા એક ટીશર્ટ સફેદ કલરનુ, બ્લુ કલરનુ પેન્ટ, જાંગીયો કે જે કપડા ઉપર લોહીના ડાઘા હતા તે કપડાઓ આંક–૯૩ નાપંચનામાં પ્રમાણે કબજે લીધેલા.

**(૫૭)** ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ ચુકાદાઓની ચર્ચા કરવામાં આવે તો,

(૧) 2002(2)ALD Cri.-419, Jhunzara & Ors Vs. State of Madhyapradesh ના ચુકાદાવાળા કેસમાં આરોપીઓ વિરુધ્ધ ઈપીકો કલમ–૩૦૨,

૩૦૭,૧૪૮,૧૪૯ ના ગુનાઓનો આરોપ હતો. જે ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે અપીલ ડીસમીસ કરતા એવો સિધ્ધાંત ઠરાવેલ કે, જે આરોપીઓને નિર્દોષ ઠરાવીને છોડી મુકવામાં આવેલ છે તેમની ગુનામાં સંડોવણી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. જયારે હાલના આરોપીઓ નં. ૫ અને ૮ સામેનો કેસ ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે. તે સંજોગોમાં હાલના આરોપીઓ નં. ૫ તથા ૮ પણ આ કેસમાં નિર્દોષ છોડી મુકવામાં આવેલ અન્ય આરોપીઓ સાથે જ હતા તેથી તેમને નિર્દોષ ઠરાવી શકાય નહી. જેથી રજુ કરેલ ચુકાદો હાલના કેસને લાગુ પડે છે.

(૨) Supreme Court of India Appeal (Cri.)30/2000, State of Punjab Vs. Hakamsingh ના ચુકાદાવાળા કેસમાં આરોપીઓ સામે ઈપીકો કલમ–૩૦૨,૩૦૭,૩૪ મુજબના ગુનાઓનો આરોપ હતો. જેમા ટ્રાયલ કોર્ટના આરોપી હુકમસિંહ વિરુધ્ધના સજાના હુકમ સામેની અપીલમાં પંજાબ–હરિયાણા હાઈકોર્ટે સજાનો હુકમ રદ કરતા સજા પામેલ રીસ્પોન્ડન્ટસને નિર્દોષ ઠરાવેલ. જે હુકમ સામેની હાલની અપીલમાં નામદાર સુપ્રિમકોર્ટે ટ્રાયલ કોર્ટનો હુકમ યથાવત રાખેલ અને એવો સિધ્ધાંત ઠરાવેલ કે, નજરેજોનાર સાહેદો એવા સાહેદ નં. ૩ હરબંશ કૌર કે જે બનાવમાં મરણજનાર હરબસસિંઘની પત્ની છે તથા બીજા નજરે જોનાર અને ઈજા પામનાર સાહેદ નં. ૪ સાધુ સિંઘ ની જુબાનીને માનવી જોઈએ. જે ચુકાદામાં નામાદર સુપ્રિમકોર્ટે એવુ પણ ઠરાવેલ છે કે, જયારે બનાવ વખતે આરોપીઓ જીવલેણ હથિયારો લઈને આવેલ હોય, અસંખ્ય ફાયરીંગ કરવા લાગેલઅને થોડીક જ મીનીટમાં બનાવ બનેલ હોય તેવા સંજોગોમાં સાક્ષી બનાવનુ એકદમ ચોકકસ અને ફોટાજેનીક વર્ણન

પોતાની જુબાનીમાં કરે તેવી અપેક્ષા રાખવી વધારે પડતી ગણાય. જેથી બનાવ નજરે જોનાર સાહેદ નં. ૩ હરબંશ સિંઘ કૌર ની જુબાનીને શંકાથી જોવી જોઈએ નહી. હાલના કેસમાં પણ બનાવમાં ઈજા પામનાર ફરિયાદીની જુબાનીથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે છે. જેથી રજુ કરેલ ચુકાદો હાલના કેસને લાગુ પડે છે.

(૩) Supreme Court of India, Simon & Ors Vs. State Of Karnataka ના ચુકાદાવાળા કેસમાં બોમ્બ ધડાકામાં બસમાં બેઠેલ ૨૨ વ્યકિતઓના મોત નિપજેલા. જે બનાવમાં કુલ ૧૨૧ વિરુધ્ધ ટાડા એકટની કલમ–૩, ૪, ૫ તથા ઈપીકો કલમ–૧૪૩,૧૪૮,૩૦૭,૩૦૨,૩૩૨,૩૩૩ વિગેરે મુજબના ગુનાઓ નોંધાયેલા. જેમા ટ્રાયલ કોર્ટે એપેલન્ટ સહીત કુલ ચાર આરોપીને સજા કરેલી, જયારે બાકીના આરોપીઓને નિદોર્ષ ઠરાવીને છોડી મુકેલા. જેકેસમાં આરોપીઓ તરફે એવી પણ રજુઆત કરવામાં આવેલ કે બનાવના આઠ વર્ષ પછી સાક્ષીઓએ કોર્ટમાં જુબાની વખતે પ્રથમ વખત જ આરોપીઓને ઓળબી બતાવેલ છે જે આરોપીઓની ઓળખ પરેડ કરવામાં આવેલ નથી, અને ઓળખ પરેડ કરાવ્યા વિના સાક્ષીઓએ કોર્ટમાં આરોપીઓને ઓળખી બતાવેલ હોઈ તે ફરિયાદપક્ષની તરફેણમાં માની શકાય નહી. પરંતુ આવી રજુઆત ગ્રાહય નહીં રાખતા નામદાર સુપ્રિમકોર્ટે એવુ ઠરાવેલ કે, ઓળખ પરેડ કરાવવી જ જોઈએ તેવુ હાર્ડ અને ફાસ્ટ રૂલ નથી. ઓળખ પરેડ કરાવેલ ન હોવા છતાં કોઈ સાક્ષી પ્રથમ વખત કોર્ટમાં આરોપીને ઓળખી બતાવે અને તે આધારે સજા કરવામાં આવેલ હોય તો તે બાબત દરેક કેસની હકીકતો અને સંજોગો ઉપર આધારીત છે. જો સાહેદ નં. ૧૭ નાઓએ ખોટી રીતે જ આરોપીઓને કોર્ટમાં ઓળખી બતાવવા

માંગતા હોત તો બાકીના આરોપીઓને છોડીને માત્ર ચાર જ આરોપીઓને ઓળખી બતાવેલ ન હોત. માત્ર ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી તેટલા કારણ માત્રથી સાહેદે કોર્ટમાં આરોપીને ઓળખીબતાવેલ છે તેનો અસ્વીકાર કરી શકાય નહી.ઉપરોકત ઠરાવેલ સિધ્ધાંત હાલના કેસમાં પણ લાગુ પડે છે કારણે ફરિયાદીએ આરોપી હરેશભાઈ મકનભાઈને પોતાની જુબાની દરમ્યાન કોર્ટમા તથા ઓળખ પરેડ દરમ્યાન પણ ઓળખી બતાવેલ છે. તથા હાજર આરોપીઓ પૈકી રામજીભાઈ પ્રાગજીભાઈ મારકણાને જુબાની દરમ્યાન કોર્ટમાં ઓળખી બતાવેલ છે. જેથી રજુ કરેલ ચુકાદો હાલના કેસને લાગુ પડે છે.

(૪) Supreme Court of India, Simon & Ors Vs. State Of Jammu & Kashmir Vs. Mohansing & Anr ના ચુકાદાવાળા કેસમાં ટ્રાયલ કોર્ટે બે આરોપીઓને ઈપીકો કલમ–૩૦૨,૩૪ ના ગુનામાં સજા કરેલી. જે જજમેન્ટ સામેની અપીલમાં હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટનો સજાનો હુકમ રદ કરી આરોપીઓને છોડી મુકવાનો હુકમ કરેલો, અને તે હુકમ સામેની હાલની અપીલમાં નામદાર સુપ્રિમકોર્ટે ટ્રાયલ કોર્ટનો સજાનો હુકમ રીસ્ટોર કરતા એવો સિધ્ધાંત ઠરાવેલ કે, બનાવ નજરે જોનાર કે જે ઈજા પામનારસાહેદ પણ છે તે ઈન્ટરેસ્ટેડ વિટનેશ હોવા માત્રથી તેનો પુરાવો ખોટો માની શકાય નહી. હાલના કેસમાં પણ ફરિયાદી કે જેઓ બનાવ નજરે જોનાર અને બનાવમાં ઈજા પામનાર સાહેદ છે, તેઓ મરણજનારના સગા થાય છે તેટલા કારણ માત્રથી તેમનો પુરાવો ખોટો હોવાનુ માની શકાય નહી. આમ ઉપરોકત ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે ઠરાવેલ સિધ્ધાંતથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે છે.

(૫) Supreme Court of India, State Of Uttarpradesh Vs. Sheo Sanrji & Ors ના ચુકાદાવાળા કેસમાં આરોપીઓ પૈકી બે આરોપીઓની 'એલીબી' નો બચાવ માનેલ નહી. ટ્રાયલ કોર્ટે તમામ આરોપીઓને ઈ પીકો કલમ–૩૦૨, ૧૪૯ ના ગુનામાં કરેલ સજાના જજમેન્ટ સામેની અપીલમાં હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટના સજાની સામેની અપીલમાં ટ્રાયલ કોર્ટનો સજાનો હુકમ રદ કરી આરોપીઓને છોડી મુકેલા. જે અપીલની હુકમ સામેની હાલની અપીલમાં નામદાર સુપ્રિમ કોર્ટે ટ્રાયલ કોર્ટના સજાનો હુકમ યથાવત રાખી તથા નામદાર હાઈકોર્ટનો હુકમ રદ કરી એવો સિધ્ધાંત ઠરાવેલ કે, બનાવ નજરે જોનાર સાહેદોની જુબાની તેઓ માત્ર ફરિયાદપક્ષના સગા થાય છે અને આરોપીઓ સાથે દુશ્મનાવટ હતી તેટલાજ કારણસર તેમની જુબાની ખોટી હોવાનુ માની શકાય નહી. જો કે હાલના કેસમાં આરોપીઓનો 'એલીબી' નો કોઈ બચાવ નથી કે તેવો કોઈ પુરાવો પણ આપેલ નથી. જેથી ઠરાવેલ સિધ્ધાંતથી ફરિયાદપક્ષના કેસને સમર્થ મળે છે.

**(૫૮)** બચાવપક્ષ તરફે રજુ થયેલ ચુકાદાઓની ચર્ચા કરવામાં આવે તો,

(૧) 2008 ALL MR(Cri) 293(s.c.),Ramesh Baburao Devaskar & Ors Vs. State Of Mahararastra ના ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે એવો સિધ્ધાંત ઠરાવેલ છે કે, "Proof of motive by itself may not be a ground to hold the accused guilty. Enmity, as is well-known, is a double edged weapon. Whereas existence of a motive on the part of an accused may be held to be the reason for committing crime, the same may also lead

to false implication. Suspicion against the accused on the basis of their motive to commit the crime cannot by itself lead to a judgment of conviction." જેને હું માન આપુ છું. પરંતુ હાલના કેસમાં જમીનની તકરાર કારણભુત હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે. તથા સૌથી મહત્વના સાહેદ એવો ફરિયાદીની જુબાની જોતાતે કારણસર જ આરોપીઓએ હુમલો કરેલ હોવાનુ પુરાવાર થયેલ છે. તેથી માત્ર શંકાના આધારે જ કે દુશ્મનીને કારણે જ આરોપીઓને ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે તેવુ બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જેથી ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતથી બચાવપક્ષના કેસને સમર્થન મળતુ નથી.

(૨) 2000 SAR (Criminal)-521, Suresh Rai &Ors Vs. State Of Bihar ના ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે એવો સિધ્ધાંત ઠરાવેલ છે કે, બનાવ સ્થળે બનાવ નજરે જોનાર ત્રણ સાક્ષીઓ હાજર હતા અને તેઓએ બનાવ જોયેલો તે શંકાસ્પદ બાબત છે. જેમાના સાહેદ નં. ૧ બનાવના સમય સહિતની ધણી બાબતોને સમર્થન આપતા નથી જેથી ત્રણ સાક્ષીઓમાંના એક પણ સાક્ષી બનાવ સ્થળે હાજર ન હતા તેવુ માની શકાય. ફરિયાદપક્ષ બનાવ નજરે જોનાર ત્રણ સાક્ષીઓની હાજરી પુરવાર કરી શકેલ નથી,પક્ષકારો વચ્ચે જુનાફોજદારી કેસોને કારણે આરોપીઓને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ હોય તેવુ જણાય છે. બનાવ નજરે જોનાર તરીકે દર્શાવેલ સાક્ષીઓ મરણજનારના નજીકના સગા હતા અને ખરેખર બનાવ નજરે જોનાર કોઈ સાક્ષીઓ હતા નહી અને સમગ્ર પોલીસ તપાસ

ખોટી રીતે કરવામાં આવેલ હતી. જો કે હાલના કેસમાં બનાવ નજરે જોનાર એક માત્ર સાહેદ છે  કે જેઓ બનાવમાં ઈજા પણ પામેલ છે, અને તેઓ બનાવ સમયે બનાવના સ્થળે હાજર હતા તે હકીકત પુરવાર થયેલ છે. તેમજ આ બનાવ નજરે જોનાર સાહેદ બનાવમાં મરણજનારના નજીકના સગા નથી, પક્ષકારો વચ્ચે અગાઉ કોઈ ફોજદારી કેસો થયેલ નથી. જેથી ઉપરોકત ચુકાદાથી બચાવપક્ષના કેસને સમર્થન મળતુ નથી.

(૩) AIR 1960,SC-210, State Of Rajasthan Vs. Rehaman ના ચુકાદાવાળા કેસમાં સેન્ટ્રલ એકસાઈઝ રૂલ્સ–૨૧૦ મુજબની ખર્ચની કાર્યવાહી સંદર્ભે નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા સિધ્ધાંત ઠરાવવામાં આવેલ જેને હું માન આપુ છું. પરંતુ હાલનો કેસ તે કાયદા સંદર્ભે ના હોઈ તે સિધ્ધાંત હાલના કેસને લાગુ પડશે નહી.

(૪) 1960 SCC(Cri)-126, State Of Maharashtra Vs. Captain Buddhikota Subha Rao ના ચુકાદાવાળા  કેસમાં નામદાર સુપ્રિમકોર્ટે જામીન સંદર્ભે ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૮ અને ૪૩૯ ની જોગવાઈ સંદર્ભે સિધ્ધાંત ઠરાવેલ છે. પરંતુ હાલના કેસમાં તે લાગુ પડે નહી.

(૫) 37 Cr.L.J. 897, Nazir Ahmed Vs. Emperor  ના ચુકાદાવાળા કેસમાં પ્રીવી કાઉન્સીલે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબ મેજીસ્ટ્રેટે કબુલાત લેવાની જોગવાઈ સંદર્ભે સિધ્ધાંત ઠરાવેલ છે. જેથી હાલના કેસમાં તે લાગુ પડશે નહી.

(૬) 1997 Cr.L.J. 513 (Bombay Highcourt) Lamin Bojang Vs.  State Of Maharashtra ના ચુકાદાવાળા  કેસમાં નારકોટીક ડ્રગ્સ અને સાયકોટ્રોપીક સબસ્ટન્ટસ એકટની કલમ–૪૨(૨) ની જોગવાઈ સંદભે હોઈ. જેથી

હાલના કેસમાં તે લાગુ પડશે નહી.

(૭) 2001 Cr.L.J.(SC)-54, Rot V.D. Vs. State Of Kerala ના ચુકાદાવાળા કેસમાં નારકોટીક ડ્રગ્સ અને સાયકોટ્રોપીક સબસ્ટન્ટસ એકટની કલમ–૪૧ તથા ૪૨ સંદર્ભે ક્રિ.પ્રો.કોડની કલમ–૪૮૨ મુજબ નામદાર સુપ્રિમકોર્ટે નિર્ણય આપેલો. પરંતુ હાલનો કેસ આ પ્રકારનો નાહોઈ તથા ક્રિ.પ્રો.કોડની કલમ–૪૮૨ ના પાવર્સ અત્રેની કોર્ટને ના હોઈ, સદર ચુકાદો પણ લાગુ પડશે નહી.

(૮) 2006(1) SCC(Cri)-678, Ramesh Kumsto Vs. State (NCT of Delhi) ના ચુકાદાવાળા કેસમાં નામદાર સુપ્રિમકોર્ટે એવો સિધ્ધાંત ઠરાવેલ છેકે, કોગ્નીઝેબલ ગુનો બન્યાની હકીકત જાહેરકરવામાં આવે તો પોલીસ ઓફિસર ક્રિ.પ્રો.કોડની કલમ–૧૫૪ મુજબ એફ.આઈ.આર. નોંધવામાટે ફરજથી બંધાયેલ છે. આવી માહિતીની સત્યતા કે વિશ્વસનીયતાની બાબત તે વખતે વિચારવાની નથી. જે સિધ્ધાંતને હું માન આપુ છું. જે સિધ્ધાંત મુજબ હાલના કેસમાં એફ.આઈ.આર નોંધવામાં પણ આવેલ છે.

(૯) 2003 ALL MT(Cri)-1173(SC),Superintendent Of Police C.B.I. & Ors Vs. Tapam Kr singh ના ચુકાદાવાળા કેસમાં નામદાર સુપ્રિમકોર્ટે એવુ ઠરાવેલ છે કે ગુનાની બધી વિગતો અને હકીકતો એફઆઈઆર માં હોવી જરુરી નથી. બનાવની પ્રથમ માહિતી આપનાર વ્યકિત બનાવ નજરે જોનાર સાહેદ હોય તે પણ જરુરી નથી. ફરિયાદપક્ષના કેસને જ ઉપરોકત સિધ્ધાંતથી સમર્થન મળે છે.

(૧૦) AIR-1978(SC)-59, Bir singh & Others Vs. State Of Andhrapredes ના ચુકાદાવાળા કેસમા નામદાર સુપ્રિમકોર્ટે એવો સિધ્ધાંત ઠરાવેલ છે કે ફરિયાદપક્ષે પ્રત્યેક સાક્ષીને તપાસવા આવશયક નથી. જયારે ફરિયાદપક્ષે નજરે જોનાર સાહેદોને તપાસવામાં આવેલ અને તે સાક્ષીઓને આરોપીઓ સાથે દુશ્મનાવટ હતી તે ઉપરાંત કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નહી કે તે અંગે ફરિયાદપક્ષે કોઈ વ્યાજબી ખુલાસો કરવામાં આવેલ નહી. તે સંજોગોમાં ફરિયાદપક્ષ વિરુધ્ધમાં કોર્ટ અભિપ્રાય બાંધેલો તે યોગ્ય ગણી શકાય. જો કે હાલના કેસમાં બનાવ નજરે જોનાર એક માત્ર સાહેદ છે જે ફરિયાદી છે તેમજ ફરિયાદીને આરોપીઓ પૈકી કોઈની સાથે દુશ્મની નથી કે આરો પીને ખોટી રીતે ફસાવી દેવામા રસ નથી.તેમજ હાલના કેસમાં સ્વતંત્ર સાહેદોને પણ તપાસવામાં આવેલ છે. તે સંજોગોમાં ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતથી બચાવપક્ષના કેસને સમર્થન મળતુ નથી.

(૧૧) 1996 Cr.L.J.(Guj)-78,Visha Rajendra Trivedi(11) Vs. State Of Gujarat ના ચુકાદાવાળા કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે એવો સિધ્ધાંત ઠરાવેલ છે કે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૦૫ મુજબ કેસ પુરવાર કરવાની જેટલી જવાબદારી ફરિયાદપક્ષની છે તેટલી આરોપી પક્ષની નથી. તેમજ ફોજદારી કાર્યરીતી સંહિતા મુજબ ૯૯ આરોપીઓ ભલે છુટી જાય પણ એક નિર્દોષને સજા થવી જોઈએ નહી. હાલના કેસમાં પણ નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ સિધ્ધાંતને ધ્યાનમાં રાખેલ છે.

(૧૨) 1993 Cr.L.J. 2598(SC), Govind Narain & Others Vs.

State Of Rajashthan ના ચુકાદાવાળા કેસમાં, મરણજનારના ત્રણ મૌખિક ડાઈંગ ડેકલેરેશન હતા તથા બનાવ નજરે જોનાર સાહેદે એફઆઈઆર ની મહત્વની હકીકત એવી મરણજનાર ઉપર કેવી રીતે હુમલો કરવામાં આવેલો તે જણાવેલ નહી. જેથી નામદાર સુપ્રિમકોર્ટે એપેલન્ટસ/આરોપીઓને છોડી મુકેલ. જો કે હાલના કેસમાં આવી કોઈ હકીકત નથી જેથી બચાવપક્ષના કેસને ઉપરોકત ચુકાદાથી સમર્થન મળતુ નથી.

(૧૩) 1993(2) GLR-1412, State Of Gujarat Vs. Hashmukhbhai V. Patel ના ચુકાદાવાળા કેસમાં, ગુજરાત હાઈકોર્ટ જામીન રદ કરેલા. પરંતુ હાલના કેસમાં આવી કોઈ હકીકત ના હોઈ લાગુ પડશે નહી.

(૧૪) 1977 Cr.L.J.107(RAJ), Jujhar singh Vs. State Of Rajashthan ના ચુકાદાવાળા કેસમાં, લાશ સડી ગયેલી હાલતમાં મળી આવેલી તથા લાશ ઉપરની અને આજુબાજુની વસ્તુઓ મરણજનારની વિધવાએ અને પુત્રીએ ઓળખી બતાવેલા પરંતુ લાશની ઓળખના ચિન્હો જણાવેલ નહી. તેટલા કારણ માત્રથી તેમનો પુરાવો અમાન્ય ગણી શકાય નહી તેવુ રાજસ્થાન હાઈકોર્ટે ઠરાવેલુ. જો કે હાલના કેસમાં આવી કોઈ હકીકત ના હોઈ ઉપરોકત ચુકાદો લાગુ પડશે નહી.

(૧૫) 2001 SAR(Criminal)-602(SC), Damodaran P. Vs. State Of Kerala ના ચુકાદાવાળા કેસમાં નામદાર સુપ્રિમકોર્ટે એવો સિધ્ધાંત ઠરાવેલ છે કે બનાવ અંગેની પ્રથમ માહિતીને એફઆઈઆર કહેવાય. ત્યારબાદની તમામ માહિતીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૨ મુજબના નિવેદનો કહેવાય. જો

કે હાલના કેસમાં આવી કોઈ હકીકત નથી જેથી ઉપરોકત સિધ્ધાંત હાલના કેસમાં લાગુ પડી શકે નહી.

(૧૬) 2004 ALL MR(Cri)-1476 (SC), Hemraj & Others Vs. State Of Punjab ના ચુકાદાવાળા કેસમાં, ફરિયાદ નોંધાવનાર સાહેદે એવુ જણાવેલ નહીં કે તે બનાવમાં તેને પણ ઈજા થયેલી. બનાવમાં મરણજનારના પિતા તથા ભાઈ કે જેઓ બનાવમાં ઈજા પામેલા તેઓને ફરિયાદપક્ષે તપાસેલા નહી. જેથી નામાદર હાઈકોર્ટનો સજાનો હુકમ રદ કરી સુપ્રિમકોર્ટે ટ્રાયલ કોર્ટથી એકવીટલનો હુકમ યથાવત રાખેલો. જો કે હાલના કેસમાં આવી કોઈ હકીકત ના હોઈ હાલના કેસમાં આ ચુકાદો લાગુ પડશે નહી.

(૧૭) 1996(3) CRIMES-282 (SC), Devinder Vs. State Of Hariyana ના ચુકાદાવાળા કેસમાં, બનાવ નજરે જોનાર સાહેદોએ હુમલા પછી તરત જ મરણજનારને હોસ્પીટલે લઈ ગયેલ જયાં મરણજનાર સંર્પુણ રીતે સભાન હતો. જેમાં એવુ ઠરાવેલ કે આવા કિસ્સામાં એપેલન્ટ/આરોપી શંકાનો લાભ લેવા કાયદેસર હકકદાર છે. જો કે હાલના કેસમાં આવી કોઈ હકીકત ના હોઈ હાલના કેસને લાગુ પડશે નહી.

(૧૮) 1996(1) G.L.H. 1059- Mohanalal Amarji Marvadi Vs State of Gujarat ના ચુકાદામા નામદાર ગુજરાત હાઈકોર્ટે એવું ઠરાવેલ કે, કોર્ટોએ પુરાવાનું યોગ્ય રીતે મુલ્યાંકન કરવું જોઈએ. સાક્ષી માત્ર શીડયુલ્ડ કાસ્ટ કે શીડયુલ્ડ ટ્રાઈબનો હોવાથી કે ગામડાનો અભણ હોવા માત્રથી તે જણાવેલી હકીકત

સંપુર્ણ સત્ય છે. તેવુ માની લેવું જોઈએ નહી. ઉપરોકત સીધ્ધાંતોને હું માન આપુ છું પરંતુ હાલના કેસમા આવો કોઈ સાક્ષી રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી હાલના કેસમા ચુકાદો લાગુ પડી શકે તેમ નથી.

(૧૯) 2000 SAR(Cri.) 521 (S.C.) Suresh Rai & ors. Vs State of Bihar ના ચુકાદામા નામદાર સુપ્રીમ કોર્ટે એવું ઠરાવેલ છે કે, પક્ષકારો વચ્ચેની દુશ્મનાવટએ બે ધારી તલવાર છે. કારણ કે, અગાઉની દુશ્મનાવટને કારણે કોઈ ગુનો બન્યો હોય તેવું પણ શકય છે અને કયારેક દુશ્મનાવટને કારણે ખોટીરીતે સંડોવણી કરવામા આવી હોય તેવું પણ બની શકે. તપાસ કરનાર અધીકારીએ ઈન્કવેસ્ટને આધારે હુમલો કરનાર કોણ હતું તેની તપાસ કરવાની નથી. કારણ કે, ઈન્કવેસ્ટ રીપોર્ટએ આખરી પુરાવો નથી. બનાવ સ્થળે બનાવ નજરે જોનાર ત્રણ સાહેદો હાજર હતા તે શંકાસ્પદ બાબત છે. સાહેદ નં. ૨ બનાવની સમય સહીતની ઘણી બાબતોને સમર્થન આપતો નહોતો. જેથી બનાવ સ્થળ ે ત્રણ નજરે જોનાર સાક્ષીઓ હતા તે હકીકત તે ફરીયાદપક્ષ પુરવાર કરી શકતો નથી. જો કે હાલના કેસમા નજરે જોનાર સાહેદ માત્ર એક જ છે અને તેઓએ બનાવ અંગે તથા આરોપીઓ વીરુધ્ધ મહત્વની હકીકતો જણાવેલ છે. જેથી ઉપરોકત ચુકાદો હાલના કેસને લાગું પડતો નથી.

(૨૦) 2008 ALL MR (Cri) 110 Murlidhar Sitaram Dongardive Vs State of Maharashtra ના કેસમા નામદાર મહારાષ્ટ્ર હાઈકોર્ટે એવો સીધ્ધાંત ઠરાવેલ છે કે, જયારે ફરીયાદપક્ષના નબળા પુરાવાને કારણે જયારે ફરીયાદપક્ષ

ના કેસનું સ્વરૂપ ધરમુળથી બદલાઈ જતું હોય ત્યારે એકમાત્ર સાહેદના પુરાવાના આધારે સજા કરી શકાય નહી. જોકે હાલના કેસમા એકમાત્ર અગત્યાના સાહેદ એવા ફરીયાદીનો પુરાવો મજબુત છે. જેથી ચુકાદો લાગું પડે નહી.

(૨૧) 2008 ALL MR(Cri.)-293(SC), Ramesh Baburao Devaskar & ors. Vs State of Maharashtra ના ચુકાદામા ના.સુપ્રીમ કોર્ટે એવો સીધ્ધાંત ઠરાવેલ કે, પક્ષકારો વચ્ચેની અગાઉની દુશ્મનાવટએ બે ધારી તલવાર છે. તેમા હેતુ સીધ્ધ કરવા માટે ગુનો કરવાનુ કારણ બનતું હોય છે તથા આરોપીઓને ખોટીરીતે સંડોવી દેવાનું કારણ બનતું હોય છે. માત્ર દુશ્મનીને કારણે જ આરોપીઓએ ગુનો કર્યો છે તેવી શંકા રાખી સજા કરી શકાય નહી . પરંતુ હાલના કેસમા ફરીયાદી અને આરોપીઓ વચ્ચે કોઈ દુશ્મનાવટ નથી. તેમજ ફરીયાદી અને બીજા સાહેદોની જુબાની જોતાં આરોપીઓને ખોટીરીતે સંડોવી દીધેલાનુ જણાતું નથી. જેથી ઉપરોકત ચુકાદો લાગુ પડી શકશે નહી.

(૨૨) 1997 ALL MR (Cri.) 377 Shripati Kashinath Ambede & Ors. Vs The State of Maharashtra ના ચુકાદામા બોમ્બે હાઈકોર્ટે એવો સીધ્ધાંત સ્થાપિત કરેલ કે, બચાવપક્ષનો કેસ ખોટો કે દોષયુકત છે તેવું બતાવવાથી ફરીયાદપક્ષનો કેસ સાચો છે તેવું માની શકાય નહી. પરંતુ ફરીયાદપક્ષનો કેસ તેવા મેરીટસના આધારે નકકી શકી શકાય. જો કે હાલના કેસમા આવી કોઈ હકીકત ના હોઈ ચુકાદો લાગુ પડશે નહી.

(૨૩) AIR 1981 Supreme Court 613 Premchand Vs Union

of India ના ચુકાદામા નામદાર સુપ્રીમ કોર્ટે એવુ ઠરાવેલ કે, પોલીસે તેની સત્તાનો યોગ્યરીતે ઉપયોગ કરવો જોઈએ. ખોટા સાક્ષીઓ માનવાલાયક ન કહેવાય. જો કે હાલના કેસમા આવી કોઈ બાબત બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જેથી ચુકાદો હાલના કેસમા લાગુ પડી શકે નહી.

(૨૪) 1975 CRi. L.R. (S.C) 521 Muluwa Son of Binda and ors. Vs The State of Madhya Pradesh ના કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટે એવો સીધ્ધાંત ઠરાવેલ કે, નબળા સાહેદનો પુરાવો અન્ય બિન ભરોસાપાત્ર સાહેદના કોલોબરેશન મળવાથી માનવાલાયક બનતું નથી. જયારે ટ્રાયલ કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકેલ હોય ત્યારે બીજો દ્રષ્ટીકોણ શકય છે. તેટલા કારણ માત્રથી હાઈકોર્ટે તેમા હસ્તક્ષેપ કરવો જોઈએ નહી. જો કે હાલના કેસમા આવી કોઈ હકીકત બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જેથી ઉપરોકત ચુકાદો હાલના કેસમા લાગુ પડશે નહી.

(૨૫) AIR 1981 (s.c) 1392 WakilSingh & others Vs The State of Bihar ના કેસમા લુંટના બનાવમા કોઈ સાક્ષીએ લુંટારાઓનું વર્ણન તેમના પોલીસ સ્ટેટમેન્ટમા કે જુબાનીમા જણાવેલ નહી. માત્ર એક સાક્ષીએ ઓળખ પરેડના થોડા દીવસો પછી લુંટારુઓને ઓળખી બતાવેલ. જેથી તેના આધારે સજા કરી શકાય નહી. તેવુ ના.સુપ્રીમ કોર્ટે ઠરાવેલું. જો કે હાલનો કેસ લુંટનો નથી. તેમજ બનાવ નજરેજોનાર એકમાત્ર સાહેદ છે . જેથી ઉપરોકત ચુકાદો હાલના કેસને લાગુ પડશે નહી.

(૨૬) AIR 1983(s.c)-367, Mohammad Abdul Hafeez Vs The state of Andhra Pradesh ના કેસમાં ઓળખ પરેડ કરવામાં આવેલ નહી.

બનાવના ચાર મહીના પછી કોર્ટમા સાક્ષીએ આરોપીને ઓળખી બતાવેલો તેના આધારે કરવામા આવેલ સજાનો હુકમ ટકી શકે નહી તેવું ના.સુપ્રીમ કોર્ટે ઠરાવેલું. પરંતુ હાલના કેસમા ઓળખ પરેડ કરવામા આવેલ છે. જેથી ઉપરોકત ચુકાદો લાગુ પડી શકે નહી.

(૨૭) 1995 Cri. L.J. -4048, Ramcharan Bhudiram Gupta Vs The State of Maharashtra ના ચુકાદામા બોમ્બે હાઈકોર્ટે એવું ઠરાવેલ કે, ઓળખ પરેડ પોલીસ કસ્ટડીમાં નહી પરંતુ જેલમા કરવી જોઈએ. જો કે હાલના કેસમા ઓળખ પરેડ ખોટી રીતે કરવામાં આવેલ નથી અને પ્રોસીજર પ્રમાણે જ કરવામાં આવેલ છે. જેથી ઉપરોકત ચુકાદો લાગુ પડશે નહી.

(૨૮) 2011 ALL MR (Cri) 2378 (s.c) Sukhbir Singh & Another Vs The State of Punjab ના કેસમાં બનાવના લાંબા સમય બાદ પ્રથમવાર કોર્ટમા આરોપીઓની ઓળખ કરવામા આવેલી. જે કેસમા આરોપીઓને શોધી લાવનાર પોલીસ સબ ઈન્સ્પેકટરને તપાસવામા આવેલ નહી. જો કે હાલના કેસમા ઓળખ પરેડ કરવામા આવેલ છે તથા તપાસ પોલીસ સાહેદોને તપાસવામા આવેલ છે . જેથી ઉપરોકત ચુકાદો લાગુ પડશે નહી.

(૨૯) 2003 ALL MR (cri) 1828- Akbar S/o Nazir Ahmed & Or. Vs The State of Maharashtra ના ચુકાદામા બોમ્બે હાઈકોર્ટે એવું ઠરાવેલ કે, રસ ધરાવનાર સાક્ષીનો પુરાવો ખોટો જ હોવાનું તથા રસ નહીં ધરાવનાર સાક્ષીનો પુરાવો સાચો જ હોવાનું માની શકાય નહી. પરંતુ કોર્ટે તે બાબત પુરાવાના

આધારે નકકી કરવી જોઈએ. બનાવના દસ વર્ષ કરતા પણ વધારે સમય બાદ સાક્ષીને તપાસવામા આવેલ હોવાથી સાક્ષીની જુબાનીમા કેટલીક વીસંગતતાઓ આવી શકે . હાલના કેસમા પણ ફરીયાદીની જુબાની જોતા તે માનવાલાયક જણાય છે તથા બનાવ પછીના લાંબાગાળા બાદ ફરીયાદીને તપાસવામા આવેલ છે . જેથી ઉપરોકત ચુકાદાથી ઉલટાનું ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે છે અને બચાવપક્ષના કેસને સમર્થન મળતું નથી.

(૩૦) 2009(1) G.L.R. 245- Sarvansing Omkarsing Rathod Vs The state of Gujarat ના ચુકાદામા નામદાર ગુજરાત હાઈકોર્ટે એવુ ઠરાવેલ કે, જયારે સાક્ષીને આરોપીનો ચહેરો અથવા ખાસ બાબત જોવાની તક મળી હોય ત્યારે ઓળખ પરેડ ના થઈ હોય તો પણ આરોપીને ઓળખતો હોવાનું સાક્ષીનો પુરાવો માનવાલાયક ગણાય. હાલના કેસમા પણ ફરીયાદી કે જે નજરે જોનાર સાહેદ છે.તેઓએ બે આરોપીઓને કોર્ટમા ઓળખી બતાવેલ છે. જે પૈકીના એક આરોપીને ઓળખ પરેડમા પણ ઓળખી બતાવેલ છે. જે ધ્યાને લેતા ફરીયાદીએ જે બે આરોપીઓને ઓળખી બતાવેલ છે તેટલા પુરતો પુરાવો સાચો માની શકાય.

(૩૧) AIR 1970 (s.c) 1934- Jaffer Hussain Dastagir Vs The State of Maharashtra ના ચુકાદાવાળા કેસમા આરોપીઓએ ચોરેલી વસ્તુઓ કોને આપેલી તેમના નામ અને સરનામા આપેલા . જેથી તે વ્યકિતઓના સ્ટેટમેન્ટ લેવામા આવ્યા તે અગાઉથી પોલીસ આવી વ્યકિતઓને જાણતી હતી . જેથી આવા વ્યકિતઓના સ્ટેટમેન્ટ સીઆરપીસી કલમ ૨૭ મુજબ યોગ્ય નથી. જો કે હાલના

કેસમા આવા પ્રકારનો ગુનો નથી કે આવી કોઈ હકીકત નથી. જેથી ઉપરોકત ચુકાદો હાલના કેસને લાગુ પડશે નહી.

(૩૨) 1961(1) Cri. L.J.-218 ના ચુકાદમા આંધ્રપ્રદેશ હાઈકોર્ટે એવું ઠરાવેલ કે , Evidence has to be weighed and not counted. where the evidence of witness is not convincing , it would be a fruitless task to search for the motives which might have actuated them to come forever and give such evidence. જો કે હાલના કેસમા ફરીયાદપક્ષના મહત્વના સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ છે . તેથી ઉપરોકત ચુકાદો હાલના કેસમા લાગુ પડશે નહી.

(૩૩) AIR 1981- (S.c) 765- Shankarlal Gyarasilal Dixit Vs The State of Maharashtra ના ચુકાદામા ટ્રાયલ કોર્ટ અને હાઈકોર્ટના સજાના હુકમને રદ કરી અરજદાર/આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકેલ. જો કે ઉપરોકત ચુકાદાવાળા કેસમા બનાવ નજરેજોનાર કોઈ સાહેદ નહોતા. જયારે હાલના કેસમા બનાવ નજરે જોનાર સાહેદ છે . જેથી ના.સુપ્રીમ કોર્ટનો ચુકાદો હાલના કેસને લાગુ પડશે નહી.

(૩૪) 1997 CRi L.J. 3773- Sreenivasan and others Vs The State represented by the Inspector of police ના કેસમા સજાનો હુકમ અયોગ્ય હોવાનું ઠરાવતા મુદાઓમા હાઈકોર્ટે એવુ અવલોકન કરેલ

કે મરણજનારનુ ંમૃત્યુ એકથી વધારે ઈજાઓને કારણે થયેલું . પરંતુ બનાવ નજરે જોનાર સાહેદોની જુબાનીમા વીસંગતતા હતી . તેમજ ઈજા કઈરીતે પહોચાડવામા આવેલી તે બાબતે પણ નજરેજોનાર સાહેદોની જુબાની અને મેડીકલ એવીડન્સ વચ્ચે પણ વીસંગતતા જોવા મળેલ. એફ.આઈ.આર કોર્ટમા મોડી પહોંચવા અંગેનો કોઈ ખુલાસો કરવામા આવેલ નહી. ફરીયાદપક્ષે પોતાનો કેસ યોગ્યરીતે રજુ કરી શકેલ. જોકે હાલના કેસમા આવી કોઈ હકીકત ના હોઈ તે ચુકાદો લાગુ પડી શકે તેમ નથી.

(૩૫) 1996(1) G.L.R. 292- The State of Gujarat Vs Hasmukh @ Bhikha Gova Harijan ના ચુકાદામા નામદાર ગુજરાત હાઈકોર્ટે એવો સીધ્ધાંત ઠરાવેલ કે, જયાસુધી શકય હોય તો મેડીકલ ઓફીસરે ઈજા પામનારને હમલાખોરનું નામ પુછવુ જોઈએ . તેમજ ઈજા પામનાર જે શબ્દોમા સ્વેચ્છીકરીતે જે કાંઈ જણાવે તે નોંધી લેવાની મેડીકલ ઓફીસરની ફરજ છે. પરંતુ હાલના કેસમા આ કામના ફરીયાદી, આરોપીઓ પૈકી કોઈને નામથી ઓળખતા નહી હોવાથી હમલો કરનારનું નામ ના જણાવી શકે તો તે યોગ્ય જ ગણી શકાય અને તેમા મેડીકલ ઓફીસરની કોઈ ખામી ગણાય નહી.

(૩૬) 2005 Cri. L.J. 69- Kirtan Prasad Vs The State of Madhya pradesh ના ચુકાદામા મધ્યપ્રદેશ હાઈકોર્ટે એવું ઠરાવેલ કે, મૌખીક પુરાવો પ્રત્યક્ષ હોવો જોઈએ. જયારે સાક્ષીની જુબાની સમગ્રપણે હીયર સે હોય ત્યારે આવા પુરાવાને માની શકાય નહી.પરંતુ હાલના કેસમા બધા સાક્ષીઓ હીયર સે નથી. જેથી ઉપરોકત ચુકાદો લાગુ પડશે નહી.

(૩૭) 1965-(1)Cri.L.J. 554, Kashmira Singh Vs State ના ચુકાદાવાળા કેસમા બનાવ નજરે જોનાર કોઈ સાહેદ નહોતો. બનાવ બની ગયા બાદ બનાવ સ્થળે પહોચેલ સાક્ષીની જુબાની ઉપર ફરીયાદપક્ષનો સમગ્ર કેસ આધારીત હતો. જેથી જમ્મુ એન્ડ કશ્મીર હાઈકોર્ટે એવું ઠરાવેલ કે, હીયર સ ે એ એવીડન્સ ઉપર આધારીત ફરીયાદપક્ષના કેસને માની શકાય નહી. જો કે હાલના કેસમા આવી કોઈ હકીકત ના હોઈ ચુકાદો લાગુ પડી શકશે નહી.

(૩૮) IX G.L.R. -1063- Bhupendra Chandulal Patel Vs The State of Gujarat ના કેસમા ના.ગુજરાત હાઈકોર્ટે એવું ઠરાવેલ છે કે, સીઆરપીસી કલમ ૧૬૨(૧) ના પોલીસ નીવેદનમા સાક્ષીની સહી લેવામા આવે તો તે અયોગ્ય ગણાય. જો કે હાલના કેસમા આવી કોઈ હકીકત નથી. જેથી ઉપરોકત ચુકાદો લાગુ પડશે નહી.

(૩૯) 1959 Cri. L.J.-689 ના ચુકાદામા આંધ્રપ્રદેશ હાઈકોર્ટે એવુ અવલોકન કરેલ કે , પંચનામામા આરોપીની સહી કે અંગુઠો લેવામા આવે તો તે બહુ વાંધાજનક બાબત છે . જો કે હાલના કેસમા આવી કોઈ હકીકત ના હોઈ ચુકાદો લાગુ પડશે નહી.

(૪૦) 2012(3) G.L.R.-2400- Bachubhai Kabai Baria Vs The State of Gujarat ના કેસમા ના.ગુજરાત હાઈકોર્ટે એવુ ઠરાવેલ કે, હથિયારની ડીસ્કવરી માત્ર કોરોબરેટીવ પીસ ઓફ એવીડન્સ ગણાય. હાલના કેસમાં પણ ફરીયાદપક્ષના મહત્વના સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ છે. જેથી હથીયારોની રીકવરીને કોરોબોરેટીવ પીસ ઓફ એવીડન્સ તરીકે મહત્વ

આપી શકાય.

(૪૧) 1982 Cri.L.J.-1656, Oudh ram and others Vs The state ના કેસમા દીલ્હી હાઈકોર્ટે એવું ઠરાવેલ કે, બનાવ નજરે જોનાર સાહેદ દવારા આરોપીની ઓળખ પોલીસ સ્ટેશનમાં ઠરાવવામાં આવી હોય તો તે સીઆરપીસી કલમ ૧૬૨ ની વીરુધ્ધમા ગણાય. જો કે હાલના કેસમા આવી કોઈ હકીકત ના હોઈ ચુકાદો લાગુ પડશે નહી.

(૪૨) 1963(2) Cri.L.J.- 182, Prabhoo Vs The state of Uttar pradesh ના ચુકાદામા ના.સુપ્રીમ કોર્ટે એવું ઠરાવેલ કે, જો આરોપીનું પોલીસ રૂબરૂનું સ્ટેટમેન્ટ બાકાત કરવામા આવે તો આરોપીને ખુનના ગુનામા દોષીત ઠરાવી શકાય તેવો કોઈ સંયોગીક પુરાવો સંપુર્ણ થતો નહોતો. જો કે હાલનો કેસ સાંયોગીક પુરાવા આધારીત કેસ નથી. જેથી ઉપરોકત ચુકાદો હાલના કેસને લાગુ પડશે નહી.

(૪૩) 2000 Cri.L.R.(S.C.)81, Mujeeb & Anr. Vs The State of Kerala ના ચુકાદાવાળો કેસ સાંયોગીક પુરાવા આધારીત હતો. જેમા ટેક્ષીના ડ્રાઈવરની હત્યા કરવામાં આવેલી . જે ચુકાદામા ના.સુપ્રીમ કોર્ટે એવું ઠરાવેલ કે, આરોપીએ ટેક્ષી ભાડે કરેલી તે પુરાવાર થતું નથી તથા ગળે ટુપો દેવાથી ડ્રાઈવરનું મૃત્યુ થયેલું. તે પુરવાર થતુ નથી. પણ વાહનની રીકવરી ફરીયાદપક્ષનો કેસ પુરવાર કરવા માટે પુરતી નથી. જેથી સજાનો હુકમ ટકવાપાત્ર નથી. જો કે હાલનો કેસ સાંયોગીક પુરાવા આધારીત કેસ નથી. જેથી ઉપરોકત ચુકાદો હાલના કેસને લાગુ પડશે નહી.

(૪૪) 1991 Cri. L.J. 1030 Mahendra Mandal & others Vs The State of Bihar ના કેસમા પટના હાઈકોર્ટે એવું ઠરાવેલ કે , આરોપીનું ડીસ્કવરી સ્ટેટમેન્ટ માત્ર આરોપી સામે જ વાપરી શકાય. જો કે હાલનો કેસ માત્ર ડીસ્કવરી સ્ટેટમેન્ટ આધારીત નથી. જેથી ચુકાદો લાગુ પડશે નહી.

(૪૫) 2005 S.C.C.(cri)-830, The State of Madhya Pradesh Vs Kriparam ના કેસમા સાક્ષી નં. ૧ તથા ૩ બનાવ નજરેજોનાર સાહેદો હતા. જે બંનેની જુબાનીમા વીસંગતતા આવતી હતી તથા ફરીયાદ મોડી નોંધાવી હતી અને તે અંગે કોઈ ખુલાસો કરવામા આવેલ નહી. જેથી સાક્ષી નં. ૧ થી ૩ ની જુબાની માનવાલાયક ગણાય નહી. તેવું ઠરાવી ના. સુપ્રીમ કોર્ટે એકવીટલનો નીર્ણય યથાવત રાખેલો. પરંતુ હાલના કેસમા આવી કોઈ હકીકત નહી હોવાથી ઉપરોકત ચુકાદો લાગુ પડશે નહી.

(૪૬) 1995 (2) G.L.H.-266, Bhagwanbhai Rupsinh Gor Vs The State of Gujarat નો ચુકાદો નારકોટીક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટન્સીસ એકટ ૧૯૮૫ ની કલમ ૧૭ તથા બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૬૬–એ ના ગુના સંદર્ભે હતો. જયારે હાલનો કેસ ઈ.પી.કોડની કલમ ૩૦૨ વીગેરેના ગુના સંબંધી છે. જેથી ચુકાદો લાગે પડશે નહી.

(૪૭) 1996(1) Crimes- 160 (H.C) - Ganesh Naik Vs The state ,નો ચુકાદો પણ નારકોટીક ડ્ગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટન્સીસ એકટના ગુના સંબંધી હતો. જયારે હાલનો કેસ ઈ.પી.કોડની કલમ ના ગુના સબબ હોઈ

હાના કેસને લાગુ પડશે નહી.

(૪૮) AIR-1954 S.C. 51- Habeeb Mohammad Vs The State of Hyderabad ના ચુકાદામા નામદાર સુપ્રીમ કોર્ટે એવું ઠરાવેલ કે, મહત્વના સાક્ષીઓ તપાસવા એ ફરીયાદપક્ષની જવાબદારી છે અને જો મહત્વના સાક્ષી તપાસવામા ના આવે તો ફરીયાદપક્ષની વીરુધ્ધમા અનુમાન કરી શકાય. જો કે હાલના કેસમા મહત્વના સાક્ષીઓને ફરીયાદપક્ષે તપાસેલ છે. જેથી ઉપરોકત ચુકાદો હાલના કેસને લાગુ પડશે નહી.

(૪૯) AIR 1975 S.C.-258- The state of Punjab Vs Bhajan singh and others ના કેસમાં ચુકાદો સાંયોગીક પુરાવા આધારીત કેસ સંદર્ભે હતો . જયારે હાલનો કેસ સાંયોગીક પુરાવા આધારીત કેસ નથી. જેથી ના.સુપ્રીમ કોર્ટે ઉપરોકત ઠરાવેલ સીધ્ધાંત હાલના કેસને લાગુ પડશે નહી.

(૫૦) 2003 Cri. L.J. 1572 - Rajeevan and another Vs The State of Kerala ના ચુકાદામા નામદાર સુપ્રીમ કોર્ટે ટ્રાયલ કોર્ટનો એકવીટલનો હુકય યોગ્ય હોવાનું ઠરાવેલ. જે કેસમા એફઆઈઆર બાર કલાક મોડી નોંધાવવામા આવેલી. જે બનાવમા બે રાજકીય પક્ષોના વ્યકિતઓ વચ્ચે તકરાર થયેલી. બનાવના સ્થળથી માત્ર ૧૦૦ મીટરના અંતરે જ પોલીસ સ્ટેશન આવેલ હતું . તેમજ બનાવના સ્થળે અડધો કલાકમા પોલીસ આવી ગયેલી. તેમજ બનાવ અંગેની ચોકકસ અને વિગતવાર માહીતી જનરલ ડાયરીમા પોલીસે નોંધેલી. જો કે આવી બધી હકીકતો હાલના કેસમા નહીં હોવાથી નામ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો હાલના કેસમા

લાગે પડશે નહી.

(૫૧) 2003- SAR (criminal) 300 Suresh Chaudhary etc. Vs The State of Bihar ના ચુકાદામા નામ.સુપ્રીમ કોર્ટે ટ્રાયલ કોર્ટનો સજાનો હુકમ રદ કરી આરોપીને છોડી મુકવાનો હુકમ કરતા એવો સીધ્ધાંત ઠરાવેલ કે બનાવ સ્થળથી સરકારી હોસ્પીટલ નજીકમા હોવા છતા ઈજાપામનાર/ભોગબનનારને ખાનગી ડોકટર પાસે લઈ જવામા આવેલ . જે બાબત તપાસ કરનાર એજન્સીની સત્યતા અંગે શંકા ઉભી કરે છે. તેમજ તપાસ કરનાર અધીકારીએ આવા ખાનગી ડોકટરને તપાસેલ નથી. તે બાબત ફરીયાદપક્ષના કેસ વીરુધ્ધ મજબુત શંકા ઉભી કરે છે. જો કે હાલના કેસમા આવી કોઈ હકીકત ના હોઈ નામ.સુપ્રીમકોર્ટનો ચુકાદો લાગુ પડશે નહી.

(૫૨) 1995 Cri. L.R. 434, Kashinath Babar Palkar Vs The State of Maharashtra ના કેસમા મહત્વના સાહેદોનો પુરાવો શંકાસ્પદ હતો, કોઈ સ્વતંત્ર સાક્ષીઓ તપાસવામા આવેલ નહી, બનાવવાળું સ્થળ શંકાસ્પદ હતું. જેથી મહારાષ્ટ્ર હાઈકોર્ટે શંકાનો લાભ આપી આરોપીને છોડી મુકેલ . જો કે હાલના કેસમા આવી કોઈ હકીકતો ના હોઈ ચુકાદો હાલના કેસમા લાગુ પડશે નહી.

(૫૩) AIR 1976-S.C.-2147, Ramasray Panday and others Vs The State of Bihar ના કેસમા ટ્રાયલ કોર્ટનો સજાનો હુકમ રદ કરી આરોપીઓને છોડી મુકવાનો હુકમ કરતા નામ.સુપ્રીમ કોર્ટે એવો સીધ્ધાંત ઠરાવેલ કે, બનાવ નજરે જોનાર સાક્ષી મહત્વની બાબતો અંગે ખોટું બોલતા હતા. જો કે હાલના

કેસમા બનાવ નજરે જોનાર સાક્ષીની જુબાની જોતા તેઓ ખોટું બોલેલ હોય તેવુ જણાતુ ના હોઈ ના.સુપ્રીમ કોર્ટનો ઉપરોકત ચુકાદો હાલના કેસને લાગુ પડશે નહી.

(૫૪) 1994-S.C.C.(cri.) 851- Rampal Pithva Rahidas and others Vs The State of Maharashtra, ના કેસમા ફરીયાદપક્ષે Approver (તાજનો સાક્ષી) તપાસવામા આવેલ. જેનો પુરાવો વિશ્વાસપાત્ર ન હતો, તાજના સાક્ષીનું બનાવના ત્રણ વર્ષ બાદ બનાવ અંગેની વધારાની વિગતો દર્શાવતું સ્ટેટમેન્ટ રેકર્ડ કરવામા આવેલ. જામીન આપતી વખતે સરકારી સાક્ષી (Approver) એ આપેલ નીવેદન વિશ્વાસપાત્ર નહોતું. તેવું ઠરાવતા નામદાર સુપ્રીમ કોર્ટે ટ્રાયલ કોર્ટનો સજાનો હુકમ રદ કરી આરોપીઓને છોડી મુકવાનો હુકમ કરેલ. જો કે હાલના કેસમા આવી કોઈ હકીકત ના હોય ઉપરોકત ચુકાદો હાલના કેસમા લાગુ પડશે નહી.

(૫૫) AIR 1979-S.C.-697- Panda Nana kare Vs The State of Maharashtra ના કેસમા બનાવ નજરે જોનાર સાહેદ અને આરોપી અગાઉથી એકબીજાને ઓળખતા હતા તથા બનાવ વખતે નજરે જોનાર સાહેદે આરોપીને નામથી બોલાવતા. આરોપીએ પાછળ જોયેલું. પરંતુ ત્યારબાદ તરત જ આરોપી ભાગવા લાગેલ. જો કે હાલના કેસમા આવી કોઈ હકીકતો ના હોઈ નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ સીધ્ધાંત હાલના કેસને લાગુ પડશે નહી.

**(૫૯)** આમ ઉપરોકત કેસમાં ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો, બંને પક્ષકારોની રજુઆતો તથા બંને પક્ષકારો તરફે રજુ થયેલ જુદા જુદા ચુકાદાઓની વિગતવાર ચર્ચા ધ્યાને લેતા મુદા નં. ૧ નો જવાબ હકારમાં, તથા મુદા

નં. ૨ નો જવાબ અંશતઃ હકારમાં, તથા મુદા નં. ૩ નો જવાબ અંશતઃ હકારમાં, તથા મુદા નં. ૪ નો જવાબ નકારમાં, તથા મુદા નં. ૫ નો જવાબ અંશતઃ હકારમાં તથા મુદા નં. ૬ નો જવાબ અંશતઃ હકારમાં આપતા, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં. (૨) ભરત લાધાભાઈ છાયાણી પટેલ,(૩) આરોપી નં. ૩ નરશીભાઈ ભાણાભાઈ મોણપરા, આરોપી નં. (૪) રાજેસ ઉર્ફે રાજ પરસોતમભાઈ દુધાત્રા, આરોપી નં. (૬) ધર્મેન્દ્ર ઉર્ફે ધમો મનજીભાઈ વૈશ્ણવ, આરોપી નં.(૭)કાનજી ઉર્ફે કાનો હીરજીભાઈ સોરઠીયા, આરોપી નં. (૧૦) જગદીશ રણછોડભાઈ ખુંટ, આરોપી નં.(૧૧) ભરત સવજી ભાઈ વેકરીયા, આરોપી નં. (૧૨) અજય ડાયાભાઈ રાદડીયા, આરોપી નં. (૧૩) જગદીશ લીંબાભાઈ ખુંટ, આરોપી નં. (૧૪) અમીત દિનેશભાઈ ચવાડીયા તથા આરોપી નં. (૧૫) વિજય કેશવભાઈ કયાડા નાઓ વિરુધ્ધ આંક–૨૪ થી ફરમાવવામાં આવેલ તહોમતનામા સંદર્ભેનો કોઈજ ગુનો ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. તેથી ઉપરોકત આરોપીઓને તહોમતનામા સંદર્ભેના કોઈજ ગુનામાં તકસીરવાર ઠરાવી શકાય તેમ નથી.

**(૬૦)** જયારે આરોપીઓ પૈકી આરોપી નં. ૫ હરેશ મકનભાઈ ચોથાણી તથા આરોપી નં. ૮ રામજી ઉર્ફે રામલો પ્રાગજીભાઈ મારકણા નાઓએ મરણજનાર વિક્રમસિંહને મારી નાંખવાના ઈરાદે એકબીજા સાથે ગુનાહિત કાવત્રુ રચી મરણજનાર વિક્રમસિંહનુ અપહરણ કરી જઈ મરણજનારને મારી નાંખવાના ઈરાદે તથા મરણજનારનુ મૃત્યુ નિપજશે તેવી જાણકારી સાથે મરણજનાર ઉપર ઘાતક હથિયારોથી

હુમલો કરી, જીવલેણ ઈજાઓ પહોંચાડી મરણજનાર વિક્રમસિંહનુ મૃત્યુ નિપજાવી ઈપીકો કલમ–૩૦૦ ની વ્યાખ્યા મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત તથા ઈપીકો કલમ–૧૪૬ ની વ્યાખ્યામાં જણાવ્યા મુજબનો હુલ્લડનો ગુનો કરી ઈપીકો કલમ–૧૪૭ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવાનુ તથા  પ્રાણઘાતક હથિયારથી સજજ થઈને હુલ્લડ કરેલ હોવાની હકીકત તથા હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોવાની હકીકત ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ હોય આરોપી નં. ૫  હરેશ મકનભાઈ ચોથાણી તથા આરોપી નં. ૮ રામજી ઉર્ફે રામલો પ્રાગજીભાઈ મારકણા નાઓને ઈપીકો કલમ–૧૨૦–બી સાથે વાંચતા ઈપીકો કલમ–૩૬૫, ૩૦૨, ૧૪૭, ૧૪૮  તથા બી.પી.એકટની કલમ–૧૩૫ ના ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવે છે. તથા આ તબકકે સજા અંગે રજુઆત કરવાની તક આપવામાં આવે છે.

આજ તા.૨૮**મી,** માહે–**માર્ચ,** સને–**૨૦૧૯** ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૨૮–૦૩–૨૦૧૯
સ્થળ  : ગોંડલ.

(જયેન્દ્રકુમાર નવનીતલાલ વ્યાસ )
ચોથા એડીશનલ સેશન્સ જજ,
ગોંડલ.
કોડ નં. જીજે.૦૦૫૩૦

## વ ધુ હુ ક મ

**(૬૧)** સજા અંગે આરોપીપક્ષને પોતાની રજુઆત કરવાની તક આપવામાં આપતા, આરોપીઓ તરફે વિ.ધા.શ્રી એમ.બી. સરદાર ની એવી રજુઆત કરેલ છે કે, કાયદા મુજબ યોગ્ય ન્યાયીક હુકમ કરવા વિનંતી.

**(૬૨)** સજાની જોગવાઈ જોતા ઈપીકો કલમ–૩૬૫ ના ગુનામાં મહતમ સાત વર્ષની બંનેમાંથી કોઈપણ પ્રકારની કેદ ની સજાની તથા દંડની જોગવાઈ છે. જયારે ઈ પીકો કલમ–૩૦૨ ની જોગવાઈ જોતા આ કલમ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો સાબીત થયેથી આરોપીને દેહાંત દંડ અથવા આજીવન કેદની સજા તથા દંડ કરવાની જોગવાઈ છે. અગાઉ અત્રેની કોર્ટે નોંધેલ છે તેમ આ કેસ રેરેસ્ટ ઓફ રેર કેસની કક્ષામાં પડતો ન હોય દેહાંત દંડ ની સજા અંગે વિચારણા હાથ ધરવાનો પ્રશ્ન રહેતો નથી. પરંતુ લઘુતમ એટલે કે આજીવન કેદથી ઓછી સજા કરવાની કોઈ જોગવાઈ નથી. તે સંજોગોમાં ઉપરોકત ગુનાઓ સાથે ગુનાહિત કાવત્રુ રચવાના ગુના સહિતની કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા સજા અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## આ ખ રી હુ ક મ.

(૧) આ કામના આરોપી નં. ૫ હરેશ મકનભાઈ ચોથાણી, રહેવાસી– મું.ગોંડલ તથા આરોપી નં.૮ રામજી ઉર્ફે રામલો પ્રાગજીભાઈ મારકણા,રહે.મુ.ઈશ્વરીયા, તા. જસદણ વાળાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫ (૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦–બી સાથે વાંચતા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવી સાત વર્ષની સખત કેદની સજા તથા રૂા. ૨,૦૦૦/– અંકે રૂા. બે હજાર પુરાનો દંડ ફરમાવવામાં આવે છે, જો દંડ ન ભરે તો વધુ છ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી નં. ૫ હરેશ મકનભાઈ ચોથાણી, રહેવાસી– મું. ગોંડલ તથા આરોપી નં.૮ રામજી ઉર્ફે રામલો પ્રાગજીભાઈ મારકણા,રહે.મુ.ઈશ્વરીયા, તા. જસદણ વાળાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫ (૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦–બી સાથે વાંચતા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવી આજીવન કેદની (જીવન પર્યંત) સજા ભોગવવાનો તથા રૂા. ૫૦૦૦/– અંકે રૂા. પાંચ હજાર નો દંડ ફરમાવવામાં આવે છે.

(૩) આ કામના આરોપી નં. ૫ હરેશ મકનભાઈ ચોથાણી, રહેવાસી– મું.ગોંડલ તથા આરોપી નં.૮ રામજી ઉર્ફે રામલો પ્રાગજીભાઈ મારકણા,રહે.મુ.ઈશ્વરીયા, તા. જસદણ વાળાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫ (૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૭ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવી એક વર્ષ ની સાદી કેદની સજા ભોગવવાનો તથા રૂા.૧,૦૦૦/– અંકે રૂા.એક હજાર પુરાનો દંડ ફરમાવવામાં આવે છે, જો દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપી નં. ૫ હરેશ મકનભાઈ ચોથાણી, રહેવાસી– મું.ગોંડલ તથા આરોપી નં.૮ રામજી ઉર્ફે રામલો પ્રાગજીભાઈ મારકણા,રહે.મુ.ઈશ્વરીયા, તા. જસદણ વાળાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫ (૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવી એક વર્ષની સખત કેદની સજા ભોગવવાનો તથા રૂા. ૧,૦૦૦/–અંકે રૂા. એક હજાર પુરાનો દંડ ફરમાવવામાં આવે છે, જો દંડ ન ભરે તો વધુ એક માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામના આરોપી નં. ૫ હરેશ મકનભાઈ ચોથાણી, રહેવાસી– મું.ગોંડલ તથા આરોપી નં.૮ રામજી ઉર્ફે રામલો પ્રાગજીભાઈ મારકણા,રહે.મુ.ઈશ્વરીયા, તા. જસદણ વાળાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે બી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષા પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવી છ માસની સાદી કેદની સજા ભોગવવાનો તથા રૂા. ૫૦૦/– અંકે રૂા. પાંચસો પુરાનો દંડ ફરમાવવામાં આવે છે, જો દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) જયારે આરોપી નં. ૫ હરેશ મકનભાઈ ચોથાણી, રહેવાસી– મું.ગોંડલ તથા આરોપી નં.૮ રામજી ઉર્ફે રામલો પ્રાગજીભાઈ મારકણા,રહે.મુ.ઈશ્વરીયા, તા. જસદણ વાળાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૧૦૯,૧૪૩ તથા ૧૪૯ ના ગુનામાં શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) આ કામના આરોપી નં. ૫ હરેશ મકનભાઈ ચોથાણી, રહેવાસી– મું.ગોંડલ તથા આરોપી નં.૮ રામજી ઉર્ફે રામલો પ્રાગજીભાઈ મારકણા,રહે.મુ.ઈશ્વરીયા, તા. જસદણ વાળાઓને જે જુદા જુદા ગુનાઓ હેઠળ ફરમાવવામાં આવેલ કેદની સજા એક સાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૮) જયારે આ કામના બાકીના આરોપીઓ એટલે કેઆરોપી નં.(૨)ભરત લાધાભાઈ છાયાણીપટેલ,(૩) આરોપી નં. ૩ નરશીભાઈ ભાણાભાઈ મોણપરા, આરોપી નં.(૪)રાજેસ ઉર્ફે રાજ પરસોતમભાઈ દુધાત્રા, આરોપી નં. (૬) ધર્મેન્દ્ર ઉર્ફે ધમો મનજીભાઈ વૈશ્ણવ, આરોપી નં.(૭) કાનજી ઉર્ફે કાનો હીરજીભાઈ સોરઠીયા, આરોપી નં. (૧૦) જગદીશ રણછોડભાઈ ખુંટ, આરોપી નં.(૧૧) ભરત સવજી ભાઈ વેકરીયા, આરોપી નં. (૧૨)અજય ડાયાભાઈ રાદડીયા, આરોપી નં.(૧૩) જગદીશ લીંબાભાઈ ખુંટ, આરોપી નં. (૧૪) અમીત દિનેશભાઈ ચવાડીયા તથા આરોપી નં. (૧૫) વિજય કેશવભાઈ કયાડા નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧)અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૦૯,૧૨૦–બી,૩૦૨,૩૨૪,૩૬૫,૧૪૩,૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા બી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

જયારે આરોપી નં. (૯) કાનજી ઉફે કાનો પોપટભાઈ વેકરીયા ચાલતા કામે, તથા આરોપી નં. (૧) લાલજી ધનજીભાઈ સીધ્પરા જજમેન્ટ જાહેર કરવામાં આવે તે પહેલા ગુજરી ગયેલ હોવાનુ જાહેર કરવામાં આવતા તેમની સામેનો કેસ એબેટ કરેલ છે.

(૯) આ કામે નિર્દોષ ઠરાવવામાં આવેલ આરોપી નં. ૨,૩,૪,૬,૭,૧૦,૧૧,૧૨, ૧૩,૧૪ તથા૧૫ના પ્રત્યેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭ (એ) પ્રમાણે આ હુકમ સામે અપીલ અદાલતમાં અપીલ થાય તો હાજર રહેવા અંગે રૂા.૫૦૦૦/– (અંકે રૂા. પાંચ હજાર પુરા)ના જામીન તથા જાત મુચરકા રજુ કરવા.

(૧૦) આરોપી નં. ૫ તથા આરોપી નં. ૮ ને દોષિત ઠરાવેલ હોઈ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૩ અન્વયે સદર હુકમની સહી સિકકાવાળી એક નકલ તેઓને વિના મુલ્યે પુરી પાડવી.

(૧૧) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૫ અન્વયે સદર હુકમની સહી સિકકા વાળી એક નકલ કલેકટરશ્રી, રાજકોટ ને મોકલવી.

(૧૨) સદર કામે કબજે કરેલ મુદામાલ પાવતી નં. ૭૮/૦૩ વાળી કાર નં. **GBG-4141**, મુદામાલ પાવતી નં. ૮૪/૦૩ વાળી ઈન્ડીકા કાર નં. **GJ-3DD-3464**, તથા મુદામાલ પાવતી નં.૮૮/૦૩ વાળી સફેદ કલરની યુટીલીટી નં. **GJ-3Y-6676**, મુદામાલ પાવતી નં.૯૦/૦૩ વાળુ ડીઝલ બુલેટ મોટર સાયકલ નં. **GJ-3R-7676**, મુદામાલ પાવતી નં.૯૧/૦૩ વાળી બ્લુ કલરની મારુતી ઝેન કાર નં. **GJ-1PP-3778**, અગાઉ જે તે અરજદારોને વચગાળાની કસ્ટડીએ પરત સોંપવામાં આવેલ હોય તો તે હુકમ અપીલ કોર્ટના હુકમને આધીન આથી કાયમ કરવામાં આવે છે.

તે સિવાય બાકીના તમામ નોન વેલ્યુએબલ મુદામાલનો, અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તા.૨૮**મી,** માહે–**માર્ચ,** સને–**૨૦૧૯** ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૨૮–૦૩–૨૦૧૯
સ્થળ : ગોંડલ.

(જયેન્દ્રકુમાર નવનીતલાલ વ્યાસ )
ચોથા એડીશનલ સેશન્સ જજ,
ગોંડલ.
કોડ નં. જીજે.૦૦૫૩૦